




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૯-૮-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૫૧

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# નેપાળ જળપ્રલયની પાંચ મહિના અગાઉ અપાય હતી ચેતવણી

## નેપાળ જળપ્રલયમાં મૃત્યુઆંક ૬૨૬ એ પહોંચ્યોઃ હિન્દુકુશ હિમાલય ક્ષેત્રમાં ગ્લેશિયર પીગળવાનો દર વર્ષ ૨૦૦૦ પછી બમણો થયો; ૩ દાયકામાં ૧૨ ટકા બરફ વિસ્તાર ઘટ્યો

## નદીમાં કાટમાળથી અસ્થાયી ડેમ બનતાં ૨.૫ મિલિયન ક્યુબિક મીટર પાણી ભરાયુંઃ ફરી ફ્લેશ ફ્લડ ત્રાટકવાની ભીતિ

**અબતક, નવી દિલ્હી**

નેપાળ અને તિબેટ સરહદી વિસ્તારમાં ગ્લેશિયર તૂટી પડવાના કારણે આવેલા ભીષણ પૂર અને કાટમાળના પ્રકોપથી સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે અને લગભગ ૧,૦૦૦થી વધુ લોકો લાપતા બન્યા છે. આ કુદરતી હોનારત અચાનક સર્જાઈ હોવાનું જણાતું હોવા છતાં, 'ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ' દ્વારા માર્ચ ૨૦૨૬માં જાહેર કરાયેલા બે મહત્વપૂર્ણ અહેવાલોમાં આ પ્રકારના વિનાશક ફ્લેશ ફ્લડ અંગે મહિનાઓ અગાઉ સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી.

આઈસીમોડના ક્રાયોસ્ફિયર નિષ્ણાત મોહમ્મદ ફારૂક આઝમના જણાવ્યા અનુસાર, ગ્લેશિયરની નીચે રહેલા ખડકો પોતાની જગ્યા પરથી અલગ થઈ જતાં બરફ અને વિશાળ પથ્થરોનો હિમપ્રપાત ખીણમાં ધસી આવ્યો હતો. આ પ્રચંડ કાટમાળે માર્ગમાં આવતી માનવ વસ્તી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તહસનહસ કરી નાખ્યું હતું.

અહેવાલના ગ્લેશિયર મોનિટરિંગ રિપોર્ટ મુજબ હિન્દુકુશ હિમાલય વિસ્તારમાં ૧૯૭૫ પછી ગ્લેશિયરની બરફની જાડાઈ ૨૭ મીટર સુધી ઘટી



ગઈ છે.વર્ષ ૧૯૯૦થી ૨૦૨૦ વચ્ચે ગ્લેશિયર્સે પોતાના કુલ વિસ્તારનો આશરે ૧૨ ટકા અને બરફના અનામત જથ્થાનો ૯ ટકા ભાગ ગુમાવી દીધો છે.વર્ષ ૨૦૦૦ પછી બરફ પીગળવાની ગતિ બમણી થઈ ગઈ છે.૦.૫ ચોરસ કિમીથી નાના ગ્લેશિયર્સ સૌથી ઝડપથી પીગળી રહ્યા છે, જે સમગ્ર વિસ્તારના ગ્લેશિયર્સમાં ત્રણ-ચતુર્થાંશ (૭૫%) હિસ્સો ધરાવે છે.પૂર્વીય હેંગડુઆન શાન પર્વતમાળામાં કેટલાક વિસ્તારોમાં ગ્લેશિયર વિસ્તારમાં ૩૩ ટકા જેટલો જંગી ઘટાડો નોંધાયો છે.

ધ્રુવીય પ્રદેશો બહાર હિન્દુકુશ હિમાલય સૌથી વધુ બરફ ધરાવતો વિસ્તાર છે, જ્યાં ૫૫,૭૮૨ ચોરસ કિમીમાં ૬૩,૭૦૦થી વધુ ગ્લેશિયર્સ આવેલા છે. આ ગ્લેશિયર્સ એશિયાની મુખ્ય ૧૦ નદીઓને પાણી પૂરું પાડે છે, જેના પર અબજો લોકોનો ખોરાક, પાણી અને ઊર્જા નિર્ભર છે. ૭૪ ટકાથી વધુ ગ્લેશિયર્સ સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીના બેસિનમાં કેન્દ્રિત હોવાથી લાંબા ગાળે જળ

(અનુ. આઠમા પાને)

### અસ્થાયી ડેમ ઓવરફ્લો થતાં ફરી પૂરનો ખતરો

ભોટેકોશી નદીના વહેણમાં હિમપ્રપાતના કાટમાળને કારણે એક કુદરતી/અસ્થાયી સરોવર રચાઈ ગયું છે, જેમાં ૨.૫ મિલિયન ક્યુબિક મીટરથી વધુ પાણી જમા થયું છે. આ સરોવર ઓવરફ્લો થવા લાગતાં ખીણ વિસ્તારમાં 'સેકન્ડરી ફ્લેશ ફ્લડ' ત્રાટકવાની આશંકાએ નેપાળ અને ચીની બચાવ ટીમોએ કામગીરી અટકાવી નીચાણવાળા વિસ્તારો ખાલી કરાવ્યા છે.

# વધુ પડતું મીઠું, ખાંડ અને ફેટ ધરાવતા જંક ફૂડના પેકેટ ઉપર હવે વોર્નિંગ લેબલ લગાવવું પડશે

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સૂચના આપ્યા બાદ એફએસએસએઆઈનો કડક નિર્ણય શરીર માટે નુકસાનકારક ફૂડની ઓળખ સરળતાથી થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ

**અબતક, નવી દિલ્હી**

લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) એ એક મોટો નિર્ણય લીધો છે. જંક ફૂડમાં રહેલા વધુ પડતા મીઠું, ખાંડ અને ચરબી (ફેટ) વિશે ગ્રાહકોને સાવચેત કરવા માટે હવે ફૂડ પેકેજના આગળના ભાગમાં લાલ રંગના હેક્ઝાગોનલ (ષટ્કોણ) વોર્નિંગ લેબલ લગાવવામાં આવશે. એફએસએસએઆઈએ શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં આ અંગે પોતાની સંમતિ દર્શાવી છે. ૧૩ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા ફ્રન્ટ-ઓફ-પેક લેબલિંગ (એફઓપીએલ) અંગે અપાયેલા આદેશના જવાબમાં એફિડેવિટ ફાઈલ કરીને આ માહિતી આપવામાં આવી છે.

આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે જ્યારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મુદ્દે કડક સૂચના આપતા કહ્યું હતું કે જો સરકાર પોતાની જાતે આ દિશામાં પગલાં લેશે તો સારું છે, અન્યથા કોર્ટ આગળના નિર્દેશો પસાર કરશે. આ નવા ફ્રેમવર્ક હેઠળ, નિર્ધારિત માત્રા કરતાં વધુ પોષક તત્વો ધરાવતા ઉત્પાદનો પર ''હાઈ ફેટ'', ''હાઈ સોલ્ટ'', અથવા ''હાઈ સુગર'' લખેલા લાલ હેક્ઝાગોનલ વોર્નિંગ લેબલ અગ્રણી રીતે દર્શાવવામાં આવશે. આનાથી ગ્રાહકો ખરીદી

(અનુ. આઠમા પાને)

પાકિસ્તાનના કાંકરીચાળા

# એલઓસી નજીક પાકિસ્તાની ડ્રોન દેખાતા સુરક્ષા દળો હાઈ એલર્ટ પર

## સરહદે પાકિસ્તાનની નાપાક હરકતઃ પૂંછના બાલાકોટમાં ઘૂસ્યું ડ્રોન હથિયાર કે નશાનો સામાન ફેંકાયાની આશંકાએ સેનાનું સર્ચ ઓપરેશન

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પાકિસ્તાન દ્વારા ફરી એકવાર ડ્રોન મોકલીને નાપાક હરકત કરવામાં આવી છે. પૂંછ જિલ્લાના મેંઢર સેક્ટર હેઠળ આવતા બાલાકોટના બેહરૂતી ગામ નજીક આકાશમાં એક પાકિસ્તાની ડ્રોન શંકાસ્પદ રીતે મંડરાતું જોવા મળ્યું હતું. ભારતીય સેનાના જવાનોની નજર પડતાં જ સમગ્ર સરહદી પટ્ટામાં તકેદારી વધારી દેવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડ્રોન ભારતીય સીમામાં ઘૂસ્યા બાદ મંગલનાર-ડબરોટ વિસ્તાર તરફ આગળ વધ્યું હતું અને થોડીવાર બાદ ફરી પાકિસ્તાન તરફ રવાના થઈ ગયું હતું. ઘટનાને પગલે સેના અને સુરક્ષા દળોએ સમગ્ર ફોરવર્ડ સેક્ટરને હાઈ એલર્ટ પર મૂકી દીધું છે અને એરિયલ તેમજ ગ્રાઉન્ડ સર્વેલન્સ સઘન બનાવી દીધું છે.

સરહદ પારથી ડ્રોન મારફતે આતંકીઓ માટે હથિયાર, વિસ્ફોટકો કે નશીલા દ્રવ્યો (ડ્રગ્સ) ફેંકવામાં આવ્યા હોવાની આશંકાને ધ્યાને રાખીને સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી મોટા પાયે કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું છે. આ સિવાય સરહદી વિસ્તારોમાં જંગલ અને અવાવરૂ જગ્યાઓ પર પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવી તપાસ તેજ કરવામાં આવી છે.









# શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ-ઉપલેટાના મહંત શ્રી લાલ બાપુનું સફળ ઓપરેશન

## રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદ ખાતે શ્રી લાલબાપુનું પ્રોસ્ટેટનું ઓપરેશન સફળતાપૂર્વક થયુ, હાલ બાપુની તબીયત ખુબ જ સારી

ડો. અમીત ત્રિવેદી (યુરોલોજી સર્જન) તથા ડો. અપૂર્વ વ્યાસ (ઓબેસિટી સર્જન) અને તેની ટીમ દ્વારા ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યુ.



ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિડીયો કોલથી બાપુના તબિયતનાં સમાચાર જાણ્યા. તેમજ શ્રી બાપુની તબિયતના ખબર અંતર પુછવા માટે ગુજરાતભરનાં મહાનુભાવો પધાર્યા હતા જેવા કે, ગુજરાતનાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પરષોતમ ભાઈ રૂપાલા, લોકસભા મેમ્બર પુનમબેન માડમ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા તથા શ્રી શકિતસિંહ ગોહિલ, તથા GTPL ના માલીકો શ્રી અનિરૂધ્ધ સિંહ જાડેજા, શ્રી કનકસિંહ રાણા, શ્રી રાજભા જેઠવા તથા શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ (મહામંત્રી- ગુજરાત પ્રદેશ, ભાજપ), તૃપ્તિબા રાઓલ (કન્વીનર સંકલન સમિતી) તથા ક્ષત્રિય સમાજનાં તમામ અગ્રણીઓ અને તમામ હોદેદારશ્રીઓ દ્વારા બાપુની તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા. શ્રી જયરાજસિંહ પરમાર (પ્રવકતા - ગુજરાત પ્રદેશ, ભાજપ) તથા શ્રી કિશોરસિંહ ઝાલા (ઉદ્યોગપતિ) આ બન્ને મહાનુભાવોની બાપુની માંદગી દરમ્યાન સતત સેવા મળતી રહી. તેમજ રાજયનાં પોલીસ વડા શ્રી અનુપમસિંહ ગેહલોત પણ હાજર રહયા હતા.



શ્રી નરેશભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ - ધારાસભ્ય શ્રી દસ્ક્રોઈ તથા દરેક પાટીદાર અગ્રગણ્ય આગેવાનો દ્વારા શ્રી લાલબાપુની તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.

પદ્મશ્રી ડો. જયંતભાઈ વ્યાસ (વાઈસ ચાન્સેલર, NSFU), પદ્મશ્રી ભીખુદાન ગઢવી તથા ઈશુદાનભાઈ ગઢવી પણ રૂબરૂ આવી બાપુના તબિયતનાં સમાચાર પુછયા હતા.



ભાગવત કથાકાર પુજય શ્રી જીજ્ઞેશ દાદાએ રૂબરૂ મુલાકાત કરી તેમજ શ્રી રામ કથાકાર પૂજય મોરારી બાપુ દ્વારા વિડીયો કોલથી તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા તથા અનેક કથાકારો દ્વારા બાપુના સ્વાસ્થ્ય માટે પ્રાથના કરવામાં આવી તેમજ તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.

સાળંગપુર કષ્ટભંજન હનુમાન મંદિરના પુજય હરિપ્રકાશ સ્વામી શ્રી અને વિવેક સ્વામી શ્રી, પંચનાથ મહાદેવ મંદિર, ધોરાજીના મહંત શ્રી શ્રધ્ધાનંદજી બાપુ, દંડીસ્વામી આશ્રમ, ડાકોરના મહંત શ્રી વિજયદાસ બાપુ ઉપરાંત ગુજરાતભરનાં સંતો અને મહંતશ્રીઓ દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુની તબિયત માટે ચિંતા વ્યકત કરાઈ અને તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી.

ગુજરાતનાં નામાંકિત કલાકારો દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુનાં સારા સ્વાસ્થય માટે પ્રાર્થના કરવામાં આવી.

ઉપરાંત બાપુનાં અસંખ્ય સેવકો અને ભકતો દ્વારા તેમના સ્વાસ્થ્ય માટે ઉપવાસ, યજ્ઞો અને પ્રાર્થના કરવામાં આવી હતી.



**ડો. અપૂર્વ વ્યાસ**
ગુજરાત ના પ્રથમ અને એકમાત્ર રોબોટિક ઓબેસિટી સર્જન

શનિવાર, તા.૨૯/૮/૨૬નાં રોજ બાપુને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. ત્યાર બાદ બાપુ સેવક રાજુભાઇ ગજેરાનાં નિવાસ સ્થાને થોડા સમય માટે રોકાશે.

**પુજય સંત શ્રી લાલબાપુનાં આશિર્વાદથી રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદમાં જરૂરીયાતમંદ દર્દીઓને ઓપરેશન ખર્ચમાં ખાસ રાહત આપવામાં આવશે**

સૌજન્ય :

RADIANCE HOSPITALS TRANSFORMING LIVES | ANSH Obecure Solutions for obesity

ત્રીજો અને ચોથો માળ, કેપીટલ-૨, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : ૭૦૪૩૨ ૧૧૧૧૮, ૯૯૯૮૭ ૩૩૩૮૭ (એપોઇન્ટમેન્ટ લેવી ફરજીયાત છે)**




# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

રિયાલ્ટી બિઝનેસના જાતક એવમ શેર બજાર, કોમોડિટી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી સંભાવના. હેવી મશીનરીઝ એવમ ધાતુ ઉદ્યોગ સમેત અન્ય મોટા ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ધંધા-વ્યવસાયને લઈને આ સપ્તાહ દરમિયાન અનેક નવી તક મળવાની પૂર્ણ સંભાવના. આ સિવાયના અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક રહેવાની સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ વ્યસ્ત નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૪ તથા ૫ સપ્ટેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય ન્યાયિક માર્ગ)

### વૃષભ — બ,વ,ઉ

સર્વિસ બિઝનેસ, ફાઈનાન્સ એજન્સી એવમ રિટેલર માટે આ સપ્તાહ બહુ લાભદાયક રહે તેવી સંભાવના. ધંધા-વ્યવસાયમાં આકસ્મિક ધનલાભ થવાની શક્યતા, જે આર્થિક સ્થિતિમાં સુધારો લાવશે એવમ લાંબા સમયથી અટકેલા નાણાકીય કાર્યોમાં ગતિ લાવશે. દરેક પ્રકારના, દરેક કદના ઔદ્યોગિક એકમ તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સંઘર્ષવાળું એવમ થોડું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના, સાથે બદલી કે સ્થાનાંતર થવાના પણ પ્રબળ સંયોગો જણાશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ તેમજ પરસ્પર સાથ-સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧ સપ્ટેમ્બર મધ્યમ રહેશે.

### મિથુન — ક,છ,ઘ

હેવી હજુ મશીનરીઝ ધરાવતા તથા વિદ્યુત સંબંધિત મોટા ઔદ્યોગિક એકમના જાતક તેમજ તેનાં વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઈનઓર્ગેનિક કેમિકલ તેમજ ફાર્મા-કેમિકલ તથા ફાર્માસ્યુટિકલ એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડવાળું નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના (છૂટક, ફેરી) વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૩૧ ઓગસ્ટ અને ૩ સપ્ટેમ્બર મધ્યમ નીવડશે.

### કર્ક — ડ,હ

અધૂરા રહેલા પ્રોજેક્ટ્સમાં ગતિ આવશે. ખાનગી સિક્યુરિટી એજન્સીના જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે તેવી પૂર્ણ સંભાવના. લો એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારી તથા કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત નીવડશે, સાથોસાથ હળવું લાભકારી પણ જણાશે. તમામ કદના અને તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે, સાથે અનેક નવી તકવાળું રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું-હળવું લાભકારક નીવડશે. પરિવાર તરફથી સહકાર તેમજ આર્થિક લાભ મળે તેવી શક્યતા. નિવૃત્ત, ગૃહિણી, વર્કિંગ વુમન તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. કેવળ ૩ સપ્ટેમ્બર મધ્યમ જણાશે.

### સિંહ — મ,ટ

લાંબા ગાળાના રોકાણ માટે આ સપ્તાહ લાભદાયક સાબિત થશે. નાના-નાના ઉદ્યોગ-ધંધાના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય તમામ નાના-મોટા ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી નીવડશે. નાના તથા છૂટક તેમજ પરિશ્રમી ધંધા-વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. સરકારી શૈક્ષણિક એકમના જાતક તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાના જાતક માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. કુટુંબથી સાથ-સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ થોડું-થોડું લાભદાયી નીવડશે. ૪ સપ્ટેમ્બર સામાન્ય રહેશે.

### કન્યા — પ,ઠ,ણ

પૃથ્વી તત્વ સંબંધિત કોઈપણ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક તથા ફૂડ ઈન્ડસ્ટ્રીઝના જાતક તથા રેસ્ટોરાં જેવા એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે તેવી પૂરી શક્યતા. રેડીમેડ ગાર્મેન્ટના નાના ઔદ્યોગિક એકમના જાતક તેમજ નાના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ ચડાવ-ઉતારવાળું પરંતુ લાભદાયક નીવડશે. રિટેલર્સ માટે આ સપ્તાહ બહુ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૩ સપ્ટેમ્બર મધ્યમ નીવડશે.

### તુલા — ર,ત

વર્ષોથી વણસી ગયેલા નજીકના સંબંધમાં સુમેળ આવે તેવી પૂર્ણ સંભાવના અને સંયોગ પણ છે. નવા વાહન જેવા કે બાઈક તથા કારની ખરીદી કરવા માટે આ સપ્તાહ યોગ્ય રહેશે. વાત એવમ પિત્તની મિશ્ર પ્રકૃતિવાળા જાતકે આરોગ્યની હળવી કાળજી રાખવી. રેસ્ટોરાં, હોટલ તથા ટ્રાવેલ એજન્સીના જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ કદના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ મધ્યમ અથવા સાવ સરેરાશ નીવડશે. ૧ સપ્ટેમ્બર સામાન્ય નીવડશે.

### વૃશ્ચિક — ન,ય

બેંકિંગ એકમના જાતક માટે તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ જણાશે. પ્રિન્ટિંગ, ઓફસેટ, ગ્રાફિક્સ પ્રિન્ટિંગ્સ એકમના જાતક એવમ સ્ટેશનરી સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા મધ્યમ નીવડે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહ દરમિયાન સગા-સંબંધી સાથે હળવો વિવાદ થઈ શકે તેવી સંભાવના. નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૪ સપ્ટેમ્બર સામાન્ય રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

પશુપાલન એકમના જાતક તથા ડેરી અને દૂધની વિવિધ ઉત્પાદન એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આયુર્વેદિક-હર્બલ ઔષધિ, હર્બલ પ્રોડક્ટના ઉત્પાદક તેમજ વિક્રેતા જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા અર્ધ-પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ગ્રેઈન ગ્રોસરી એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય તેવી પૂર્ણ સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨ સપ્ટેમ્બર સાવ સાધારણ જણાશે.

### મકર — ખ,જ

આ સપ્તાહે ગોથે ચડી ગયેલા ધંધાના કામકાજને યોગ્ય દિશા સાથે વેગ મળવાની પૂરી શક્યતા. કુટિર ઉદ્યોગ એવમ નાના ઔદ્યોગિક એકમવાળા જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. કૃષિ, બાગાયતી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક તથા દેશ-વિદેશ વ્યાપાર, વ્યવસાય સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય નીવડશે. કઠોર પરિશ્રમવાળા ધંધા-વ્યાપાર માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. ૩૦ ઓગસ્ટ સામાન્ય રહેશે.

### કુંભ — ગ,શ,ષ

વાયુ તત્વ સંબંધિત ઉત્પાદન ઔદ્યોગિક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે તેવી પૂરી શક્યતા. આ સિવાયના અન્ય તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું કે અર્ધ-પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. જથ્થાબંધ અને મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. છૂટક તથા નાના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ હળવું-હળવું લાભકારી નીવડશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ હળવું-હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. મેડિકલ-ફાર્મસી ક્ષેત્રના વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તેમજ મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧ સપ્ટેમ્બર સાવ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

જાહેર ક્ષેત્ર તેમજ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ તથા સેલિબ્રિટી માટે આ સપ્તાહ પણ પ્રતિકૂળ નીવડશે. ફેશન સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક એવમ તેને સંબંધિત વ્યાપારિક એકમના જાતક તથા જાહેરાત સંબંધિત વિવિધ માધ્યમની એજન્સીના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના અન્ય ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહે અનેક અણધારી સમસ્યા આવવાની સંભાવના છે, જ્યારે વ્યાપાર, સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર તરફથી સાથ-સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨ તથા ૪ સપ્ટેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

## પહેલા સંયુક્ત કુટુંબ, આજે સંયુક્ત ફેમિલી ગ્રુપ ફક્ત વોટ્સએપ પર !

# સંયુક્ત કુટુંબની છાંયડીમાંથી 'માય સ્પેસ'ની ચાર દીવાલો સુધીની સફર

**પરિવાર એટલે જયા હું શ્વાસ લઉં છું, ત્યાં અસ્તિત્વના પ્રત્યેક કણ અને જીવનની હાજરી હોય તે મારો પરિવાર: બાળકના જન્મથી જ તેનું કુટુંબ શરૂ થાય લોહીના સંબંધોથી જોડાયેલા લોકોનો સમુહ જે સમાજ વ્યવસ્થાની મજબૂત કડી ગણાય**

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના કુટુંબોની સામાજિક વાસ્તવિકતા એવી બની રહી છે કે ઘર તો આધુનિક બન્યાં, પરંતુ ઘરના સંબંધો સંકોચાતા ગયા છે. એક જ છત નીચે રહેતા સભ્યો પાસે એકબીજા માટે સમય નથી, જ્યારે દૂર બેઠેલા લોકો સાથે કલાકો સુધી મોબાઈલ પર વાત થાય છે. આર્થિક સ્વતંત્રતા, નોકરી-વ્યવસાયની દોડ, વધતી વ્યક્તિગત અપેક્ષાઓ, 'મારી જિંદગી, મારી મરજી'ની માનસિકતા અને પેઢીઓ વચ્ચે વધતું અંતર સંયુક્ત કુટુંબને ધીમે ધીમે વિભક્ત કરી રહ્યું છે. તહેવારોની ઉજવણી હવે પરિવારના આંગણામાં ઓછું અને સોશિયલ મીડિયાની પોસ્ટમાં વધુ દેખાય છે; સુખ-દુઃખમાં સાથે ઊભા રહેવાની જગ્યાએ 'લાઈક' અને 'કોમેન્ટ'થી લાગણી વ્યક્ત થવા લાગી છે. કટાક્ષ એટલો જ કે પહેલાં ઘરમાં માણસો વધારે અને સુવિધાઓ ઓછી હતી, છતાં દિલો વચ્ચે અંતર નહોતું, આજે સુવિધાઓ બધી છે, પણ એકબીજા માટે સમય અને લાગણીની જગ્યા ઓછી પડી રહી છે.

પહેલા કુટુંબમાં એક જ છત, આજે એક જ છત નીચે અલગ અલગ દુનિયા જોવા મળે છે. સમાજ વ્યવસ્થાનો પાયો જો કોઈ હોય તો તે પરિવાર છે. વ્યક્તિનો જન્મ પરિવારમાં થાય છે, તેનું ઘડતર પરિવારમાં થાય છે અને તેના સંસ્કારોનું સિંચન પણ પરિવાર જ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં તો પરિવારને માત્ર રહેવાની વ્યવસ્થા નહીં, પરંતુ એક સંસ્કાર-પાઠશાળા તરીકે જોવામાં આવ્યો છે. જ્યાં સુધી પરિવાર મજબૂત છે, ત્યાં સુધી સમાજ મજબૂત છે, અને સમાજ મજબૂત હશે તો જ રાષ્ટ્ર મજબૂત બનશે.

આપણે ત્યાં મુખ્યત્વે બે પ્રકારની કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે - સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ. સંયુક્ત કુટુંબ એટલે દાદા-દાદી, માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-બહેન સૌ સાથે એક છત નીચે, એક ચૂલે રસોઈ અને એક જ આંગણામાં જીવન. જ્યારે વિભક્ત કુટુંબ એટલે પતિ-પત્ની અને તેમના બાળકો પૂરતું નાનું કુટુંબ. બંને વ્યવસ્થાના પોતાના ફાયદા-ગેરફાયદા છે, પરંતુ સંયુક્ત કુટુંબે ભારતીય સમાજને સદીઓ સુધી ટકાવી રાખ્યો છે.

બાળકનો સર્વાંગી વિકાસ પરિવારમાં જ શક્ય બને છે. માતાનો પ્રેમ, પિતાની શિસ્ત, દાદા-દાદીની વાર્તાઓ અને ભાઈ-બહેનનો સાથ - આ બધું મળીને બાળકમાં સંસ્કાર, સહનશીલતા અને સામાજિકતાનું નિર્માણ કરે છે. સંયુક્ત કુટુંબમાં બાળક ક્યારેય એકલું પડતું નથી. તેને પ્રેમ, હૂંફ અને સુરક્ષાની લાગણી સતત મળતી રહે છે. આજના મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં બાળકને સંસ્કાર આપવાનું કામ માત્ર શાળા નથી કરી શકતી, તે કામ પરિવાર જ કરી શકે છે. પરિવારની સાચી ઓળખાણ એટલે પ્રેમ, લાગણી અને એકબીજાને મદદ કરવાની ભાવના. એકની તકલીફ સૌની તકલીફ અને એકની ખુશી સૌની ખુશી, આ ભાવના જ કુટુંબને જોડી રાખે છે.

**સમાજ વ્યવસ્થાની મજબૂત કડી એટલે પરિવાર: જન્મથી મૃત્યુ સુધીનું અતુટ બંધન: તમે જયાં જન્મ્યા તે કુંટુંબ, તે તમારી આજુબાજુના લોકો જેની સાથે વર્તન વ્યવહારમાં જોડાયા છે, પ્રત્યાયનમાં છો એ સઘળો તમારો પરિવાર**

માંદગીમાં સેવા, અભ્યાસમાં માર્ગદર્શન, ધંધા-રોજગારમાં ટેકો - આ બધું પરિવારમાં સહજ મળી રહે છે. તહેવારોની ઉજવણી પણ પરિવાર વગર અધૂરી છે. દિવાળીના દીવા, હોળીના રંગો, નવરાત્રિના ગરબા કે ઉતરાયણની પતંગ - જ્યારે સૌ સાથે મળીને ઉજવીએ ત્યારે જ તેનો સાચો આનંદ આવે છે. એમ જ સારા-નરસા પ્રસંગે, લગ્ન હોય કે મરણ, સૌનો સાથ હોય તો દુઃખ હળવું થાય અને સુખ બમણું થાય.



આજે આ મજબૂત કુટુંબ પ્રથા ધીરે ધીરે તૂટતી જાય છે. તેના અનેક કારણો છે. સૌથી મોટું કારણ છે શહેરીકરણ અને રોજગાર માટેનું સ્થળાંતર. ગામડામાંથી યુવાનો શહેરમાં જાય છે અને ત્યાં નાનકડા મકાનમાં સંયુક્ત પરિવાર શક્ય બનતો નથી. બીજું કારણ છે આર્થિક સ્વતંત્રતા અને વ્યક્તિવાદી વિચારધારા. 'મારું ઘર, મારો નિર્ણય, મારી જિંદગી'-આ વિચાર વધતો જાય છે. સહનશીલતાનો અભાવ, પેઢીઓ વચ્ચે વિચારોનું અંતર, સાસુ-વહુના મતભેદો અને ખાનગી જીવનમાં દખલગીરીનો ડર પણ વિભક્ત થવાનું કારણ બને છે.

આજે બધાને એકલું રહેવું કેમ ગમે છે? તેની પાછળ આધુનિક જીવનશૈલી છે. સોશિયલ મીડિયાએ વર્ચ્યુઅલ દુનિયામાં મિત્રો આપ્યા છે પણ વાસ્તવિક સંબંધો છીનવી લીધા છે. લોકોને લાગે છે કે એકલા રહેવાથી સ્વતંત્રતા મળશે, કોઈ રોકટોક નહીં હોય. પરંતુ આ એકલતા શરૂઆતમાં સ્વતંત્રતા લાગે છે, પાછળથી એકલતામાં ફેરવાઈ જાય છે. એકલા રહેતા વૃદ્ધ માતા-પિતા, ડિપ્રેશનમાં જતા યુવાનો અને સંસ્કાર વગર ઉછરતા બાળકો-આ વિભક્તતાની ગંભીર આડઅસરો છે. સંશોધનો પણ કહે છે કે એકલા રહેતા લોકોમાં માનસિક તણાવ અને સ્વાસ્થ્ય સમસ્યાઓ વધુ જોવા મળે છે.

સંયુક્ત કુટુંબ એ કોઈ જૂની રૂઢિ નથી, એ સમયની જરૂરિયાત છે. વિભક્ત કુટુંબ ખરાબ છે એવું નથી, પણ સંબંધો વિભક્ત ન થવા જોઈએ. ભલે આપણે અલગ ઘરમાં રહીએ, પણ મનથી સાથે રહીએ, તહેવારોમાં ભેગા થઈએ, મુશ્કેલીમાં એકબીજાને સાથ આપીએ. પરિવારમાં થોડું જતું કરતા શીખીશું, થોડું સહન કરતા શીખીશું તો જ કુટુંબ ટકશે. અને યાદ રાખો, મકાન ઈંટ-સિમેન્ટથી બને છે, પણ ઘર તો પ્રેમ, લાગણી અને વિશ્વાસથી બને છે.

**ફેમિલી ગ્રુપમાં 'ગુડ મોર્નિંગ' ને ઘરમાં મૌન !**

આજના યુગમાં મોટાભાગના કુટુંબોના ઘર મોટા થયા છે, પણ પરિવાર નાનો થઈ ગયો છે, સોશિયલ મીડિયાના યુગમાં સંબંધો ઓનલાઈન થઈ ગયા પણ પરિવાર ઓફલાઈન થયો. આજે તો મોબાઈલમાં આખી દુનિયા મળી જાય છે, પણ ઘરમાં વાત કરવા વાળું મળતું નથી. આજે બધા પાસે પરિવાર છે, પણ આપણાપણું ક્યાં છે ? 'માય સ્પેસ' શોધમાં આપણું ઘર જ ખોવાઈ ગયું છે. આજે તો સાથે રહેવાનું ઘટ્યું, સાથે જીવવાનું તો દૂર થઈ ગયું છે. તહેવારોની તસવીરો વધી ગઈ અને પરિવારની બેઠકો ઘટી ગઈ છે. આજે સવારમાં જ આપણે ફેમિલી ગ્રુપમાં ગુડ મોર્નિંગ લખી નાખીએ છીએ પણ ઘરમાં તો સાવ મૌન રહીએ છીએ. આજે સગપણ નજીક છે પણ સંબંધો દૂર થઈ ગયા. આજના માનવીની સુવિધાઓ વધી, સંબંધોની ઉષ્મા ઘટી ગઈ છે.

## અબતક પંચાગ

### તા.૩૦-૮-૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ વદ બીજ પંચક
**નક્ષત્ર** ઉતરાભાદ્રપદ
**યોગ** શૂલ **કરણ:** વણિજ
**સુર્યોદય** ૬.૩૦ **સુર્યાસ્ત:** ૭.૦૫
**ચંદ્ર રાશી** મીન
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા**
ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા**
શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૪ | | |
| ૪ | | ૧ | | | | | | ૮ |
| | | ૫ | ૨ | | | ૧ | | |
| ૧ | | ૨ | ૪ | ૯ | | ૭ | | ૬ |
| | ૫ | | | | ૨ | ૩ | | ૧ |
| ૮ | | ૪ | ૧ | | | | | |
| ૩ | ૭ | | | ૮ | | | | ૪ |
| | | | ૫ | | ૪ | | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૬૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૪ | ૭ | ૧ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૭ | ૫ | ૮ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૬ |
| ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ |

## કાર્યક્રમોની યાદી — અબતક CHANNEL


**તારીખ ૨૯-૦૮-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૦-૦૮-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૦૮-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૦.૮.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ વદ બીજ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, શૂળ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ઉતાવળ ના કરવી.
**વૃષભ** (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**મિથુન** (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.
**કર્ક** (ડ,હ) : આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.
**સિંહ** (મ,ટ) : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.
**કન્યા** (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.
**તુલા** (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાંથી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.
**વૃશ્ચિક** (ન,ય) : વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઇ શકો, કામકાજમાં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.
**મકર** (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.
**કુંભ** (ગ,સ,શ) : પરિવારમાં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય, ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.
**મીન** (દ,ચ,ઝ,થ) : ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

# મજબૂત વીજ માળખા સાથે ગ્રાહકલક્ષી સેવાઓને વધુ વેગ અપાશે: મંત્રી કૌશિક વેકરિયા

## માધાપર અને બેડીનાકા પી.જી.વી.સી.એલ.ની પેટા વિભાગીય કચેરીઓનું મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ





### કચેરીઓનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ આપી વૃક્ષારોપણ પણ કર્યું

**અબતક, રાજકોટ**

રાજકોટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પી.જી.વી.સી.એલ.) તથા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો)ના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયાની અધ્યક્ષતામાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મંત્રીએરાજકોટની માધાપર અને બેડીનાકા પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરીઓનું રીબીન કટ કરીને લોકાર્પણ કર્યું હતું.

લોકાર્પણ પ્રસંગે મંત્રી કૌશિકભાઈ વેકરિયાનું કુમકુમ તિલક કરી પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે બંને કચેરીઓની મુલાકાત લઈ વિવિધ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું અને વીજ ગ્રાહકોને વધુ સારી સેવા મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

કચેરીઓના લોકાર્પણ પ્રસંગે પરિસરને રંગોળી અને ફૂલોથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ જતનનો સંદેશ આપતાં મંત્રીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.


રાજકોટમાં વીજ માળખાને વધુ મજબૂત બનાવવા તથા ગ્રાહકોને સ્થાનિક સ્તરે ઝડપી અને અસરકારક વીજ સેવા મળી રહે તે દિશામાં પેટા વિભાગીય કચેરીઓનું મહત્વ વધશે. વિકાસ પ્રકલ્પોના લોકાર્પણથી વીજ વિભાગની કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં મદદ મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. એમ.ડી. ચુડાસમા સહિત વીજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રોડ બનાવનાર કોન્ટ્રાક્ટરના નામ અને મોબાઈલ નંબર સાથેની તકતી લગાવાશે

## રાજ્ય સરકારના આદેશ બાદ અમદાવાદમાં અમલવારી શરૂ કરાયા બાદ હવે રાજકોટમાં પણ સિસ્ટમ શરૂ થશે



**અબતક, રાજકોટ**

ચોમાસાની સિઝનમાં સામાન્ય વરસાદમાં પણ ભાંગીને ભુકો થઈ જતાં ડામર રોડના કારણે દેશ માટે રોલ મોડલ ગણાતા ગુજરાત રાજ્યની આબરુનું ભારે ધોવાણ થાય છે. થોડા સમય પહેલા રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને એવો આદેશ આપવામાં આવ્યો હતો કે, રોડ સહિતના પ્રોજેક્ટમાં પારદર્શીતા જળવાઈ રહે તે માટે કોન્ટ્રાક્ટરના નામ, મોબાઈલ નંબર અને પ્રોજેક્ટ કે રોડની આયુષ્ય સાથેનું બોર્ડ જે તે રાજ માર્ગ પર લગાવવામાં આવે જેની ચાર દિવસ પૂર્વે જ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અમલવારી શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ ટુંક સમયમાં આ માટે નિયમો ઘડી અમલવારી શરૂ કરી દેવામાં આવશે તેવા સંકેતો મેયર ડો. નેહલ શુક્લ દ્વારા આપવામાં આવ્યા છે.

રોડ તુટે ત્યારે સત્તા પક્ષે લોકોની નારાજગીનો સામનો કરવો પડે છે ગેરંટી વાળા રોડ પણ ભાંગીને ભુકો થઈ જાય ત્યારે કોન્ટ્રાક્ટરને શોધવા નિકળવું પડે છે. હવે રોડ-રસ્તાના કામમાં સંપૂર્ણપણે પારદર્શીકતા લાવવા માટે રાજ્ય સરકારની સુચના બાદ કોર્પોરેશન દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં હવેથી રોડ ઉપરાંત બાંધકામ પ્રોજેક્ટમાં કામ કરનાર તમામ કોન્ટ્રાક્ટરના નામની તકતી, મોબાઈલ નંબર, રોડ કે પ્રોજેક્ટ ક્યારે બન્યો તેની વિગતો અને આયુષ્ય અંગે પણ માહિતી દેખાડવી ફરજિયાત કરવામાં આવશે. ટુંકમાં કોન્ટ્રાક્ટર જવાબદારી માંથી છટકી શકશે નહીં આ માટે ટુંક સમયમાં મહત્વપૂર્ણ નિયમો અંગે દરખાસ્ત બનાવવામાં આવશે જેને ધ્યાનમાં રાખીને ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા રોડ બનાવનાર કોન્ટ્રાક્ટરની નેઈમ પ્લેટ, મોબાઈલ નંબર સાથે જે તે રોડ પર લગાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા પણ આવુ કરવા રાજ્યભરની મહાનગરપાલિકાઓને સુચના આપવામાં આવી છે. જે દિશામાં હવે રાજકોટ શહેર પણ આગળ વધી રહ્યું છે. આ વ્યવસ્થાથી એક વાત સ્પષ્ટ થઈ જશે કે રોડ-રસ્તાના કામોમાં પારદર્શીકતા વધશે. કોન્ટ્રાક્ટર સામે જો વધુ ફરિયાદ ઉઠશે તો તેની ડીપોઝીટ પણ જપ્ત કરવા સુધીના આકરા પગલા લેવામાં આવશે. ગેરંટી વાળા રસ્તાઓ તુટે તો બ્લેક લીસ્ટ પણ કરી દેવાય જેવી જોગવાઈ કરવામાં આવશે.

**વોર્ડ નં.૯ના નગરસેવિકા જાનકીબેન કાટોળિયાએ તાજેતરમાં જનરલ બોર્ડમાં કોન્ટ્રાક્ટરના બોર્ડ જે તે રોડ કે સાઈડ પર મુકવા કરી હતી માંગણી**


# સ્વ.કિશોરભાઈ ટીલારાની પૂણ્યતિથિએ આયોજીત સર્વરોગ નિદાન કેમ્પનો 3000 લોકોએ લીધો લાભ

## સુપર સ્પેશિયાલિસ્ટ તબીબો દ્વારા નિઃશુલ્ક સારવાર સાથે દવા-ચશ્માનું વિતરણઃવ્યસનમુક્તિ અને આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ પહેલ





તસવીરઃ વિજય મકવાણા



### પર્યાવરણની જાળવણી માટે 'કિશોરભાઈ વન' બનશેઃ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે સ્વ. કિશોરભાઈની પુણ્યતિથિને સમાજસેવા સાથે જોડીને આરોગ્ય સેવા, વ્યસનમુક્તિ જનજાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણના કાર્યો કરવામાં આવી રહ્યા છે. 'કિશોરભાઈ વન' દ્વારા પર્યાવરણની જાળવણી સાથે આગામી પેઢી માટે હરિયાળું અને સ્વસ્થ વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવશે.





**અબતક, રાજકોટ**

સ્વર્ગસ્થ કિશોરભાઈની બીજી પુણ્યતિથિ નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિવિધ રોગોના સુપર સ્પેશિયાલિસ્ટ તબીબો દ્વારા દર્દીઓની નિઃશુલ્ક તપાસ અને સારવાર કરવામાં આવી રહી છે. આ ઉપરાંત AIIMS હોસ્પિટલની તબીબી સેવા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કેમ્પમાં દર્દીઓને નિઃશુલ્ક દવાઓ તેમજ ચશ્માનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ આ કેમ્પનો અંદાજે ૨૫૦૦થી ૩૦૦૦ લોકો લાભ લેશે. વિવિધ રોગો અંગે નિષ્ણાત તબીબો દ્વારા માર્ગદર્શન સાથે આરોગ્યની તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે સમાજમાં વ્યસનમુક્તિ અને આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે પણ વિશેષ પહેલ કરવામાં આવી છે. લોકોને વ્યસનથી દૂર રહેવા અને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બનવા અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. પર્યાવરણ સંરક્ષણને પણ આ સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડવામાં આવ્યું છે. પર્યાવરણની જાળવણી માટે 'કિશોરભાઈ વન' બનાવવાની સાથે પાણીના સંરક્ષણ માટે ચેકડેમ બનાવવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે.

# બુધવારથી જામશે લોકમેળાનો રંગઃ તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે

## મેળાના ગ્રાઉન્ડમાં પ્લોટ કે સ્ટોલધારકો સિવાયના ગેરકાયદેસર કબ્જા, પાથરણા વાળા અને ફેરીયાઓ પ્રવેશ ન કરે તે માટે કડક દેખરેખ રાખવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટનો પ્રખ્યાત લોકમેળો રેસકોર્ષ મેદાન યોજાશે. જેને લઈને કલેકટર દ્વારા વિરાસતથી વિકાસ લોકમેળાના ઉદઘાટનને લઈ આખરી ઓપ આપવામાં આવ્યો છે.મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા, ભાવ નિયંત્રણ, સફાઈ વ્યવસ્થા અને મુલાકાતીઓની ફરિયાદોના ત્વરિત નિકાલ માટે તારીખ ૦૨/૦૯/૨૦૨૬ થી ૦૬/૦૯/૨૦૨૬ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ (ફન વર્લ્ડ ગેટ પાસે) ખાતે વિશેષ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ શરૂ કરવાનો સત્તાવાર હુકમ રાજકોટ જિલ્લા કલેકટર અને લોકમેળા સમિતિના અધ્યક્ષ (ડો. ઓમપ્રકાશ) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.




ઉલ્લેખનીય છે કે, લોકમેળાને લઈ રાજકોટકલેકટર તંત્ર અને પોલીસ તંત્રના સયુંકત ઉપક્રમે લોકમેળા કુલ ૨૩ વોચ ટાવર ઉભા કરવામા આવ્યા છે. જેના પરથી સમગ્ર મેળા પર બાજ નજર રાખવામાં આવશે. જેમાં ૧૮ વોચ ટાવર પર પોલીસ તંત્રનો સ્ટાફ જ્યારે મેળાની સેન્સેટિવ જગ્યા પર અન્ય પાંચ વોચ ટાવરમાં એસડીઆરએફ, એનડીઆરએફ, હેલ્થ, ફાયરના જવાનોને સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે જેથી કોઈપણ પ્રકારની સૂચના મળે તો ઝડપથી તે જગ્યાએ ટીમ પહોંચી જશે.ક્રાઉડ કંટ્રોલ માટે એઆઈનો ઉપયોગ કરાશે. ડિઝાસ્ટર પોઈન્ટથી વાત કરીએ તો ડ્રોન અને એઆઈ મારફત ક્રાઉડ કંટ્રોલ કરવામાં આવશે. આ સાથે જ લોકમેળામાં જે જગ્યાએ સૌથી વધુ ક્રાઉડ એકઠું થાય છે તેવી પાંચ જગ્યાએ વોચ ટાવર ઊભા કરવામાં આવશે.

આ સિવાય મેળામાં મુખ્ય ચાર ગેટ સાથે પાંચ ઈમરજન્સી ગેટ ઉભા કરાયા છે. જેથી લોકમેળામાં કોઈપણ પ્રકારની દુર્ઘટના થાય તો તેને પહોંચી વળી શકાય.

આ સાથે જ મેળાના પ્લાનિંગ માટે ડેડીકેટેડ ઈવેલ્યુશન પ્લાન પણ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત લોકમેળામાં તૈનાત તમામ મુખ્ય અધિકારીઓને વોકીટોકી આપવામાં આવશે. જેથી

(અનુ. આઠમા પાને)

### નાગરિકો તથા સ્ટોલધારકોની સુવિધા માટે હેલ્પલાઇન નંબરો જાહેર

૧. સેન્ટ્રલ કંટ્રોલ રૂમઃ ૦૨૮૧-૨૯૯૦૪૯૫
૨. પોલીસ કંટ્રોલ (ફન વર્લ્ડ ગેટ પાસે)ઃ ૦૨૮૧-૨૯૯૦૪૩૭
૩. રાજકોટ મહાનગરપાલિકા (હેડક્વાર્ટર ગેટ પાસે)ઃ ૦૨૮૧-૨૯૯૦૪૬૨
૪. પી.જી.વી.સી.એલ. (ઈલેક્ટ્રિક)ઃ ૦૨૮૧-૨૯૯૦૪૯૩

### લોકમેળામાં રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના કઠપૂતળી કલાકારો જમાવશે અનોખો રંગ

રાજકોટના આંગણે તા. ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહેલા વિરાસતથી વિકાસ-૨૦૨૬ લોકમેળામાં મનોરંજનની સાથે લોકશિક્ષણ અને પ્રાચીન લોકકળાનો ત્રિવેણી સંગમ જોવા મળશે. પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા લોકમેળા પરિસરમાં માહિતી ખાતાના પ્રદર્શન સ્ટોલ ખાતે પ્રાચીન અને પરંપરાગત કઠપૂતળી કલાના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના માહિતી ખાતામાં નોંધાયેલા અનુભવી કઠપૂતળી કલાકારો કલા પ્રદર્શિત કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લુપ્ત થતી પ્રાચીન કઠપૂતળી કલાને જીવંત રાખવાની સાથે-સાથે સરળ અને મનોરંજક શૈલીમાં નાગરિકો સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા સામાજિક જાગૃતિના સંદેશાઓ પહોંચાડવાનો છે.

ભાગદોડભર્યા જીવનમાં પ્રકૃતિના ખોળે સ્વાસ્થ્ય અને શાંતિનો અનુભવ

# ‘ધ મેડો નેચર ક્યોર’ એટલે કુદરતી ઉપચાર સાથે સ્વસ્થ જીવનશૈલી તરફ લઈ જતું વેલનેસ સેન્ટર





## અબતક મીડિયા સાથેની ખાસ મુલાકાતમાં ‘ધ મેડો નેચર ક્યોર’ના ઓનર હિમાંશુ નથવાણીએ નેચરોપથી, કુદરતી ઉપચાર અને સ્વસ્થ જીવનશૈલી અંગે આપી વિસ્તૃત માહિતી

**અબતક, રાજકોટ**




આજના ભાગદોડભર્યા જીવનમાં સતત વધતો સ્ટ્રેસ, અનિયમિત જીવનશૈલી, ખાણી-પીણીની બદલાયેલી આદતો અને કામનું વધતું દબાણ શરીર તથા મન બંનેના સ્વાસ્થ્યને અસર કરી રહ્યું છે. લોકો ઝડપથી સ્વસ્થ થવા માટે તાત્કાલિક ઉપાયો તરફ વળે છે, પરંતુ હવે કુદરતી જીવનશૈલી અને વેલનેસ તરફ પણ લોકોનો ઝુકાવ વધી રહ્યો છે.રાજકોટ નજીક અમદાવાદ નેશનલ હાઈવે પર હીરાસર એરપોર્ટ પાસે આવેલું ‘ધ મેડો નેચર ક્યોર’ પ્રકૃતિના ખોળે રહી કુદરતી ઉપચાર અને સ્વસ્થ જીવનશૈલીનો અનુભવ કરાવતું વેલનેસ સેન્ટર તરીકે કાર્યરત છે. અહીં નેચરોપથી, આયુર્વેદિક પંચકર્મ, માટી થેરપી, હાઈડ્રોથેરપી, સ્ટીમ બાથ, યોગ અને ધ્યાન સહિતની વિવિધ પદ્ધતિઓ દ્વારા શરીર અને મનના વેલનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.



અબતક મીડિયાની ટીમે ‘ધ મેડો નેચર ક્યોર’ની મુલાકાત લઈ અહીંની વિવિધ સુવિધાઓ, સારવાર પદ્ધતિ, દૈનિક સમયપત્રક, સાત્વિક આહાર અને સમગ્ર વ્યવસ્થાની માહિતી મેળવી હતી. આ દરમિયાન ‘ધ મેડો નેચર ક્યોર’ના ઓનર હિમાંશુ નથવાણીએ અબતક મીડિયા સાથેની ખાસ મુલાકાતમાં સેન્ટરની કામગીરી અને નેચરોપથી અંગે વિસ્તૃત માહિતી આપી હતી

### શરીરને પણ સ્વસ્થ થવા માટે યોગ્ય સમય આપવો જરૂરી છેઃ ઓનર હિમાંશુ નથવાણી



ધ મેડો નેચર ક્યોર’ વર્ષ ૨૦૨૦થી કાર્યરત છે અને નેચરોપથી આધારિત વેલનેસ પર કામ કરે છે. નેચરોપથી ભારતની પ્રાચીન ઉપચાર પદ્ધતિઓમાંની એક છે. માનવ શરીર પાંચ તત્વોથી બનેલું હોવાનું માનવામાં આવે છે અને આ તત્વોનું સંતુલન જાળવવું સ્વસ્થ જીવન માટે મહત્વપૂર્ણ છે.આજની ભાગદોડભરી જિંદગીમાં ખાણી-પીણી, તણાવ, અનિયમિત જીવનશૈલી અને અન્ય પરિબળોને કારણે આ સંતુલન જાળવવું મુશ્કેલ બને છે. લોકોને આ અંગે પૂરતી જાણકારી પણ હોતી નથી. આ જ હેતુથી વર્ષ ૨૦૨૦માં મારા પરમ મિત્ર ચિરાગ પટેલની આગેવાનીમાં ‘ધ મેડો નેચર ક્યોર’ની શરૂઆત કરવામાં આવી હતી.હિમાંશુ નથવાણીએ જણાવ્યું હતું કે આજના સમયમાં દરેક વ્યક્તિને ખૂબ જલ્દી પરિણામ જોઈએ છે. પરંતુ કોઈપણ બાબતમાં કાયમી પરિણામ માટે સમય અને સતત પ્રયત્ન જરૂરી છે.તેમણે ઉદાહરણ આપતાં જણાવ્યું કે કોલેજ પૂર્ણ કરીને એક વર્ષમાં કોઈ વ્યક્તિ કરોડપતિ બની શકતી નથી. તેવી જ રીતે શરીરને પણ સ્વસ્થ થવા માટે યોગ્ય સમય આપવો જરૂરી છે.તેમના જણાવ્યા મુજબ, ઝડપી રાહત અને મૂળ કારણ પર કામ કરવું બંને અલગ બાબતો છે. નેચરોપથીમાં મૂળ કારણ શોધી જીવનશૈલીમાં જરૂરી ફેરફાર સાથે કુદરતી પદ્ધતિઓ દ્વારા શરીરને સ્વસ્થ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

### મુખ્ય થેરાપી અને સુવિધાઓ

- નેચરોપથી
- આયુર્વેદિક પંચકર્મ
- માટી થેરપી
- હાઈડ્રોથેરપી
- સ્ટીમ બાથ
- યોગ
- ધ્યાન
- જલનેતિ
- આઈ વોશ
- એનેમા
- શિરોધારા
- બોડી મસાજ
- જ્યુસ થેરાપી
- સાત્વિક આહાર
- લક્ઝુરિયસ કોટેજ અને રૂમ્સ

### ત્રણ દિવસથી શરૂ થતો વેલનેસ કાર્યક્રમ

સેન્ટરના જણાવ્યા મુજબ નેચરોપથી આધારિત રેસિડેન્શિયલ કાર્યક્રમમાં ઓછામાં ઓછા ત્રણ દિવસનો સમય જરૂરી માનવામાં આવે છે. શરૂઆતમાં વ્યક્તિના શરીરની સ્થિતિ અને જરૂરી વિગતોને ધ્યાનમાં લઈ ડોક્ટરની સલાહ મુજબ કાર્યક્રમ તૈયાર કરવામાં આવે છે. સેન્ટરમાં આવનાર મહેમાનનું સૌપ્રથમ ચેક-ઈન અને એડમિશન કરવામાં આવે છે. ત્યારબાદ ચીફ મેડિકલ ઓફિસર અને રેસિડેન્શિયલ મેડિકલ ઓફિસર દ્વારા કન્સલ્ટેશન કરવામાં આવે છે. જૂના રિપોર્ટ્સ તથા જરૂરી વિગતોના આધારે દૈનિક કાર્યક્રમ તૈયાર થાય છે. પ્રથમ દિવસથી લઈને આગળના દિવસો સુધી કઈ થેરાપી, કયો યોગ અને કયો આહાર લેવો તેની રૂપરેખા ડોક્ટરની માર્ગદર્શિકા મુજબ તૈયાર કરવામાં આવે છે.

### નેચરોપથીમાં મૂળ કારણ પર કામ કરવાનો પ્રયાસ

હિમાંશુ નથવાણીએ માથાના દુખાવાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે ઘણી વખત વ્યક્તિને માથું દુખે ત્યારે તે તાત્કાલિક રાહત માટે દવા લે છે. દવાથી દુખાવો ઘટી શકે છે, પરંતુ માથું દુખવાનું મૂળ કારણ શું છે તે સમજવું પણ જરૂરી છે.તેમના જણાવ્યા મુજબ નેચરોપથીમાં કુદરતી પદ્ધતિઓ, જીવનશૈલી, આહાર, યોગ અને અન્ય થેરાપી દ્વારા મૂળ કારણ તરફ ધ્યાન આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.તેમણે જણાવ્યું કે નેચરોપથીનો અર્થ જ કુદરતી ઉપચાર છે. કુદરતમાં ઉપલબ્ધ તત્વો અને યોગ્ય જીવનશૈલીનો ઉપયોગ શરીરના સ્વાસ્થ્ય માટે કરવામાં આવે છે. અહીં આવનાર વ્યક્તિ સારવાર સાથે એવી બાબતો શીખીને જાય છે જેને તે ઘરે પોતાના રોજિંદા જીવનમાં પણ અપનાવી શકે છે.

### ‘ધ મેડો નેચર ક્યોર’નું દૈનિક સમયપત્રક

- સવારે ૫:૦૦: વહેલી સવારે ઉઠવાનું, શતક્રિયા, એનેમા, જલનેતિ વગેરે, સવારનો કાઢો અને યોગા
- સવારે ૯:૦૦થી ૧૨:૦૦: મુખ્ય થેરાપી
- બપોરે ૧૨:૦૦થી ૧:૦૦: સાત્વિક લંચ
- બપોરે ૧:૦૦થી ૨:૦૦: રૂમમાં આરામ
- બપોરે ૨:૦૦થી ૨:૩૦: આયુર્વેદિક ઉકાળો/કાઢો
- બપોરે ૨:૩૦થી ૫:૦૦: ઈવનિંગ ટ્રીટમેન્ટ
- સાંજે ૫:૦૦થી ૫:૩૦: જ્યુસ થેરાપી
- સાંજે ૬:૦૦થી ૭:૦૦: યોગા
- સાંજે ૭:૦૦થી ૭:૩૦: ડોક્ટર લેક્ચર/માર્ગદર્શન
- સાંજે ૭:૩૦થી ૮:૩૦: સાત્વિક ડિનર
- રાત્રે ૯:૦૦: રાત્રિનો ઉકાળો
- રાત્રે ૯:૩૦: બેડ ટાઈમ

### ચારે તરફ હરિયાળી, શાંતિ અને પક્ષીઓનો કલરવ મહેમાનોને કુદરતની નજીક હોવાનો અનુભવ

કોઈપણ સંસ્થાને સફળતાપૂર્વક ચલાવવા માટે તમેનેજમેન્ટની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. ‘ધ મેડો નેચર ક્યોર’ ખાતે આવનાર દરેક મહેમાનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવે છે અને શરૂઆતમાં હર્બલ જ્યુસ આપવામાં આવે છે.

ત્યારબાદ નિષ્ણાત ડોક્ટરની સલાહ મુજબ પ્રત્યેક મહેમાનની ફાઈલ તૈયાર કરવામાં આવે છે અને શરૂઆતના વજન સહિત જરૂરી વિગતો નોંધવામાં આવે છે. ડોક્ટરની સલાહ મુજબ સાત્વિક આહાર તૈયાર કરવામાં આવે છે.

સેન્ટરની વ્યવસ્થા માટે રિસેપ્શન, મેડિકલ, થેરાપી, ડાયટ, કિચન, હાઉસકીપિંગ અને ગાર્ડન સહિતના અલગ વિભાગો કાર્યરત છે. મહેમાનોના રૂમની સ્વચ્છતા, જાહેર વિસ્તારોની જાળવણી તથા સમગ્ર પરિસરની સુંદરતા માટે પણ અલગ સ્ટાફ કાર્યરત છે. સેન્ટરનું વાતાવરણ સંપૂર્ણપણે કુદરતી રાખવામાં આવ્યું છે. ચારે તરફ હરિયાળી, શાંતિ અને પક્ષીઓનો કલરવ મહેમાનોને કુદરતની નજીક હોવાનો અનુભવ કરાવે છે.

### મહિલા–પુરૂષ માટે અલગ થેરાપી વિભાગ

સેન્ટરમાં મહિલા અને પુરુષો માટે અલગ થેરાપી વિભાગની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં ૨૦થી વધુ અનુભવી અને જ્ઞાન ધરાવતા થેરાપિસ્ટની ટીમ કાર્યરત હોવાનું સંચાલન દ્વારા જણાવાયું છે.

દરેક નેચરોપથી થેરાપી માટે ચોક્કસ પ્રક્રિયા અને સમય નક્કી કરવામાં આવે છે. સંચાલન મુજબ થેરાપી કેટલા સમય સુધી આપવી તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે.

### વજન નિયંત્રણ અને જીવનશૈલી માટે કાર્યક્રમ

સેન્ટરના જણાવ્યા મુજબ શરીરના વેલનેસ માટે શરૂઆતના દિવસોમાં યોગ્ય જીવનશૈલી અને કુદરતી પદ્ધતિઓ પર ધ્યાન આપવામાં આવે છે. વજન નિયંત્રણ અથવા ઓબેસિટી રિવર્સલ જેવા હેતુ માટે વ્યક્તિની સ્થિતિ પ્રમાણે ૭થી ૧૦ દિવસ અથવા વધુ સમય માટે ડોક્ટરની દેખરેખ હેઠળ કાર્યક્રમ અપનાવવામાં આવે છે. સંચાલન દ્વારા કેટલાક એવા અનુભવ પણ જણાવવામાં આવ્યા હતા જેમાં સાંધાના દુખાવા જેવી સમસ્યાઓ ધરાવતા લોકો લાંબા સમયના કાર્યક્રમ બાદ વધુ સક્રિય બનીને પરત ગયા હોવાનું કહેવામાં આવ્યું હતું.

### લક્ઝુરિયસ રેસિડેન્શિયલ સુવિધા સાથે સાત્વિક આહાર

‘ધ મેડો નેચર ક્યોર’માં ઈનહાઉસ રેસિડેન્શિયલ વેલનેસ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. મહેમાનોને તેમના કાર્યક્રમના સમયગાળા દરમિયાન સેન્ટરમાં જ રહેવાનું હોય છે. સેન્ટરમાં લક્ઝુરિયસ રૂમ્સ અને કોટેજની સુવિધા ઉપલબ્ધ છે. ડાયટ કિચનમાં અનુભવી શેફ દ્વારા ડોક્ટરની સલાહ મુજબ સાત્વિક આહાર તૈયાર કરવામાં આવે છે. સંચાલન મુજબ ભોજનમાં ડુંગળી, લસણ, મેંદો અને અનાવશ્યક તેલ જેવી વસ્તુઓ ટાળવામાં આવે છે અથવા ઓછામાં ઓછા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે.

### કોરોના બાદ કુદરતી જીવનશૈલી તરફ જાગૃતિ

હિમાંશુ નથવાણીએ કોરોના પછી લોકોમાં મિલેટ્સ, રાગી અને જુવાર જેવા પરંપરાગત અનાજ અંગે જાગૃતિ વધી હોવાનું જણાવ્યું હતું. જોકે, હજુ પણ સ્વસ્થ આહાર અને કુદરતી જીવનશૈલી અંગે વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત હોવાનું તેમણે જણાવ્યું.

તેમણે નેચરોપથીને વધુ લોકો સુધી પહોંચાડવાની અને ભવિષ્યમાં ભારતમાં મોટી નેચરોપથી ચેન સ્થાપિત કરવાની દિશામાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### યુવાનોમાં નેચરોપથીની જરૂરિયાત

સેન્ટરમાં હાલ ૪૫થી ૫૦ વર્ષની ઉંમરના લોકો વધુ આવતા હોવાનું જણાવાયું હતું. જોકે, આજની જીવનશૈલીને જોતા યુવાનોમાં પણ નેચરોપથી અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ જરૂરી હોવાનું હિમાંશુ નથવાણીએ જણાવ્યું. મોબાઈલનો વધતો ઉપયોગ, લેઝી લાઈફસ્ટાઈલ, સ્ટ્રેસ અને પિઝા-મેગી જેવા જંક ફૂડની આદતોને કારણે યુવા પેઢીએ આહાર અને દૈનિક જીવનશૈલી પ્રત્યે વધુ સજાગ થવાની જરૂર હોવાનું તેમણે જણાવ્યું.

# ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ રક્ષાબંધને ફાયરબ્રિગેડના સ્ટાફ, સફાઈ કામદારો અને ૧૧૨ના જનરક્ષકોને રાખડી બાંધી





**અબતક, રાજકોટ**

સ્નેહ, સન્માન અને સુરક્ષાના સંકલ્પ સાથે પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા ફાયરબ્રિગેડ ના સ્ટાફ, સફાઈ કામદારો અને ૧૧૨ ના જનરક્ષકો ને રાખડી બાંધી કરવામાં આવલે રક્ષાબંધના પવિત્ર તહેવાર અનુલક્ષી રાખડી બાધી અને મીઠા મોઢા કરાવી આ પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવેલ આ પ્રસંગે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, વોર્ડ નં.૨ ના કોર્પોરેટર ધૈર્યભાઈ પારેખ, દક્ષાબેન વાઘેલા, મીનાબા જાડેજા, વોર્ડ નં.૨ ના વોર્ડ પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી હર્ષવર્ધનભાઈ, રાજકોટ શહેર ભાજપ અગ્રણીય દીપાબેન કાચા તથા તમામ શ્રેણી કાર્યકર્તાઓ, ફાયરબ્રિગેડ નાં અધિકારી અમિતભાઈ દવે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રજેશભાઈ સોલંકી, જીજાળા સાહેબ, તુવરસાહેબ તથા સબધીત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

# નિધિ સ્કૂલમાં જન્માષ્ટમી પર્વ નિમિતે વિવિધ સ્પર્ધાઓમાં ભૂલકાઓએ હોંશભેર લીધો ભાગ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલના વિદ્યાર્થી ભાઈઓ - બહેનો માટે જન્માષ્ટમી પર્વના અનુસંધાને વિદ્યાર્થીઓ માટે કૃષ્ણ ડેકોરેશન સ્પર્ધા તેમજ મટુકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થી ભાઈ - બહેનો માટે કૃષ્ણ ભગવાનના ચિત્રને ડેકોરેશન દ્વારા તેમજ ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીની બહેનો માટે મટુકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં વિજેતા વિદ્યાર્થી ભાઈ - બહેનોને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. આગામી દિવસોમાં નિધિ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ - બહેનો માટે કાન-ગોપી સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ મટુકી ફોડનો કાર્યક્રમ પણ યોજવામાં આવનાર છે, આ કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, હેમાલી મકવાણા, દ્રષ્ટિ ચાવડીયા, સ્નેહા માંકડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ અને વિદ્યાર્થી ગણ જોડાયેલ હતો.

# યુવા એડવોકેટ મિહિર દાવડાનો જન્મદિવસ



રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટમાં મિડીયા વિભાગનું સંચાલન કરતા યુવા એડવોકેટ મિહિર પરેશભાઈ દાવડાનો આજે ૨૯ ઓગસ્ટના જન્મદિવસ છે. મિહીર દાવડા ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. સૌરાષ્ટ્રના પ્રખ્યાત ધારાશાસ્ત્રી સુરેશભાઈ ફળદુના માર્ગદર્શન હેઠળ મિહિરભાઈ દાવડા વકીલાતની પ્રેક્ટિસ કરી રહ્યા છે. મિહરભાઈ નાની વયથી જ ભાજપ પક્ષમાં સંગઠનમાં કામ કરી રહ્યા છે. તેઓ અનેક વિધ સામાજીક કાર્યો સાથે સંકળાયેલા છે. મિલનસાર તથા હસમુખો, સરળ સ્વભાવનાન કારણે બહોળુ મિત્રમંડળ ધરાવે છે. તેના શુભેચ્છકો, મિત્ર મંડળ, વકીલ મિત્રો, રાજકીય આગેવાનો તેમના મો.નં. ૯૬૬૨૦ ૬૩૫૦૯ ઉપર અભિનંદન તથા આર્શિવાદની પુષ્પવર્ષા કરી રહ્યા છે.

# સદગુરુ સદન ટ્રસ્ટ દ્વારા સાતમ-આઠમના તહેવાર નિમિત્તે રાહત દરે મીઠાઈનું વિતરણ

**અબતક, રાજકોટ**

જય ગુરુદેવ સાથ જણાવવાનું કે,પ.પૂ.રણછોડદાસજીબાપુ આશ્રમ (સદ્ગુર સદન ટ્રસ્ટ),રાજકોટ સંચાલિત સદગુરુ સામગ્રી ભંડાર દ્વારા શુધ્ધ અને પવિત્ર મીઠાઈઓનું વેચાણ કરવામાં આવે છે,આ મીઠાઈઓ સાતમ-આઠમનાં પવિત્ર તહેવાર નિમિતે ઘેર લઈ જવા માટે તથા ભગવાનને ભોગ પ્રસાદ ધરાવવા માટે સ્વાદીષ્ટ મીઠાઈઓ વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે,જેમાં દુધના પેંડા,ટોપરાપાક, થાબડી પેંડા,મોહનથાળ વિગેરે મીઠાઈઓનું વેચાણ કરવામાં આવે છે. ઉપરોક્ત મિઠાઈઓનો ઓર્ડર પણ નોંધવામાં આવે છે. જેનો સમય સવારે ૭ થી ૧ બપોરે ૪ થી ૯ સુધી રહેશે.

# સાળંગપુર કિસાન સંમેલનઃ વાંસની ખેતી દ્વારા જમીન રક્ષણ અંગે ખેડૂતોને માહિતગાર કરાયા

**અબતક, રાજકોટ**



ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા સાળંગપુર સ્વામિનારાયણ મંદિર ખાતે એક વિશેષ કિસાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બોટાદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ હતો. વાંસની ખેતીના નિષ્ણાત મહારાષ્ટ્રના કિસાન આગેવાન અને ’મિનિમમ સપોર્ટ પ્રાઈસ કમિટી’ના ચેરમેન પાસા પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગુજરાતમાં વાંસની ખેતી વિષય પર નિષ્ણાત તરીકે ઉપસ્થિત ખેડૂતોને ઉપયોગી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જમીન અને પર્યાવરણનું રક્ષણ વાંસની ખેતીના ફાયદા જણાવતા પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વાંસ વાતાવરણમાંથી કાર્બનનું શોષણ કરે છે, જમીનનું રક્ષણ કરે છે અને પાણીની પણ બચત/રક્ષણ કરે છે. આ સિવાય બિનઉપજાઉ જમીનનો વિકાસ કરવા માટે વાંસનું વાવેતર ઉત્તમ વિકલ્પ છે.

૩૦ થી ૪૦ વર્ષ સુધી સતત આવક વાંસને અન્ય પાકની સાથે (ક્રોસ ક્રોપિંગ) અથવા સ્વતંત્ર પાક તરીકે વાવી શકાય છે. વાવેતર પછી ચોથા વર્ષથી તેની કાપણી શરૂ કરી શકાય છે અને સતત ૩૦ થી ૪૦ વર્ષ સુધી ખેડૂત નિયમિત આવક મેળવી શકે છે. વાંસમાંથી વિવિધ વસ્તુઓનું ઉત્પાદન

વાંસ માત્ર ખેતી પૂરતો સીમિત નથી પણ તેનો વ્યાવસાયિક ઉપયોગ ખૂબ બહોળો છે. વાંસમાંથી તમામ પ્રકારનું ફર્નિચર, બારી-બારણાં, ફ્લોરિંગ તેમજ સીલીંગ બનાવી શકાય છે. આ ઉપરાંત વાંસમાંથી કાપડ અને કપડાં પણ બનાવી શકાય છે.

### અગ્રણી બિલ્ડર મેરામણ પરમારના મોતમાં ચોંકાવનારો વળાંક!

# કુદરતી મોત નહીં, ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હોવાનો પરિવારે કર્યો ખુલાસો:બે સુસાઈડ નોટ મળી

## ૧૫૩ કરોડની ૨૮ મિલકતો પચાવી પાડ્યાનો આક્ષેપ: વ્યાજ સહિત નાણાં ચૂકવ્યા છતાં વધુ નાણાં માંગી ધાકધમકી આપી આપઘાત કરવા મજબૂર કર્યાનો પુત્ર દેવ પરમારનો આરોપ

**અબતક, રાજકોટ**

જામનગરના અગ્રણી બીલ્ડર મેરામણભાઈ પરમાર ના મૃત્યુના મામલે પરિવાર દ્વારા ચોંકાવનારો ખુલાસો કરાયો છે, અને તેઓનુ મૃત્યુનો બનાવ આકસ્મિક નહીં, પરંતુ આપઘાત નો હોવાનો ઘટસ્ફોટ કરાયો છે. જામનગરની જમીન-મિલકત અને નાણાંની લેવડદેવડના મામલે બીલ્ડર મેરામણભાઈ પરમાર ને કથિત રીતે માનસિક ત્રાસ આપી આપઘાત કરવા મજબૂર કર્યાના આક્ષેપ સાથે અમદાવાદના વેપારીએ ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશનમાં ૧૧ વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે. ફરીયાદ ને હાલાર પંથકનું રાજકારણ આવ્યું છે. મૃતક મેરામણભાઈ પરમાર વર્ષોથી જમીન-મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને જામનગર સહિતના વિસ્તારોમાં જમીન-મિલકતના વ્યવહારો કરતા હતા.ફરિયાદ મુજબ મેરામણભાઈએ વિવિધ વ્યક્તિઓ પાસેથી નાણાં લીધા હતા અને તેની સામે જમીન-મિલકતના દસ્તાવેજો તેમજ અન્ય વ્યવહારો કરવામાં આવ્યા હતા. નાણાં તથા વ્યાજ પરત ચૂકવ્યા હોવા છતાં આરોપીઓ દ્વારા વધુ નાણાંની માગણી કરી ધાકધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે મેરામણભાઈએ અલગ-અલગ સુસાઈડ નોટમાં પણ નાણાંની લેવડદેવડ અને મિલકતના વ્યવહારો અંગે વિગતો લખી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.ફરિયાદમાં વધુમાં જણાવ્યા પ્રમાણે તા.૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મેરામણભાઈએ ઝેરી પદાર્થ પી લેતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. મૃતક મૃતક ના ગાંધીનગર સ્થિત પુત્ર દેવ મેરામણભાઈ પરમારે સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધાવી છે.આ કેસમાં પોલીસ દ્વારા નાણાંની લેવડદેવડ, જમીન-મિલકતના દસ્તાવેજો તથા સુસાઈડ નોટ સહિતના મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી છે.કુલ ૧૫૩ કરોડ થી વધુ ની ૨૮ જેટલી મિલકતો પચાવી પાડયા નો આક્ષેપ છે.



સમગ્ર બનાવની સિલસિલા વાર વિગતો જોઈએ તો ગત ૭મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બિલ્ડર મેરામણભાઈ પરમાર સતત માનસિક તણાવવામાં રહેતા હતા અને પોતાનો ફોન બંધ કરી દીધો હતો ત્યારબાદ ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રાત્રે ગાંધીનગરના અડાલજ ખાતે ગાડી ઉભી રખાવી હતી અને પોતાના ડ્રાઈવરને પાન લેવા મોકલી અને પોતે ઝેરી દવા પી લીધી હતી. તેઓ બેશુધ્ધ થઈ ગયા બાદ પરિવારને જાણ કરતાં તેઓને કે.ડી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જેના મોઢા પર વાદળી ચીન્હો જોવા મળ્યા હતા, સારવાર દરમિયાન તેઓને મૃત્યુ પામેલા જાહેર કરાયા હતા. જોકે જે તે વખતે પરિવારજનોએ કોઈ કાનૂની કાર્યવાહી કર્યા વિના અંતિમ વિધિ કરી લીધી હતી.પરંતુ ઘટનાના દસેક દિવસ પછી એટલે કે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મૃતકના પત્નીને બે સ્યુસાઈડ નોટ મળી આવી હતી. એક સ્યુસાઈડ નોટ ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ ની તારીખ ની લખેલી હતી, જયારે બીજી સુસાઈડ નોટમાં બે જાન્યુઆરી ૨૦૨૫ ની તારીખની લખેલી હતી. આમ બંને સ્યુસાઈડ નોટ અગાઉથી તેઓએ લખીને રાખી હતી, અને સમગ્ર ઘટના બાદ આખરે દોઢ વર્ષબાદ ગઈકાલે ૨૭ ઓગષ્ટ ૨૦૨૬ ના રોજ પુત્ર દેવ પરમારે ગાંધીનગરના અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જામનગરના પ્રતિષ્ઠિત મનાતા વાઢેર પરિવાર અને દોમડીયા પરિવારના ૧૧ સભ્યો સામે ગુનો દાખલ કરાવ્યો છે. બંને સુસાઈડ નોટ ની વાત કરવામાં આવે તો પ્રથમ ૨૯ ડીસેમ્બર ૨૦૨૪ ના રોજ લખેલી ચાર પાનાની સુસાઈડ નોટમાં આક્ષેપ કરાયો હતો કે જામનગર ના વ્યાજખોરો ભીખુભા હરીસિંહ વાઢેર, ને તેના પુત્રો ધવલસિંહ, વિરેન્દ્રસિંહ અને શૈલેન્દ્રસિંહ કે જેઓએ મુદ્દલ અને વ્યાજની તમામ રકમ ત્રણ ટકા લેખે ચુકવી આપી હોવા છતાં સેફટી માટે પોતાના નામે કરાવેલી મિલકતો પરત આપતા નથી ઉપરથી ચક્રવૃદ્ધિ વ્યાજ વસુલી ત્રાસ આપી રહ્યા છે ત્યારબાદ બીજી સુસાઈડ નોટ ૨- જાન્યુઆરી ૨૦૨૫ના લખેલી હતી જેમાં પ્રવીણભાઈ દોમડીયા અને તેના પરિવારે નંદવિદ્યા નિકેતન સ્કૂલની ૫૦ ટકા મિલકતનો દસ્તાવેજ કરાવી લીધા બાદ રૂપિયા ૩.૫૦ કરોડ થી વધુ માંગણી કરી અસમાનસિક ત્રાસ આપ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો સમગ્ર સ્ટેટમેન્ટ અને દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે તો કુલ ૨૮ જેટલી પ્રોપર્ટી પચાવી પાડયા નું અનુમાન લગાવવામાં આવ્યું છે. જેમાં બેંક સ્ટેટમેન્ટ અને સબ રજીસ્ટર કચેરીના દસ્તાવેજો વગેરે પણ ચકાસવામાં આવ્યા હતા, જેમાં વ્યાજ પેટે લીધેલા નાણા ની સિક્યુરિટી અને જામીનગીરી પેટે વાઢેર પરિવાર જામનગર શહેર, નાઘેડી નગરસિમ અને રાવલસર ગામની સીમમાં આવેલી કુલ ૨૮ કીમતી જમીનો તથા પ્લોટ વગેરેના વેચાણ દસ્તાવેજો પોતાના તથા પોતાના પરિવારની મહિલાઓના નામે કરાવી લીધા જામનગર નજીક ઢીંચડા ગામની સીમમાં આવેલી ૧૭,૦૨૭ ચોરસ ફૂટ જમીન પરની નંદવિજ્ઞાન નિકેતન સ્કૂલ પૈકી ૭,૦૦૨૧ ચોરસ મીટર મિલકત ૫૦% હિસ્સો પ્રવીણભાઈ લખમણભાઈ નાણાકીય રોકાણ સામે સિક્યુરિટી પેટે પોતાના તથા પત્ની કાંતાબેન ના નામે રજીસ્ટર કરાવી દીધો હતો, અવેજ પેટે પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક બે ટકા લેખે કરોડોનું વ્યાજ વસુલ્યું હોવા છતાં દોમડીયા પરિવારે સ્કૂલ નો સો ટકા કબજો વગરનો કરાર પોતાના પુત્ર વિશાલ દોમડીયા ના નામે કરાવી લીધો હતો, જે દસ્તાવેજ કરી દીધા બાદ પણ ૫૦ કરોડની વધુ માંગણી કરી માનસિક ત્રાસ આપવાનું ચાલુ રખાયું હતું.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે મેરામણભાઈ પરમાર એ ૨૦૧૬ માં સૌરાષ્ટ્રની સૌ પહેલી પાંચ કરોડની રેન્જ રોવર કારની પણ ખરીદી કરી હતી અગાઉ ૨૦૨૦ માં પણ મેરામણભાઈએ મોડી રાતે માકડ મારવાની ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં હવે પોલીસ ફરિયાદ થઈ છે, ત્યારે તપાસ બાદ અનેક ચોંકાવનારા ખુલાસાઓ થાય તેમ મનાઈ રહ્યું છે અને જામનગર વર્તુળમાં આ ફરિયાદને લઈને ભારે ચકચાર મચી ગઈ છે.

## નંદવિદ્યા નિકેતન સ્કૂલનો ૫૦% હિસ્સો લખાવી લીધાનો ઉલ્લેખ: પાંચ કરોડની રેન્જ રોવર ખરીદનાર બિલ્ડરે ૨૦૨૦માં પણ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું બહાર આવ્યું

### વાઢેર અને દોમડિયા પરિવારના ૧૧ સભ્યો સામે ફરિયાદ

હાલારના અગ્રણી ભીખુભા હરીસિંહ વાઢેર, ધવલસિંહ ભીખુભા વાઢેર, વિરેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, શૈલેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, ગજરાબા ભીખુભા વાઢેર, અનિતાબા વિરેન્દ્રસિંહ વાઢેર, કશ્મીરાબા ધવલસિંહ વાઢેર, પ્રવિણભાઈ શૈલેન્દ્રસિંહ વાઢેર, પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ દોમડિયા, કાંતાબેન પ્રવિણભાઈ દોમડિયા અને વિશાલ પ્રવિણભાઈ દોમડિયા સામે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

# વેપન કાર્ટેલ : હત્યાના ગુનામાં સંડોવાયેલા અકીલ સૈયદે છુપાવેલા વધુ બે હથિયારો મળ્યા

## પીસીબી ટીમે સાબરમતી જેલમાંથી કબ્જો મેળવ્યા બાદ આરોપી પોપટ બન્યો : આજીડેમ નજીક પથ્થર નીચે થેલીમાં સંતાડેલા પિસ્ટલ અને તમંચો કબ્જે

**અબતક, રાજકોટ**

શહેર પીસીબી ટીમે વેપન કાર્ટેલનો પર્દાફાશ કરી ત્રણ ડઝનથી વધુ હથિયારો કબ્જે કર્યા બાદ સાવર કુંડલાના શખ્સે સપ્લાય કરેલા બે પિસ્ટલ અને ૧૧ કાર્ટિસ પકડી પાડ્યા હતા. બાદમાં પોલીસે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા કાપતા સપ્લાયરનો સાબરમતી જેલમાંથી કબ્જો મેળવી આકરી પૂછપરછ કરતા પોપટ બનેલા અકીલ સૈયદે આજીડેમ નજીક પથ્થર નીચે થેલીમાં વધુ બે હથિયારો છુપાવ્યાની કબૂલાત આપતાં પીસીબી ટીમે વધુ એક પિસ્ટલ અને તમંચો કબ્જે કર્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેર વિસ્તારના લોકોની જાનમાલનુ રક્ષણ થાય અને ગુન્હાખોરી ઉપર અંકુશ રહે તે હેતુસર ગુન્હાઓ અટકાવવા અને અસરકારક કામગીરી કરવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને પકડવાની આપેલ સુચનાથી પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ મહીપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણાને મળેલ સંયુકત બાતમીના આધારે ગઈ તા.૧૮ ના રોજ ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ નંગ-૨ તથા જીવતા કાર્ટીસ નંગ-૧૧ સાથે યાકીબ



સિકંદર મામટી રહે. નેહરુનગર મેઈન રોડ, રૈયા રોડ) અને અરબાઝ ઉર્ફે ફિરોઝ અમીન કાજી (રહે. હાથીખાના મેન રોડ, આર્ય સમાજ રોડ) ને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ હતી.આ ગુન્હાની તપાસ પીસીબી પીએસઆઈ આર.કે.જાડેજાએ આગળ વધારી પકડાયેલ ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ નંગ-૨ તથા જીવતા કાર્ટીસ નંગ-૧૧ હાલ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવતા આરોપી અકીલ સૈયદએ આપેલ હોય. જેથી આરોપી અકીલ વલી સૈયદ (ઉ.વ.30 રહે.સાવરકુંડલા જુના બસ સ્ટેન્ડ પાસે પઠાણ ફળીયુ) નો અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતેથી કબ્જો લઈ નામદાર કોર્ટમાંથી ૫ દિવસના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવવામાં આવેલ હતાં.

રીમાન્ડ દરમ્યાન આરોપી અકીલ સૈયદએ આજીડેમ ચોકડી પાસે રવિવારી બજારની પાછળ આવેલ જીવદયા ઘર પાંજરાપોળ અને પ્રાણી સંગ્રાહાલયની વચ્ચે ડેમના પાળાની અંદર આવેલ સીમેન્ટની પાઈપ લાઈનના વાલ પાસે પથ્થર નીચે થેલીમાં છુપાવી રાખેલ ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ નંગ-૧ અને દેશી બનાવટના કટ્ટો (તમંચો) નંગ-૧ કબ્જે કરવામાં આવેલ હતાં. જ્યારે પીસીબીની ટીમે હાલ સુધીમાં ત્રણ આરોપીઓને કુલ-૪ દેશી બનાવટના હથીયારો તથા જીવતા કાર્ટીસ નંગ-૧૧ પકડી પાડવામાં આવેલ છે.

# મનહરપૂરના યુવકનો અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત

## યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી : પરિવારનો લાડલો છીનવાઈ જતા કલ્પાંત

**અબતક, રાજકોટ**

શહેરના મનહરપુર ૧ ખીજડાવાળા રોડ પર રહેતા ૧૮ વર્ષીય યુવકે રક્ષા બંધનના પ્રવિત્ર દીવસે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ની ટીમને જાણ કરતા તબીબે તેને ઘટના સ્થળ પર જ યુવકને મૃત જાહેર કરતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોરી ગયો હતો અને મૃતદેહ અને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાત ના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે અને યુવાનો નાની-નાની બાબતે અમૂલ્ય જીવનને મોતના ખપ્પરમાં હોમી રહ્યા છે ત્યારે મનહરપુર એક ખીજડાવાળા રોડ પર ઉમિયાઢાળ પાસે રહેતા જયેશ રાજુભાઈ ચાવડા ઉંમર વર્ષ ૧૮ વર્ષીય યુવકે ગઈકાલે બપોરે પોતાના ઘરે હતો ત્યારે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ની ટીમને દોડી ગઈ હતી અને તબીબે ઘટના સ્થળે પર યુવકને મૃત જાહેર કરતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોરી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો રક્ષા બંધન પ્રવિત્ર દીવસે પરિવાર યુવકના મોત થી પરિવારમાં હૈયાફાટ રુદન ના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે અને વધુ તપાસ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન વી ચાવડા ચલાવી રહ્યા છે

# કિસાન પેટ્રોલપંપ નજીક રેલવે ટ્રેક પરથી યુવકનો મૃતદેહ મળ્યો

## ટ્રેનની ઠોકરે કે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું તે મુદ્દે તપાસનો ધમધમાટ : વાલી વારસની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના સોલવન્ટ ફાટક અને કિસાન પેટ્રોલ પંપ વચ્ચે અજાણ્યા યુવકનો ટ્રેન હેઠળ કપાયેલો મૃતદેહ મળતા ઘટના સ્થળ પર આજીડેમ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ ને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને વાલી વારસની શોધ ખોળ હાથ કરી હતી આ અંગે મળતી માહિતી મુજબ શહેરના દિવસે અને દિવસે આપઘાતના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે સોલ્વટ ફાટક અને કિસાન પેટ્રોલ પંપ વચ્ચે રેલ્વે લાઈન પર અજાણ્યાં યુવક ઈજાગ્રસ્ત હાલતમાં મળતા ૧૦૮ ની ટીમ દોડી ગઈ હતી અને તબીબે સ્થળે પર યુવકને મૃત જાહેર કરતા આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક યુવાને ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે આ અંગે યુવકની ઉંમર આશરે ૨૫ વર્ષ હોઈ અને હાલ આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ જે એમ જાડેજાએ આપઘાતનું કારણ અને વાલી વારસની શોધખોળ હાથ ધરી છે યુવક અંગે માહિતી હોય તે આજીડેમ પોલીસ મથક માં સંપર્ક કરવા જણાવ્યું હતું

# રૈયારોડ પર સિટી બસના કંડકટરે ઝેરી ટીકડા ખાઈ જીવન ટુંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના રૈયા ગામ લાઈટ હાઉસમાં રહેતા અને સીટી બસમાં કંડકટર તરીકે નોકરી કરતા યુવાને કેન્સર થી બીમારીથી કંટાળીને પોતાના ઘરે વહેલી સવારે ઝેરી ટીકડા ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર મળે તે પહેલા તબીબે યુવાનને મૃત જાહેર કરતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકે સુસાઈડ નોટ મળી આવી હતી

આ અંગે મળતી મુજબ શહેર દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે.ત્યારે રૈયા લાઈટ હાઉસમાં વિંગ-૨માં પહેલા માળે આવેલા ક્વાર્ટર નંબર ૧૦૩માં રહેતા રમેશભાઈ કાંતિલાલ અમરેલીયા ઉ.વ.૪૦ વર્ષીય યુવાને આજે વહેલી સવારે ઘરે ઝેરી દવાઓના ટીકડા ખાઈ લેતા ઉલ્ટી ઉબકા કરવા લાગતા પોતે દવાના ટીકડા ખાધા હોવાનું કહેતા તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર કારગત નીવડે પૂર્વે જ દમ તોડી દીધો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સીટી પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આ અંગે યુવકે આપઘાત પૂર્વે એક ચીઠી લખી હતી જે પોલીસને મળી આવતા તેમાં લખ્યું હતું કે, હું રમેશ એટલા માટે પગલું ભરું છું કે, મને મોઢામાં ચાંદી અને મોઢામાથી લોહીની ઉલ્ટીઓ થઈ હતી

# રૂડા કર્વાટરમાં માતાએ કામ બાબતે ઠપકો આપતા તરૂણીએ જીવ આપ્યો

## જનેતાના આકરા વેણથી રક્ષા બંધનના દિવસે પુત્રીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર રૂડા કવાર્ટર માં રહેતી ૧૭ વર્ષીય તરુણીએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ની ટીમ દોડી ગઈ હતી અને ઘટના સ્થળ પર જ તરુણીને મૃત જાહેર કરતા આજીડેમ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે તરુણીની માતા એ કામ બાબતે ઠપકો આપતા આપઘાત કર્યાની પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે.આ અંગે મળતી માહિતી મુજબ શહેરના દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે નાની નાની બાબતે યુવાનો મોતના ખપ્પરમાં હોમાઈ જિંદગી ટૂંકાવી રહ્યા છે ત્યારે ગોંડલ રોડ પર શિવ હોટલની પાછળ રૂડા કવાટરમાં રહેતી સાનિયાબેન મહેબૂબભાઈ ફુલાણી ઉંમર વર્ષ ૧૭ વર્ષીય તરુણીએ ગઈકાલે માતા કામ બાબતે ઠપકો આપતા માઠુ લાગી જતા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ની ટીમ દોડી ગઈ હતી અને ઘટના સ્થળ પર તબીબે તરુણી ને મૃત જાહેર કરતા આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો રક્ષા બંધનના પ્રવિત્ર દીવસે પરિવાર તરુણીના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે માતાએ ઠપકો આપતા આપઘાત કર્યાનું પ્રાથમિક તપાસ જાણવા મળ્યું છે મૃતક બે માં નાની અને એક ભાઈ હોય અને વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ તેજપાલસિંહ સરવૈયા વધુ તપાસ હાથ ધરી છે

# મોબાઈલના વળગણ અંગે માતા-પિતાએ ઠપકો આપતાં બે બહેનોએ ઘર છોડ્યું: પોલીસે મિલન કરાવ્યું

## જસદણના કડુકા ગામેથી બે સગી બહેનો ગત તા.૨૪ ના નીકળી ગઈ ચોટીલા દર્શન કરી રાજકોટથી ગોંડલમાં કેટરર્સમાં નોકરી કરવા લાગી’તી

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયાના યુગમાં લોકો માટે મોબાઈલ અને તેની દુનિયા જ સર્વસ્વ બની ગઈ હોય તેવા બનાવો છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવા જ એક બનાવમાં જસદણના કડુકા ગામે રહેતી બે બહેનોને માતા-પિતાએ સતત મોબાઈલના ઉપયોગ કરવા અંગે ઠપકો આપ્યો હતો. જે બાબતનું માઠુ લાગી આવતા બંને બહેનો ગત તા.૨૪ ઓગસ્ટના રોજ ઘરેથી નીકળી ગઈ હતી. જે અંગે રૂરલ એલસીબી ટીમે તાત્કાલિક સંવેદનશીલતા દાખવી બંને બહેનોને શોધી કાઢી પરીવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. પ્રાપ્ત વિગત મુજબ, જસદણના કડુકા ગામે રહેતા કાનજીભાઈ પ્રાગજીભાઈ અણીયાળીયાની બે દીકરીઓ રવિનાબેન (ઉ.વ.૨૩) અને સ્નેહલબેન (ઉ.વ.૧૮) કોઈને પણ કહ્યા વગર પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. આ અંગે તેણીના પિતા કાનજીભાઈએ ભાડલા પોલીસ સ્ટેશનમાં તેઓની બંને પુત્રી ગુમ થયાની જાણ કરતાં પોલીસ એક્શનમાં આવી હતી.

જસદણ એએસપી ડો.નવીન ચક્રવર્તી રેપુડી ના સુપરવિઝન હેઠળ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં પીએસઆઈ પી.એન.ભરવાડની ટીમે તાત્કાલિક ટેકનિકલ સોર્સિસ તેમજ હ્યુમન સોર્સિસ (બાતમીદારો) ની મદદથી તપાસ શરૂ કરી હતી. ચોક્કસ ખાનગી હકીકતના આધારે પોલીસે બંને બહેનોને ગોંડલ ખાતેથી સહીસલામત શોધી કાઢી હતી અને તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુમ થયાં બાદ મળી આવેલ મોટી પુત્રીએ ગ્રેજ્યુએશન અને નાની પુત્રએ ધો.૭ સુધી અભ્યાસ કરેલ છે. બંને પુત્રીઓ ઘરકામમાં મદદ કરવાના બદલે સતત મોબાઈલ જ જોયા રાખતી હોય જેથી બંને પુત્રીઓને માતા પિતાએ ઠપકો આપતાં ગઈ તાં.૨૪ ના ઘરેથી નિકળી ગઈ હતી. બંને પ્રથમ ચોટીલા દર્શન કરી રાજકોટ આવ્યાં અને અહીંથી ગોંડલ જવા નિકળી હતી, જ્યાં કેટરર્સમાં કામે રહી જઈ જીવન નિર્વાહ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, તે પહેલાં જ પોલીસ પહોંચી ગઈ હતી અને બંને યુવતીઓનું રેસ્ક્યુ કર્યું હતું. ઘટના બાદ રૂરલ પોલીસે સંતાનો અને વાલીઓને ટાંકી એક અપીલ કરતા જણાવ્યું છે કે, જીવનમાં કોઈ તકલીફ હોય તો ઘર છોડવું એ ઉપાય નથી. તમારા સંતાનોને ઠપકો ન આપો, તેમની સાથે મિત્ર બની વાત કરો. બહારની દુનિયા એટલી સુરક્ષિત નથી જેટલી આપણે ધારીએ છીએ. લગ્ન, ભણતર કે અન્ય બાબતે બાળકો પર વધુ પડતું દબાણ ન કરો. આવારા અને રોમિયો જેવા લુખ્ખા તત્વોથી હંમેશા સાવધાન રહો. બાળક મોબાઈલ પર કોની સાથે વાત કરે છે અને સોશિયલ મીડિયા પર શું જુએ છે તેનું ધ્યાન રાખો. અપરિચિત વ્યકિતની લોભ-લાલચ કે વિશ્વાસમાં ન આવવું. સંતાનોને ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે વોટ્સએપ પર અજાણ્યા લોકોને ફોલો ન કરવા સમજાવો. સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિઓ સાથે વાતચીત ટાળવી. સંતાનોની ભૂલ થાય તો પ્રેમથી સમજાવો જેથી તે ઘર છોડીને ન જાય. કોઈપણ તકલીફમાં તાત્કાલિક ૧૧૨ અથવા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનનો સંપર્ક કરો. જો બાળક અચાનક ગુમ થાય તો તુરંત ૧૧૨, ૧૦૯૮ કે નજીકના પોલીસ સ્ટેશને જાણ કરો.

### રૂરલ એલસીબી પીઆઈ જે પી રાવ અને પીએસઆઈ પી એન ભરવાડની ટીમે બંને બહેનોને શોધી પરીવાર સાથે સુખદ ભેંટો કરાવ્યો

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**એસ્કેલેટર્સ ની જોગવાઈ અને ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું નવીનીકરણ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૯ અને ૩૦ (ઈએલ) તા.૨૭.૦૮.૨૦૨૬ **અનું. નં. ૧ :** ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૨૯, **કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝન ઉપર ૧૨m પહોળા FOB કામોના સંબંધમાં ૧૦ વર્ષોના સર્વગ્રાહી જાળવણી કોન્ટ્રાક્ટ સહિત એસ્કેલેટર્સની જોગવાઈ કરવાનું કામ. **અંદાજિત પડતરઃ** ₹ ૮,૨૦,૦૬,૬૨૭.૮૬/-, **ઈએમડી પડતરઃ** ₹ ૧૬,૪૦,૧૦૦/- **અનું. નં. ૨ :** ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૩૦, **કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું નવીનીકરણ. **અંદાજિત પડતરઃ** ₹ ૩૮,૪૯,૨૪૧.૫/- **ઈએમડી પડતરઃ** ₹ ૭૭,૦૦૦/- **બંને ટેન્ડરો માટે : ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-129

અમને ફોલો કરો: X x.com/WesternRly

**CHANGE OF NAME**

**GOLVALA ARAVA SHABBIRBHAI** CHANGE MY NAME FROM **GOLVALA ARVABAI SHABBIRBHAI** TO **GOLVALA ARAVA SHABBIRBHAI** HENCE IN FUTURE WILL BE KNOWN AS **GOLVALA ARAVA SHABBIRBHAI** **Add:**GOLVALA ARAVA SHABBIRBHAI parevdichowk Rajkot

**CHANGE OF NAME**

**GOLVALA SHABBIRBHAI ASAGARALI** CHANGE MY NAME FROM **GOLVALA SABIR ASGRARALI** TO **GOLVALA SHABBIRBHAI ASAGARALI** HENCE IN FUTURE WILL BE KNOWN AS **GOLVALA SHABBIRBHAI ASAGARALI** **Add:**GOLVALA SHABBIRBHAI ASAGARALI parevdichowk Rajkot.

## તંત્રી લેખ

# ઉર્જા ક્ષેત્રે ભારત આત્મનિર્ભર

ભારત આર્થિક મહા સત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે આત્મનિર્ભર ભારત ના સૂત્ર ઉર્જા ક્ષેત્રે સૌથી પ્રથમ ફળીભૂત થયું હોય તેમ ઊર્જાનું ઉત્પાદન નું ભારત માટે ‘‘શુકનવન્તુ ‘‘સાબિત થવા લાગ્યું છે.

વિશ્વ આજે જ્યારે ગ્લોબલ વોર્મિંગ અને ઉર્જા સંકટના દૌરમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભારત પવન અને સૂર્ય ઉર્જા ના રૂપે પુનઃપ્રાપ્ય ઉર્જા નવીનીકરણીય ઉર્જા અને વીજ ઉત્પાદન ક્ષેત્રે એક અનોખી ક્રાંતિ સર્જી રહ્યું છે. તાજેતરમાં સામે આવેલા અહેવાલો મુજબ, પડોશી દેશ નેપાળ ભારત પાસેથી વીજળીની આયાત કરવા તરફ આગળ વધી રહ્યું છે. ભૂતકાળમાં જ્યાં ભારત અન્ય દેશો કે સંસાધનો પર નિર્ભર રહેતું હતું, ત્યાં હવે પડોશી દેશોને પણ વીજળી પૂરી પાડવા માટે સક્ષમ બની રહ્યું છે. આ બદલાવ ભારતની વધતી આર્થિક અને તકનીકી ક્ષમતાનું પ્રતીક છે.

આ સિદ્ધિ પાછળ દેશનું હરિત ઉર્જા પરનું ધ્યાન કેન્દ્રિત આયોજન છે. ખાસ કરીને પવન ઉર્જા અને સૂર્ય ઉર્જા ના ક્ષેત્રમાં ભારતે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. દેશના વિવિધ રાજ્યોમાં સ્થાપવામાં આવેલા વિશાળ સોલાર પાર્ક અને પવનચક્કીઓ આજે લાખો મેગાવોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન કરી રહ્યા છે. ’પ્રધાનમંત્રી સૂર્ય ઘર’ જેવી યોજનાઓ અને પવન ઉર્જા પ્રોજેક્ટ્સે માત્ર પર્યાવરણનું રક્ષણ જ નથી કર્યું, પરંતુ દેશની વીજ જરૂરિયાતોને પહોંચી વળવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ભારતનો લક્ષ્યાંક માત્ર પોતાના દેશની જરૂરિયાતો પૂરી કરવાનો નથી, પરંતુ ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનીને ’ગ્લોબલ ઉર્જા હબ’ બનવાનો છે. નેપાળ જેવા દેશો સાથે વીજળીના વેપારથી માત્ર આર્થિક લાભ જ નહીં થાય, પરંતુ દક્ષિણ એશિયામાં ભારતનું રાજનૈતિક અને વ્યૂહાત્મક સ્થાન વધુ મજબૂત બનશે.

ઉર્જા આત્મનિર્ભરતા એ દેશના આર્થિક વિકાસ અને પર્યાવરણીય સતતતાની પાયાની જરૂરિયાત છે. સોલાર અને વિન્ડ એનર્જી ક્ષેત્રે થઈ રહેલું ઝડપી કામ ભારતને ભવિષ્યના ઈંધણ સંકટથી સુરક્ષિત રાખશે. જો આ જ ગતિએ કામ ચાલુ રહેશે, તો ભારત ખૂબ જ ટૂંક સમયમાં સંપૂર્ણપણે ઉર્જા આત્મનિર્ભર બનીને વિશ્વ સમક્ષ હરિત અને સસ્ટેનેબલ વિકાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડશે.

# રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશન દ્વારા ૧૬૫થી વધુ બહેનો માટે તરણ સ્પર્ધા યોજાઈ

## મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે સ્પોર્ટ્સ ડેની ઉજવણી સાથે પાંચ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા સ્વિમરોનું ભવ્ય સન્માન




**અબતક, રાજકોટ**

રક્ષાબંધનના પવિત્ર પર્વ તેમજ મેજર ધ્યાનચંદજીના તા. ૨૯ ઓગસ્ટના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા રાષ્ટ્રીય રમત દિવસના ભાગરૂપે રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશન (RDSA) દ્વારા તા. ૨૭ ઓગસ્ટના રોજ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટના સ્વિમિંગ કોચ બંકિમ જોશી તથા દિનેશભાઈ હપાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મહિલાઓ માટે વિશેષ સ્વિમિંગ સ્પર્ધા ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ મેળવનાર પાંચ રાજકોટના સ્વિમરોનું અતિભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

રક્ષાબંધન નિમિત્તે આયોજિત મહિલાઓની વિશેષ સ્વિમિંગ સ્પર્ધામાં ૧૬૫થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન મહિલાઓમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ અને જુસ્સો જોવા મળ્યો હતો. રક્ષાબંધનના પર્વને રમતગમત સાથે જોડીને મહિલાઓને સ્વિમિંગ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાનો આ પ્રયાસ રહ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માનિત થયેલા રાજકોટના પાંચ નેશનલ અને ઈન્ટરનેશનલ મેડલ વિજેતા સ્વિમરોનું RDSA પરિવાર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં હીર પિત્રોડા, ઈન્ટરનેશનલ એશિયન એજ ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ, ઈન્દ્રેશબેન પલાણ આંતરરાષ્ટ્રીય પેરા સ્વિમિંગ ખેલાડી અને સરદાર પટેલ એવોર્ડ વિજેતા, જિગર ઠક્કર સરદાર પટેલ એવોર્ડ વિજેતા અને આંતરરાષ્ટ્રીય પેરા સ્વિમિંગ ખેલાડી, વિહાબેન જાની, જયદીપસિંહજી બારૈયા જુનિયર એવોર્ડ તથા નેશનલ એવોર્ડ વિજેતા અને જિનલબેન પિત્રોડા, જયદીપસિંહજી બારૈયા જુનિયર એવોર્ડ વિજેતાનો સમાવેશ થાય છે.

કાર્યક્રમમાં રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુક્લ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ કેબિનેટ મંત્રી ઉમેશભાઈ રાજ્યગુરુ, અગ્રણી ઉદ્યોગપતિ ચીમનભાઈ હપાણી, ચંદ્રેશભાઈ ખાનપરા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, એસ.એ.જી. સ્પોર્ટ્સ સેન્ટરના રમા મેડમ, વોર્ડ નં. ૧૧ના પ્રમુખ હિરેનભાઈ મૂંગપરા, રક્ષિતભાઈ કાલોલા, કોર્પોરેટર મહેશભાઈ પીપરિયા તથા વોર્ડ નં. ૧૧ના મહામંત્રી મૂળુભાઈ ઓડેદરા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. RDSA દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ખેલાડીઓ તથા મહેમાનો માટે રિફ્રેશમેન્ટ અને ભેટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ડો. પ્રવીણ તોગડીયાની ઉપસ્થિતિમાં ધર્મસભાનું આયોજન

## બાલાજી મંદિર ખાતે રવિવારે રાત્રે યોજાનાર ધર્મસભામાં વિવિધ આગેવાનો અને સંતો-મહંતોની રહેશે પ્રેરક ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, અને રાષ્ટ્રીય મહિલા પરિષદ ઓજસ્વિની રાજકોટ મહાનગર દ્વારા ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપવા અને આમંત્રણ પાઠવવા માટે સંસ્થાના પ્રતિનિધિઓ પ્રીત લઢેર, રસિકભાઈ સોલંકી, નિકુંનભાઈ રાઠોડ અને હંસાબેન વાળાએ ’અબતક’ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.



આ શુભેચ્છા મુલાકાત દરમિયાન આગેવાનોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ધર્મસભાનું આયોજન રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે કરણસિંહજી રોડ પર આવેલા બાલાજી મંદિરના ઉપરના હોલમાં કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ અને ઓજસ્વિનીના સંસ્થાપક અધ્યક્ષ, હિન્દુ હૃદય સમ્રાટ તથા પ્રસિદ્ધ કેન્સર સર્જન ડોક્ટર પ્રવીણભાઈ તોગડીયા ખાસ ઉપસ્થિત રહેશે.

આ ધર્મસભામાં ડો. પ્રવીણભાઈ તોગડીયા ઉપરાંત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ, રાષ્ટ્રીય કિસાન પરિષદ ગુજરાતના પ્રભારી તથા સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મલસિંહ ખુમાણ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રી વસંતભાઈ પટેલ તેમજ સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. ’અબતક’ની મુલાકાતે આવેલા હોદ્દેદારોએ તમામ હિન્દુ ધર્મપ્રેમી ભાઈઓ અને બહેનોને આ ધર્મસભામાં સમયસર ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

# ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ ચેપ્ટરની નવી ટીમની નિમણૂંક

## આગામી સમયમાં સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ અને પ્રોફેશનલ વર્કશોપનું કરાશે આયોજન

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય કક્ષાએ પ્રોફેશનલ ટ્રેનિંગ અને હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત સંસ્થા ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ રાજકોટ ચેપ્ટર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૮ની નવી ટીમની નિયુક્તિ અને વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે આઈએસટીડી રાજકોટની નવનિયુક્ત ટીમના હોદ્દેદારોએ ’અબતક’ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈ સંસ્થાની આગામી પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.



તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં નવી ટીમનું પદગ્રહણ અને સત્કાર સમારંભ યોજાયો હતો. વર્ષ ૨૦૨૬-૨૮ માટે આઈએસટીડી રાજકોટ ચેપ્ટરના ચેરમેન તરીકે શ્રી ડો. પાર્થ પંડ્યા, મેન્ટોર તરીકે પૂર્વ ચેરમેન અને રાષ્ટ્રીય કારોબારી સભ્ય ચેતન ભોજાણી, સેક્રેટરી તરીકે ઉમેશ પાલ, ટ્રેઝરર તરીકે કિરણભાઈ મારાડીયા તેમજ રાષ્ટ્રીય કારોબારી સભ્ય તરીકે પારસ રૂધાણીની નિમણૂંક કરવામાં આવી છે. ’અબતક’ની મુલાકાત દરમિયાન ડો. પાર્થ પંડ્યા, ચેતન ભોજાણી, ઉમેશ પાલ અને વિપુલ માલીએ સંસ્થાની ભાવિ યોજનાઓ રજૂ કરી હતી.

આ શુભેચ્છા મુલાકાત દરમિયાન હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, દેશભરમાં ૬૦થી વધુ ચેપ્ટર્સ, ૧૦,૦૦૦થી વધુ સભ્યો અને ૪૦૦થી વધુ કોર્પોરેટ/સંસ્થાકીય સભ્યો ધરાવતી આ સંસ્થા પ્રોફેશનલ માનવ સંસાધન તૈયાર કરવાનું કાર્ય કરી રહી છે. આવનારા સમયમાં રાજકોટ અને આસપાસના વિસ્તારમાં સ્કિલ ડેવલપમેન્ટની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ તાલીમ કાર્યક્રમો અને પ્રોફેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવશે. આઈએસટીડીના પ્રોફેશનલ પ્રોગ્રામ્સ અને મેમ્બરશિપ મેળવવા માટે સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ‘અબતક’ મીડિયાના નિર્ભીક ક્રાઈમ રિપોર્ટર ગૌરવરાજસિંહ ગોહિલનો આજે જન્મદિવસ

અબતક મીડિયાના નિર્ભીક અને વિશ્વસનીય પત્રકારત્વની ઓળખ સમાન ક્રાઈમ રિપોર્ટર ગૌરવરાજસિંહ ગોહિલનો આજે શુભ જન્મદિવસ છે.પત્રકારત્વ ક્ષેત્રે ખાસ કરીને ક્રાઈમ રિપોર્ટિંગમાં ગૌરવરાજસિંહે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. ગુનાખોરીના બનાવોની પળેપળની સચોટ માહિતી, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અને પોલીસ તંત્ર સાથે સંબંધિત મહત્ત્વના સમાચારો વાચકો સુધી સૌથી ઝડપી અને નિષ્પક્ષ રીતે પહોંચાડવામાં તેઓ હંમેશા અગ્રેસર રહે છે.પોતાની આગવી સૂઝબૂઝ, નીડરતા અને સમર્પિત કાર્યશૈલી માટે જાણીતા ગૌરવરાજસિંહ ગોહિલને આજે તેમના જન્મદિવસ નિમિતે ‘‘અબતક પરિવાર‘‘ લાખેણી શુભેરછા પાઠવે છે. આજે તેઓનો મોં.નંબર ૯૯૭૪૩ ૫૪૨૬૦ પર સ્નેહીજનો અને શુભેચ્છકો તરફથી જન્મદિનની સાદર શુભેચ્છાઓ અને સફળ તેમજ દીર્ઘાયુ જીવનની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.



# ‘અબતક’ પરિવારના સોહમ મકવાણાનો જન્મ દિવસ

‘અબતક’ મિડિયાના મશીન વિભાગના સોહમ મકવાણાનો આજે જન્મ દિવસ છે. તેઓના યશસ્વી જીવન ૧૯ વર્ષ પૂર્ણ કરીને ૨૦ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. જેનો મશીન વિભાગમાં ખંતથી કામગીરી સંભાળી રહ્યા છે. તેઓના મળતાવડા સ્વભાગને કારણે ટુંકા સમયમાં તેઓએ સારી કામગીરીથી આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ત્યારે આજે જન્મ દિવસ નીમીતે તેઓના મો. નં. ૯૭૩૩૧ ૫૧૪૩૪ પર ઠેર ઠેરથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે.



# પરશુરામ યુવા સંસ્થાના આદ્યસ્થાપક નિરંજન દવેનો જન્મદિન




પરશુરામ યુવા સંસ્થાના આદ્યસ્થાપક તથા બ્રહ્મ સમાજના અગ્રણી નિરંજનભાઈ દવેનો આજે જન્મદિવસ છે. તેઓ મંગલમય જીવનના ૬૭મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. નિરંજનભાઈ દવે આઈ.ટી.આઈ.માં પ્રોફેસર તરીકે ફરજ બજાવી અનેક યુવાઓની કારકિર્દી ઘડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી ચૂક્યા છે. શિક્ષણ ક્ષેત્રે પોતાની ફરજ સાથે તેઓ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રીતે જોડાયેલા રહ્યા છે. પરશુરામ યુવા સંસ્થાના માધ્યમથી યુવાઓને સંગઠિત કરવા તથા સમાજના યુવાનોના સર્વાંગી વિકાસ માટે પણ તેમણે નોંધપાત્ર કામગીરી કરી છે. તેમના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો તથા બ્રહ્મ સમાજના આગેવાનો અને કાર્યકરો દ્વારા તેમને સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે ૯૪૨૬૯૯૮૯૪૦ શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સ્વ.પ્રવીણભાઈ મણીઆરની જન્મ જયંતિ નિમિતે રવિવારે રક્તદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઈ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ નિઃશુલ્ક સારવાર માટે આવે છે. રક્તદાતાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે.



હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે ત્યારે સ્વ.પ્રવીણભાઈ મણીઆર (કાકા)ની ૯૨ મી જન્મ જયંતી નિમિત્તે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે સરસ્વતી શિશુમંદિર સ્કૂલ, પ્રવીણકાકા મણીઆર કેમ્પસ, મારૂતિનગર-૧, એરપોર્ટ ફાટક પાસે, રેસકોર્સ, રાજકોટ ખાતે તા. ૩૦, ઓગસ્ટ, રવીવારે સવારે ૦૯ : ૩૦ થી બપોરે ૧૨ : ૩૦ વાગ્યા સુધી રકતદાન કેમ્પ યોજાશે.

# ધીરગુરૂદેવની નિશ્રામાં આગમતપ આરાધના

**અબતક, રાજકોટ**



ગોંડલ સંપ્રદાયના ધીરગુરૂદેવ તથા સાધ્વીરત્ના મીનાજી મહાસતીજી આદિ ઠાણાની નિશ્રામાં પ્રથમવાર એમ્બીવેલી ખાતે તપસ્વી રત્ના રિકીશાબેન જૈનએ માત્ર ગરમ પાણીના આધારે ૩૨ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી આત્મ શક્તિનો પરિચય કરાવ્યો છે.

તપસ્વીના પારણા ગુજરાતી સમાજ - ઘાટકોપરના પ્રમુખ જીતુભાઈ મહેતા, હર્ષા મહેતા, ચીમનભાઈ સાવલા, અમીશા વોરા, માલિનીબેન સંઘવી પરિવાર વગેરેના હસ્તે કરવામાં આવેલ.

સંઘાણી સંઘના પ્રમુખ અશોકભાઈ સંઘાણી વગેરે, ધર્માલયના સુભાષભાઈ રવાણી, રાજુભાઈ શાહ વગેરેનું અભિવાદન કરાયું હતું.

# કાલે હીટ્સ ઓફ કે.કે. ફોર એવર મ્યુઝિકલ નાઈટ

## લાખો શ્રોતાઓની લાગણીનો અવાજ સંગીતના અમર સુરોની યાદગાર સાંજ બની જશે




**અબતક, રાજકોટ**

શહેરના સંગીતપ્રેમીઓ માટે કાલે રવિવારે રાત્રે ૯:૩૦ કલાકે હેમુગઢવી હોલ ખાતે ફેમિલી કલબ રાજકોટ દ્વારા હીટ્સ ઓફ કે.કે. ફોર એવર મ્યુઝિકલ નાઈટનું આયોજન કરવામાં આવેલ છે. આ અનોખા કાર્યક્રમમાં ભારતના લોકપ્રિય અને બહુમુખી પ્રતિભાશાળી બેકગ્રાઉન્ડ સિંગર કૃષ્ણકુમાર કુન્નથના અવિસ્મરણીય ગીતોને સમર્પિત છે.

લાખો શ્રોતાઓની લાગણીઓ સાથે જોડાયેલો એક અવાજ જેણે પ્રેમ - મિત્રતા - યુવાની - વિરહ અને જીવનનાં અનેક ભાવોને પોતાના ગીતોમાં અદ્ભૂત રીતે વ્યક્ત કર્યો છે. તડપ તડપ, આંખો મે તેરી, તું હી મેરી સબ હે, સચ કહ રહા હે દિવાના, ખુદાજાને, ઝરા સા અને પારો જેવા કર્ણપ્રિય ગીતો રજુ થશે.

વોઈસ ઓફ ઝેનજી સાથે કે.કે.ના અમર ગીતોને સંગીતમય શ્રધ્ધાંજલિ કાર્યક્રમની પ્રવેશ ટિકીટ બુક માય શો ઉપરથી અને કાર્યક્રમની વિશેષ વિગત આયોજક જયેશ ઓઝા - ૯૪૨૯૦ ૪૫૨૧૪ ઉપરથી મળી શકશે.

આ ભવ્ય કાર્યક્રમમાં મુંબઈનાં જાણીતા ગાયકો શ્રીશાન વાડેકર, અમૃતા પાટીલ સોની ગીતો રજૂ કરશે. સુંદર સંચાલન જાણીતા કલાકાર હર્ષલ માંકડ રજૂ કરશે. આ કાર્યક્રમની સાંજ માત્ર ગીતો સાંભળવા નહીં પણ કે.કે.ના સંગીત યુગને ફરીથી જીવવાનો અનુભવ થશે.

## સરગમ કલબ, માતુશ્રી કલાવંતીબેન માઉ અને

# કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગો માટે મંગળવારથી ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**અબતક, રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉં અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૯/૨૦૨૬ મંગળવાર થી ૩/૦૯/૨૦૨૬ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૯/૨૬ મંગળવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં મુખ્ય સહયોગ માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉં ના પરિવારજનો શીલાબેન શૈલેષભાઈ માઉં, પ્રિયાંશી હર્ષિલ માઉં, પ્રીતિબેન વિરેન્દ્રભાઈ શાહ, દેવાંશી, કાવ્ય નો સહયોગ મળેલ છે.

# શિક્ષણ સમિતિના સભ્ય બનવા પાંચ મુદ્દાની ગાઈડલાઈન : વડીલોને પણ મળશે તક

## મહત્તમ વયમર્યાદા ૬૨ વર્ષ, સ્નાતક સુધીનો અભ્યાસ જરૂરી, અગાઉ કોર્પોરેશન હારેલાને તક નહીં મળે : ટિકિટ કપાયેલાને સમાવી શકાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યો બનવા માટે ભાજપ દ્વારા પાંચ મુદ્દાની ગાઈડલાઈન નક્કી કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં સૌથી મોટી બાબત એ છે કે ઓછામાં ઓછો સ્નાતક સુધી અભ્યાસ કરનાર વ્યક્તિને શિક્ષણ સમિતિના સભ્ય બનાવવામાં આવશે. કોર્પોરેશનની ચૂંટણી લડેલા અને હારી ચુકેલાને સભ્યપદ મળશે નહીં જો કે, જે લોકોની ટિકિટ કપાઈ છે તેને સભ્ય બનાવવા માટેનો દરવાજો ખુલ્લો રાખવામાં આવ્યો છે. ૬૨ વર્ષ સુધીની વય મર્યાદા નક્કી કરવામાં આવી છે. સાતમ-આઠમના તહેવાર પુર્ણ થતાની સાથે જ મેયર ડો. નેહલ શુકલ દ્વારા શિક્ષણ સમિતિની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવે તેવું હાલ મનાઈ રહ્યું છે.

રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓમાં ચૂંટણી પૂર્ણ થયા અને પદાધિકારીઓની નિયુક્તિ કરી દેવામાં આવી હોવાને મહિનાઓ વીતી ગયા છે. છતાં હજુ સુધી એક માત્ર અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી છે. રાજ્યની અન્ય ૧૬ મહાનગરપાલિકાઓમાં શિક્ષણ સમિતિના કોઈ ઠેકાણા નથી. દરમિયાન પ્રદેશ હાઈ કમાન્ડ દ્વારા શિક્ષણ સમિતિના સભ્ય બનવા ઈચ્છુક પક્ષના કાર્યકરો અને આગેવાનો માટે પાંચ મુદ્દાની મહત્વપૂર્ણ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હોવાનું અત્યંત વિશ્વસનિય સુત્ર પાસેથી જાણવા મળી રહ્યું છે. આ પાંચ મુદ્દાની માર્ગદર્શીકામાં મહત્તમ વય મર્યાદા ૬૨ વર્ષ રાખવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી ઉમેદવારો માટે વય મર્યાદા ૬૦ વર્ષ રાખવામાં આવી હતી. જ્યારે શિક્ષણ સમિતિમાં વડિલો અને અનુભવીનો સમાવેશ કરી શકાય તે માટે બે વર્ષની વય મર્યાદા વધારી ૬૨ વર્ષ કરવામાં આવી છે. શિક્ષણ સમિતિના સભ્ય એ વ્યક્તિ જ બની શકશે જેને જે ઓછામાં ઓછો ગ્રેજ્યુએટ હોય અગાઉ કોર્પોરેશનની ચૂંટણી હારી ગયેલાઓને સમિતિમાં સભ્ય તરીકે લેવામાં આવશે નહીં પરંતુ અગાઉ કોર્પોરેટર રહી ચુકેલા અને એક યા બીજા કારણોસર જેઓની ટિકિટ કપાઈ છે તેમને શિક્ષણ સમિતીમાં સાચવી લેવામાં આવશે. તે માટે દરવાજા ખુલ્લા રાખવામાં આવ્યા છે. ૧૦૦ ટકા નો રિપિટ થિયરીને પ્રાધાન્ય આપવામાં આવશે. એટલે કે સરકાર નિયુક્ત ત્રણ સહિત જે ૧૫ સભ્ય છે તેમાંથી કોઈને પણ રિપિટ કરવામાં આવશે નહીં ૧૨ સભ્યો પૈકી ઓછામાં ઓછા ચાર સભ્યો મહિલા હશે તે પણ માર્ગદર્શીકામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સામાન્ય રીતે શિક્ષણ સમિતિની રચના કર્યા બાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ પણ પાંચ વર્ષ માટે થતી હોય છે. પરંતુ ગત ટર્મમાં સભ્યો વચ્ચે મનમેળ ન હોવાના કારણે અને ચેરમેન સામે ભ્રષ્ટાચારના મોટાપાયે આક્ષેપ થયા હોવાના કારણે સમિતિ અર્ધ વચ્ચે વિસર્જીત કરી નાખવામાં આવી હતી. અને નવી સમિતીની રચના કરવામાં આવી હતી. કોર્પોરેશનની ચૂંટણીની માફક શિક્ષણ સમિતિના સભ્ય પદ માટે પણ પાંચ મુદ્દાની મહત્વપૂર્ણ માર્ગદર્શીકા પક્ષ દ્વારા જાહેર કરવામાં આવી છે. સભ્ય બનવા માટે ૩૦૦થી વધુ દાવેદારોએ શહેર ભાજપ પ્રમુખ સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી દીધી છે. હાલ તહેવારોનો માહોલ છવાઈ ગયો છે.

ત્યારે હવે સાતમ-આઠમના તહેવાર પુર્ણ થયા બાદ સમિતિની ચૂંટણી કરવા માટે મેયર દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. કોર્પોરેટરોની સભ્ય સંખ્યાને જોતા ૧૨ પૈકી એક સભ્ય કોંગ્રેસના અને અન્ય ૧૧ સભ્યો ભાજપના રહેશે. જ્યારે ત્રણ સભ્યોની નિયુક્તિ રાજ્ય સરાકર દ્વારા કરવામાં આવશે.

### નો રિપિટ થિયરીને અપનાવાશે : ૧૨ પૈકી ૪ સભ્યો મહિલા હોવા પણ જરૂરી, સાતમ-આઠમના તહેવાર બાદ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તેવી સંભાવના

# કોર્પોરેશનમાં કોંગ્રેસના નેતા તરીકે નગરસેવીકા દિપ્તીબેન સોલંકીની નિયુક્તિ

## પ્રદેશની લીલી ઝંડી મળતા શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા દ્વારા સત્તાવાર ઘોષણા

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે વોર્ડ નં. ૧૬ ના નગરસેવિકા દિપ્તીબેન સોલંકીની નિયુક્તિ કરવામાં આવી હોવાની સત્તાવાર ઘોષણા આજે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી છે. વિરોધપક્ષ તરીકે કોંગ્રેસના જનપ્રતિનિધિઓ હંમેશા લોકોના પ્રશ્નને વાંચા આપવા માટે જાગૃત રહેશે તેવું પણ તેઓએ જણાવ્યું હતું.

કોર્પોરેશનમાં માન્ય વિરોધ પક્ષની લાયકાત મેળવવા માટે ઓછામાં ઓછી ૧૦ ટકા બેઠકો જીતવી જરૂરી છે શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકોમાંથી કોંગ્રેસ માત્ર સાત બેઠકો જીતી શક્યું છે. સતત બીજી વખત માન્ય વિપક્ષની માન્યતાથી વંચીત રહ્યું છે. સભ્ય સંખ્યામાં ચોક્કસ વધારો થયો છે. પરંતુ વિપક્ષને મળતી કોઈ પણ સરકારી સુવિધાઓ પ્રાપ્ત થશે નહીં પ્રદેશ હાઈ કમાન્ડ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આજે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ વોર્ડ નં. ૧૬ ના નગરસેવિકા દિપ્તીબેન સોલંકીની કોર્પોરેશનના કોંગ્રેસ પક્ષના નેતા તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. તેઓ કોળી સમાજમાંથી આવે છે અને ખુબ મોટુ નામ ધરાવે છે. તેઓ આ જવાબદારી ખુબ જ ગંભીરતાથી નિભાવશે તેવો વિશ્વાસ પ્રમુખે વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

# રક્ષાબંધને ૪૧૮૩૩ બહેનોએ કરી સિટી બસ-બીઆરટીએસમાં મફત મૂસાફરી

## બી.આર.ટી.એસ.માં ૧૮૪૭૦ અને સિટી બસમાં ૨૩૩૬૩ મહિલાઓએ નિ:શુલ્ક મૂસાફરીનો લાભ લીધો

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ તા.૨૮-૦૮-૨૦૨૬, શુક્રવારના રોજ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સિટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા બહેનો/મહિલાઓ માટે નિ:શુલ્ક મુસાફરીની ભેટ અપાય છે. જેમાં બી.આર.ટી.એસ. બસમાં કુલ-૧૮૪૭૦ અને સિટી બસમાં કુલ-૨૩૩૬૩, સહિત કુલ-૪૧૮૩૩ બહેનો/મહિલાઓએ નિ:શુલ્ક સેવાનો લાભ લીધો હતો તેમ, મેયર ડો.નેહલ



શુકલ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો.હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

રક્ષાબંધનના પવિત્ર તહેવારના દિવસે કોઈપણ રૂટ પર, ગમે તેટલી વખત ફકત બહેનો/મહિલાઓ નિ:શુલ્ક મુસાફરી કરી હતી જયારે પુરુષો/ભાઈઓએ મુસાફરી દરમ્યાન રાબેતામુજબ જ નિયત દરની ટીકીટ લઈને મુસાફરી હતી હતી.

### દરિયાઈ જીવસૃષ્ટિના અભિન્ન અંગ એવા કાચબાના સંરક્ષણ માટે


# ગુજરાતના માછીમારો પ્રથમવાર 'ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ' અપનાવશે


## રાજ્યના માછીમારોની ફિશિંગ નેટમાં રૂ. ૨૦.૯૬ કરોડના ખર્ચે કુલ ૮,૯૦૦થી વધુ ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ લગાવવામાં આવશે

**અબતક રાજકોટ**

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત રાજ્ય મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે હંમેશાં અગ્રેસર રહ્યું છે. મત્સ્યક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરૂ કરાયેલી 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' અંતર્ગત દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને સીફૂડ નિકાસ ક્ષેત્રને નવી વૈશ્વિક ઓળખ આપવા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ગુજરાતમાં પ્રથમવાર માછીમારોની ફિશિંગ નેટમાં 'ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ' લગાવવાનો રાજ્ય સરકાર દ્વારા પ્રારંભ કરવામાં આવશે.

મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણી જણાવે છે કે, આ યોજના હેઠળ રાજ્યના ૮,૯૨૫ માછીમારોને ૧૦૦% સરકારી સહાય સાથે વિનામૂલ્યે 'ટર્ટલ એક્સકલુડર ડિવાઈસ' પૂરાં પાડવામાં આવશે. કુલ રૂ. ૨૦.૯૬ કરોડના ખર્ચે આકાર પામનારા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટથી દરિયાઈ જીવસૃષ્ટિના જતનની સાથે-સાથે ગુજરાતના સીફૂડ ઉદ્યોગ માટે વૈશ્વિક બજારોના દ્વાર વધુ મોકળા થશે.



છેલ્લા કેટલાક સમયથી અમેરિકા દ્વારા ભારતીય 'વાઈલ્ડ કોટ શ્રિમ્પ' એટલે કે, દરિયામાંથી પકડાયેલા ઝીંગાની આયાત પર અંકુશ મૂકવામાં આવ્યો હતો, જેનું મુખ્ય કારણ માછીમારી દરમિયાન દરિયાઈ કાચબાઓને થતું જોખમ હતું. હવે ટેડના ઉપયોગથી કાચબાઓનું જોખમ ઘટશે, જેથી આંતરરાષ્ટ્રીય સ્તરના જરૂરી સર્ટિફિકેશન્સ મેળવવાનું સરળ બનશે. પરિણામે, અમેરિકા સહિતના આંતરરાષ્ટ્રીય બજારોમાં ગુજરાતના ઝીંગાની નિકાસ પુનઃ ધમધમતી થશે, જે રાજ્યના માછીમારો અને સીફૂડ નિકાસકારોની આવકમાં ધરખમ વધારો લાવશે.

ભારત સરકાર દ્વારા દેશભરમાં સૌથી વધુ ૮,૯૨૫ ટેડ યુનિટ્સ એકમાત્ર ગુજરાત માટે મંજૂર કરવામાં આવ્યા છે. આ ટેડનું વિશિષ્ટ મોડેલ - સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિશરીઝ ટેકનોલોજી-કોચી દ્વારા અમેરિકાના નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના વૈશ્વિક માપદંડો મુજબ તૈયાર કરવામાં આવ્યું છે.

આ સિસ્ટમએ ઝીંગા પકડવાની ટ્રોલનેટમાં લગાડવામાં આવતું એક એવું વિશિષ્ટ સાધન છે, જે ઝીંગાને જાળીમાં સુરક્ષિત રાખી કાચબા જેવા મોટા દરિયાઈ જીવોને 'એક્ઝિટ ફ્લેપ' દ્વારા બહાર નીકળવાનો માર્ગ આપે છે, આનાથી કાચબાના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થશે.

પર્યાવરણીય સંતુલન અને માછીમારોની આર્થિક સમૃદ્ધિને સાંકળતો આ અભિનવ પ્રયાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીના નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી ગુજરાતની 'બ્લુ ઈકોનોમી'ને વિશ્વ ફલક પર એક નવી ઊંચાઈ આપશે.

# મહેસુલી કર્મીઓનું 'વર્ક ટુ રૂલ' આંદોલન, સોમવારે કાળી પટ્ટી બાંધી ફરજ બજાવશે

## ૧૦મી સપ્ટેમ્બર સમગ્ર રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જશે તેવી ચીમકી પણ ઉચ્ચારી

**અબતક, રાજકોટ**

રાજ્યના મહેસૂલી કર્મચારીઓ (તલાટી, ક્લાર્ક, નાયબ મામલતદાર સહિત)ના સેવા વિષયક પ્રશ્નો અંગે સરકાર દ્વારા સતત અવહેલના કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરીને ગુજરાત રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળ દ્વારા ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. કર્મચારીઓએ 'ફીડબેક સેન્ટર' સામે મોરચો માંડ્યો છે અને મહેસૂલી તલાટીઓ માટે ફિલ્ડની વાસ્તવિકતા ધ્યાને લીધા વગર બનાવાયેલા નવા જોબ ચાર્ટ સામે વિરોધ નોંધાવ્યો છે.સોમવારે રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવશે અને દરેક જિલ્લા કલેકટરને પડતર માંગણીઓ ઉકેલવા આવેદનપત્ર પાઠવી ૧૦ દિવસની મહેતલ આપશે.જો માંગણીઓનો કોઈ યોગ્ય ઉકેલ કે નિરાકરણ નહીં આવે તો કર્મચારીઓ 'પેનડાઉન' કરીને કામગીરીથી અળગા રહેશે.૧૦મી સપ્ટેમ્બર સમગ્ર રાજ્યભરમાં મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જશે તેવી ચીમકી ઉચ્ચારી છે.મહામંડળના પ્રમુખ જામસંગ પરમારના જણાવ્યા મુજબ, ૧૨મી મે ૨૦૨૬થી ૧૮મી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિને ૫ વખત પત્રો લખીને રજૂઆતો કરવામાં આવી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડાને પણ રજૂઆત કરવામાં આવી છે.

જો પ્રશ્નો ઉકેલવામાં નહીં આવે તો રાજ્યભરની મહેસૂલી કામગીરી ઠપ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

# કોર્પોરેશનના કર્મચારીઓને એક લાખ સુધીની તબીબી સહાય ચુકવવાની દરખાસ્તની ૧૪ વર્ષ બાદ પણ અમલવારી નહીં

## પછાત વર્ગ મ્યુનિસિપલ કર્મચારી મંડળ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં વર્ગ-૧ થી ૪ માં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને બિમારી સબબ તબીબી સારવાર માટે ખાસ કિસ્સામાં એક લાખની સહાય આપવાની દરખાસ્ત ૨૦૧૨માં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવી છે. જેમાં બે વખત એટલે કે ૨૦૨૦ અને ૨૦૨૬માં સુધારા પણ કરવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી આ ઠરાવનો અમલ થતો નથી. આજે પછાત વર્ગ મ્યુનિસિપલ કર્મચારી મંડળ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ ૧ થી ૪ ના અધિકારીઓ/કર્મચારીઓને બીમારી સબબ લીધેલ સારવાર માટે ગુજરાત સરકારના તબીબી સારવારના નિયમો-૧૯૮૮ અને ગુજરાત સરકારશ્રીના તબીબી સારવારનાં નિયમો ૨૦૦૪ અન્વયે હાલ તબીબી સહાય ચુકવવામાં આવે છે.આ ઠરાવથી અધિકારીઓ/કર્મચારીઓને આર્થિક તબીબી સહાય રૂ. એક લાખ સુધીની મર્યાદામાં રકમ ચૂકવાની સ્થાયી સમિતિ મારફત ઠરાવ કરવામાં આવ્યું છે.

સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૮૭ તા.૨૪/૦૮/૨૦૧૨ અનુસાર અધિકારીઓ/કર્મચારીઓએ બીમારી સબબ તબીબી સારવાર લીધેલ હોય, જેમાં સારવારનો ખર્ચ રૂ.૧ લાખથી વધુ હોય, જે અંગેની ફાઈલો જાન્યુઆરી-૨૦૨૬ થી પેન્ડીંગ છે.વર્તમાન સમયમાં સારવારના વધતા જતા ખર્ચ અને મોંઘવારીના દરને ધ્યાને લઈ કર્મચારીઓને બીમારી સમયે આર્થિક રક્ષણ મળી રહે તે અંગે જરૂરી દરખાસ્ત કરી સ્થાયી સમિતિ મારફત ખાસ કિસ્સાની આર્થિક તબીબી સહાયની ફાઈલો મંજુર કરવા વિનંતી કરાઈ છે.

# ગણેશ ડેરીમાં ૧૪૦ કિલો વાસી માવાનો નાશ : ડોમીનોઝ પીઝામાંથી પનિર-ચીઝના નમુના લેવાયા

## લાતી પ્લોટમાં હિરેન પર્ફ્યુમરીમાંથી પાન મસાલા, ગજાનંદ પેટીસમાંથી ફરાળી લોટના નમુના લેવાયા : ૯ પેઢીઓને સ્ટોરેજ લાયસન્સ અને હાઈજેનિક કંડીશન અંગે નોટિસ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ખાણી-પીણીની ૪૫ પેઢીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ૧૫૪ કિલો અખાદ્ય અને વાસી જથ્થો ઉપરાંત છાપેલી પસ્તીનો નાશ કરવામાં આવ્યો હતો. ૯ પેઢીને સ્ટોરેજ, ફૂડ લાયસન્સ અને હાઈજેનિક કંડીશન અંગે નોટિસ આપવામાં આવી છે. રૂા. ૧૭,૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરી પાંચ સ્થળેથી ખાદ્ય સામગ્રીના નમુના લેવામાં આવ્યા હતાં.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના સંતકબીર રોડના છેડે ગણેશ ડેરી ફાર્મમાં ચેકિંગ દરમિયાન ૧૪૦ કિલો વાસી માવાનો નાશ કરી રૂા. ૩૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. પેડક રોડ પર સેટેલાઈટ ચોકમાં જ્યુબીલન્ટ ફૂડ વર્કસ લિમીટેડ (ડોમીનોઝ પીઝા)માંથી લુઝ પનિર અને લુઝ ચીઝના





નમુના લઈ રૂા. ૫૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. રાજેશ્રી સિનેમા રોડ પર ગજાનન પેટીસમાંથી ફરાળી લોટનો નમુનો લેવાયો હતો. જય શક્તિ પાર્કમાં મહાદેવ ફરસાણમાં પાંચ કિલો વાસી ખોરાક અને છાપેલી પસ્તીનો જ્યારે ભગીરથ સોસાયટીમાં કિસન ફરસાણમાં પાંચ કિલો અખાદ્ય જથ્થો અને છાપેલી પસ્તીનો નાશ કરવામાં આવ્યો હતો. મારૂતી ચોકમાં જય બાલાજી કોલ્ડ્રીંક્સ, રાજદીપ સોસાયટીમાં મુરલીધર ફરસાણ, કણકોટ રોડ પર હાર્મની ગાર્ડન રેસ્ટોરન્ટ, પંચાયત ચોકમાં પ્રાઈડ ડિલીસિયસ, માધવ પાર્ક મેઈન રોડ પર ગોકુલ ડેરી ફાર્મ, રૈયા રોડ પર રૈયા સર્કલ નજીક અવીયુક્ત ગર્લ્સ હોસ્ટેલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ગોપાલ ડેરી અને જય શક્તિ પાર્ક મેઈન રોડ પર જય ગાત્રાળ પાનમાં ચેકિંગ દરમિયાન નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. અલગ અલગ ૪૫ સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# ભાડલાના દહીંસરા નજીકથી પાયલોટિંગ સાથે આવતી દારૂ ભરેલી કાર ઝડપાઈ

## બોટાદના રતનપરથી દારૂ લાવી વેંપલો કરે તે પૂર્વે જ રાજકોટનો બુટલેગર દબોચાયો : ૬૮૪ બોટલ શરાબ, કાર મળી. રૂ. ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

ભાડલાના દહીંસરા ગામ નજીક રૂરલ એલસીબી ટીમે દરોડો પાડી પાયલોટીંગ સાથે આવતી દારૂ ભરેલી કાર ઝડપી રાજકોટના બુટલેગરની ધરપકડ કરી હતી. પોલીસે ૬૮૪ બોટલ દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાયલોટીંગ કરતી બેલડીની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં પીએસઆઈ પી.એન. ભરવાડ ટીમ સાથે જસદણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ વિ. એમ.આલ અને કોન્સ્ટેબલ અશોકભાઈ ડાંગરને બોટાદ તરફથી એક દારૂ ભરેલી કાર રાજકોટ તરફ જતી હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે ભાડલાના દહીસરા ગામ નજીક આવેલ વીરપુર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન ત્યાંથી પસાર થયેલ કાર નં. જીજે- ૦૩-જે.એલ.૦૦૩૦ ને અટકાવી તેમાં હાજર કાર ચાલકને અટક કરી તેનું નામ પૂછતા પોતે રવિ ભીખુ ગિડા (રહે. રાજકોટ આજી વસાહત, ખોડીયારપરા) હોવાનું જણાવ્યું હતું.

પોલીસની ટીમે કારચાલકને સાથે રાખી કારમાં તપાસ કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ૬૮૪ બોટલ દારૂ મળી આવતા પોલીસે રૂ.૧.૫૨ લાખનો શરાબ અને કાર, મોબાઈલ મળી કુલ રૂપિયા ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસે પકડેલ આરોપીની સઘન પૂછપરછ કરતાં જણાવ્યું હતું કે, રાજકોટનો પ્રતિક ઉર્ફે મયુર બાબુ ગીડા અને પૃથ્વી વલકુ ધાંધલ સાથે દારૂ લેવા માટે બોટાદના રતનપર ગામે ગયાં હતા અને ત્યાંથી દારૂનો જથ્થો લઈ પરત રાજકોટ આવવા નીકળ્યા ત્યારે તેની સાથેના પ્રતિક ઉર્ફે મયુર ગીડા અને પૃથ્વી ધાંધલ પોલીસથી બચવા માટે આગળ પાયલોટિંગ કરતાં હતાં. જે પોલીસ પકડમાં ન આવતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે.

### ખાખીજાળીયા ગામની વાહવાડી સીમની વાડીમાંથી ૨૨૩ બોટલ દારૂ સાથે ખેડૂતની ધરપકડ : ઝાંઝમેરના સપ્લાયરની શોધખોળ

ખાખીજાળીયા ગામની વાહવાડી સીમમાં પોલીસે દરોડો પાડી ખેતીકામ સાથે દારૂ વેંચતા ખેડૂતને દબોચ્યો હતો. પોલીસે દારૂની ૨૨૩ બોટલ કબ્જે કરી સપ્લાયર ઝાંઝમેર ગામના યોગીરાજસિંહ ચુડાસમાની શોધખોળ આદરી હતી.દરોડાની વિગત મુજબ ભાયાવદર પોલીસ મથકના એએસઆઈ શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલનિકુંજભાઈ સુતરીયા, અઝીમભાઈ સમા, સત્યપાલસિંહ જાડેજા અને અજયભાઈ સોરઠીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ખાખીજાળીયા ગામની વાહવાડી સીમ વિસ્તારમા મહાવિરસિંહ ચુડાસમા પોતાની વાડીએ વિદેશી દારૂની બોટલ રાખી વેચાણ કરે છે, જે મળેલ ચોક્કસ બાતમીના આધારે વાડીએ દરોડો પાડતાં ત્યાં હાજર શખ્સનું નામ પૂછતા પોતે મહાવિરસિંહ ટપુભા ચુડાસમા (ઉ.વ.૩૭,ધંધો ખેતી, રહે.ખાખી-જાળીયા ગામ, દરબારગઢ, ઉપલેટા) હોવાનુ જણાવેલ હતું. પોલીસની ટીમે વાડીએ ઓરડીમા તપાસ કરતા અંદરથી બે પ્લાસ્ટીકના બાચકા મળી આવેલ જેમાંથી દારૂની બોટલો મળી આવતાં પોલીસે કુલ દારૂની ૨૨૩ બોટલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ સાથે બુટલેગર મહાવીરસિંહ ચુડાસમાની ધરપકડ કરી હતી. વધુમાં પકડાયેલ આરોપીને દારૂના સપ્લાય અંગે પૂછતા તે દારૂનો જથ્થો ઝાંઝમેર ગામના યોગીરાજસિંહ ચુડાસમા પાસેથી વેચાણ કરવા લઈ આવતો હોવાની કબૂલાત આપતાં પોલીસે સપ્લાયર યોગીરાજસિંહની શોધખોળ આદરી હતી.

## રૂરલ એલસીબી પીએસઆઈ પી એન ભરવાડ ટીમનો દરોડો : પાયલોટીંગ કરતી રાજકોટની બેલડી ફરાર

# જુલુસમાં ૨.૫ લાખની જનમેદની સાથે જશ્ને ઈદે મીલાદુન્નબીની ભવ્ય ઉજવણી

## જુલુસ દરમિયાન વિદ્યાર્થીઓને નોટબુક, સ્ટેશનરી અને શૈક્ષણિક કીટનું વિતરણ કરી ભાઈચારો અને એકતાનો સંદેશ અપાયો

**અબતક, રાજકોટ**

સમગ્ર જગતને શાંતિ, અમન અને ભાઈચારાની ભાવનાનો સંદેશો આપનાર ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર સાહેબ ના ૧૫૦૧ માં જન્મ જયંતિ ના પાવન પર્વ નિમીતે જશ્ને ઈદે મીલાદુન્નબીની મુસ્લીમ સમાજ દ્વારા કોમી એકતા તથા કોમી એખલાસનો ભાઈચારાના સંદેશે સાથે ભવ્યતાતીથી ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શહેરી વિસ્તારોના વિશાળ રૂટ ઉપર અસંખ્યા નાના મોટા ઝુલુસો ના વિશાળ રૂટ ઉપર અસંખ્યા નાના મોટા ઝુલુસો જોડાયા હતા. જેમાં ૨.૫ લાખથી વધુ જનસલાબ ઉમટી પડયો હતો.

આ ઝુલુસમાં મઝહબી રીતે રાજકોટ શહેર ખતીબ, સદર શહેર ખતીબ, સાદાતે કિરામ આલીમેદિન, મસ્જીદોના ઈમામ સાહેબો, મદ્રેસાઓના તાલીમાર્થીઓ, જુદી જુદી મીલાદ કમિટીઓ, સબીલ કમીટીઓ, ન્યાઝ કમીટીઓ વિગેરે સંસ્થાઓ આ ઝુલુસમાં જોડાયેલા હતા. આ ઝુલુસના રૂટ ઉપર નાત શરીફ, સલાતો સલામનુ પઠન કરવામાં આવ્યુ.

જશ્ને ઈદે મીલાદુન્નબીના ઝુલુસ દરમ્યાન ઝુલુસના રૂટ ઉપર અલગ અલગ સંસ્થાઓ દ્વારા તેમજ 'જશ્ને ઈદે મીલાદુન્નબી કમીટી' રાજકોટ દ્વારા સમાજમાં શિક્ષણનો વ્યાપવધે અને જરૂરીયાતમંદ બાળકો આગળ વધે તેવા હેતુથી વિદ્યાર્થીઓને નોટબુક, સ્ટેશનરી, શૈક્ષણિક કીટ નુ વિતરણ કરેલ હતુ.

સન્માન સમારંભમાં રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુકલ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજા, સામાજીક અગ્રણી તેમજ કાયદે આઝમ પુરૂષોતમ પીપળીયા સાહેબ, એડ. આર.બી.ગોગીયા, ખ્રિસ્તી ધર્મના ફાધર કેલ્વિન, મુસ્લીમ ધર્મગુરૂ હાફીઝ અક્રમ સાહેબ, હિન્દુ ધર્મના ગૌશાળાના સંચાલક એવા જીતુભાઈ વ્યાસ, રાધેશ્યામ ગૌશાળાના રાધેશ્યામ બાપુ, ઝુલુસ દરમ્યાન શાંતી અને સલામતી જાળવનાર પોલીસ અધિકારીશ્રીઓ ડી.સી.પી. જગદીશ બાંગરવા સર, હેતલ પટેલ મેડમ, રાકેશ દેસાઈ સર સહિત ના અધિકારીશ્રીઓને શાલ, શિલ્ડ તથા પુષ્પગુચ્છ આપી સન્માન કરાયુ.

જશ્ને ઈદે મીલાદુન્નબી કમીટી'' ના પ્રમુખ જનાબ યુનુસભાઈ જુણેજા (લકકી) નુ ગુજરાત સરકારના વકફ બોર્ડના ડીરેકટર જનાબ હાજી આસીફભાઈ સલોત દ્વારા તથા કમીટીના મેમ્મરો દ્વારા ફુલહાર થી સન્માન કરેલ.

જંગલેશ્વર હિન્દુ મુસ્લીમ એકતા સમિતી રાજકોટના તથા કમીટીના ઉપપ્રમુખ એવા જનાબ આમદભાઈ નાઈ (નઝરાના) એ પ્રમુખનુ ફુલહારથી સન્માન કરેલ. ''એકતા ગૃપ'' ના સભ્યો અફઝલભાઈ મેતર, ઈબ્રાહીમભાઈ સોરા, નઈમ થીબા વિગેરે દ્વારા પ્રમુખનુ શિલ્ડ આપી સન્માન કરેલ.

## કણસાગરા કોલેજમાં 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી

**અબતક, રાજકોટ**

'ખેલેગા ભારત, જીતેગા ભારત'ના સંદેશ સાથે શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ, શારીરિક તંદુરસ્તી, ટીમભાવના, શિસ્ત અને ખેલદિલીની ભાવના વિકસાવવાનો હતો.

નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતગમત અને મનોરંજક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ખો-ખો, વોલીબોલ, દોડ, મ્યુઝિકલ ચેર સહિતની વિવિધ રમતો રમાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ તમામ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભા દર્શાવી હતી.આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો.સ્નેહલ પલાણ વિદ્યાર્થીઓને રમતગમતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી. રમતગમત વિભાગના પ્રો. રાજેન્દ્ર સેજલીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના અધ્યાપકગણ રમેશ ગાવીત, ભરત મોરી, ગણેશ ગાવીત, કલ્પેશ ચૌહાણ રેણુકા ચાવડા તથા વિદ્યાર્થીઓની સહભાગિતાથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'ખેલેગા ભારત, જીતેગા ભારત'ના સંકલ્પ સાથે વિદ્યાર્થીઓમાં રમતગમત અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ભાજપના મહિલા હોદ્દેદારો દ્વારા રક્ષાબંધને ભાઈઓના દીર્ધાયુ માટે શુભકામના પાઠવાઈ



**અબતક,રાજકોટ**

ભારતીય સંસ્કૃતિમાં સંપૂર્ણ વર્ષ દરમ્યાન દેવતાઓ, મનુષ્યો, પ્રાણીઓ સહિત વનસ્પિત, નદીઓ, પર્વતને ધાર્મિક ઐતિહાસિક પ્રસંગો સાથે જોડીને તહેવાર ઉજવવાની પરંપરા ચાલી આવે છે. જેમાં શ્રાવણ પૂર્ણિમાનો દિવસ નાળીયેરી પૂનમ તેમજ રક્ષાબંધન તરીકે ઓળખાય છે. તે દિવસે બ્રાહ્મણ પરિવાર દ્વારા યજ્ઞોપવીત-સંસ્કારનો આપવાનો જનોઈ બદલવાનો તહેવાર યોજાય છે. આ દિવસે ઐતિહાસિક અનેક બનાવોમાં બહેનોએ ભાઈની રક્ષાસુત્ર બાંધીને ભાઈને દરેક ક્ષેત્રમાં વિજય થવાના આર્શીવાદ આપેલ અને આ દિવસને ધ્યાને રાખી રક્ષાબંધનના તહેવારે બહેન ભાઈના હાથના કાંડે રક્ષાસુત્ર બાંધતી હોય છે. રક્ષાબંધનના કાર્યક્રમમાં રાજકોટ મહાનગરના ભાજપના ધારાસભ્ય બહેનો, શહેર સંગઠનના હોદ્દેદારો, મહિલા મોરચાના હોદ્દેદાર બહેનોએ રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે રાજકોટ મહાનગર સંગઠન પ્રભારી અને પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નેહલભાઈ શુકલ તથા શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલિતભાઈ વાડોલિયા યોગેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, કાર્યાલય મંત્રી હિતેશભાઈ ઢોલરીયા સહિતના હોદ્દેદાર ભાઈઓને રાજકોટ શહેરના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ડો. દર્શિતાબેન શાહ, પ્રદેશ યુવા મોરચા મહામંત્રી દેવાંગીબેન મૈયડ, રાજકોટ શહેર મહિલા મોરચા પ્રમુખ શ્રી લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગીયા, મયુરીબેન ભાલારા, ઉપપ્રમુખ મંગળાબેન, નેહાબેન, વૈશાલીબેન, મંત્રી અમીબેન, હરસીદાબેન, રીનાબા, તૃષાબા, વૃંદાબેન, નિનાબેન, ચાંદનીબેન વિગેરે બહેનોએ રક્ષાબંધન અંતર્ગત રાખડી બાંધી સર્વે ના ઉજ્જવલ ભવિષ્ય તેમજ દીર્ધાયુ માટે ની મંગલ શુભકામના કરવામાં આવેલ.

(પહેલા પાનાનું ચાલું)

### નેપાળ...

સંકટ અને ટૂંકા ગાળે અચાનક પૂરનું જોખમ વધી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, હિમાલયના ૩૮ મોનિટર કરાતા ગ્લેશિયર્સમાંથી માત્ર ૭ જ વૈશ્વિક માપદંડો મુજબ તપાસાય છે. કારાકોરમ, સિક્કિમ, ઝાંસ્કર અને ભૂતાન જેવા વિશાળ વિસ્તારો હજુ પણ મોટાભાગે મોનિટરિંગ વિનાના છે. નદીઓ અને પૂર દેશોની સરહદો ઓળખતા ન હોવાથી ભારત, નેપાળ અને ચીન જેવા પડોશી દેશો વચ્ચે રિયલ-ટાઈમ ડેટા શેરિંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે સંયુકત નીતિ અનિવાર્ય હોવાનું નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું છે.

### વોર્નિંગ લેબલ...

કરતી વખતે સ્વાસ્થ્ય માટે હાનિકારક તત્વોની સરળતાથી ઓળખ કરી શકશે.

ઉદ્યોગોને તેમના ઉત્પાદનોમાં જરૂરી સુધારા કરવા માટે સમય મળી રહે તે હેતુથી આ નવો નિયમ તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. ફેઝ ૧ માં એવા ઉત્પાદનોને આવરી લેવામાં આવશે જેમાં બે અથવા વધુ નિર્ધારિત પોષક તત્વોનું પ્રમાણ વધુ હોય. જ્યારે ફેઝ ૨ માં માત્ર એક જ પોષક તત્વ વધુ હોય તેવા ઉત્પાદનો પર પણ ચેતવણી લેબલ લગાવવાનું ફરજિયાત બનશે. જોકે, ઘી, ખાદ્ય તેલ, મીઠું, ખાંડ, ગોળ અને મધ જેવા સિંગલ-ઈન્ગ્રીડિયન્ટ (એક જ ઘટકવાળા) ખાદ્યપદાર્થોને આ સૂચિત ચેતવણીઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ નિયમો આઈસીએમઆર-એનઆઈએન દ્વારા જાહેર કરાયેલ ડાયેટરી ગાઈડલાઈન્સ ફોર ઈન્ડિયન્સ, ૨૦૨૪ હેઠળ નિર્ધારિત પોષક માપદંડો પર આધારિત છે. ખાસ કરીને બાળકોમાં વધી રહેલી સ્થૂળતાની ચિંતાઓ વચ્ચે સુપ્રીમ કોર્ટના જાહેર સ્વાસ્થ્ય અંગેના અવલોકનોને પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર મામલો એનજીઓ ઉએસ અને અવર હેલ્થ સોસાયટી દ્વારા એડવોકેટ રાજીવ શંકર દ્વિવેદી મારફતે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ) થી શરૂ થયો હતો. આ વોર્નિંગ લેબલ સિસ્ટમ કેનેડા અને ચિલી જેવા દેશોમાં અપનાવવામાં આવેલા મોડલથી પ્રેરિત છે.

ઉલ્લેખનીય છે કે ૬ રાજ્યોના ૨૮૬૯ પુખ્ત વયના લોકો પર કરવામાં આવેલા એક પ્રયોગમાં જાણવા મળ્યું છે કે લેબલ વગર માત્ર ૩૯.૧ ટકા લોકો જ હાઈ સુગર કે ફેટવાળા ઉત્પાદનોને યોગ્ય રીતે ઓળખી શક્યા હતા. પરંતુ વોર્નિંગ લેબલ સાથે આ આંકડો વધીને ૬૦.૮ ટકા થઈ ગયો હતો. લેબલના કારણે જાગૃતિમાં ૨૧.૭ પોઈન્ટનો સીધો વધારો જોવા મળ્યો હતો. ટ્રાફિક લાઈટ અથવા હેલ્થ સ્ટાર રેટિંગ કરતા આ હેક્ઝાગોનલ લેબલ ગ્રાહકોને માહિતગાર કરવામાં વધુ અસરકારક સાબિત થયા છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### લોકમેળો...

એકબીજા સાથે ઝડપથી કોમ્યુનિકેશન થઈ શકે. આ ઉપરાંત ૧૭ જગ્યાએ પાર્કિંગની ફ્રીમાં વ્યવસ્થા કરવામાં આવી છે. દર વખતે વાહનો ચોરી થઈ જાય તેવી ઘટના બને છે જેથી આ વખતે પાંચ દિવસ દરમિયાન પાર્કિંગ માટે અલગ અલગ કલરની યુનિક નંબર વાળી રીસીપ્ટ આપવામાં આવશે. જેથી આ રીસીપ્ટ બતાવનાર વ્યક્તિને જ વાહન લઈ જવા દેવામાં આવશે.

દર વખતની જેમ આ વખતે પણ લોકમેળામાં ૯૦ કિલોવોટના ૧૭ વીજ ટ્રાન્સફોર્મરમાંથી વીજ સપ્લાય કરવામાં આવનાર છે તેમજ છ જેટલા વીજ ટ્રાન્સફોર્મર સ્ટેન્ડબાય રાખવામાં આવશે.ખાસ તો ચાર ફીડરમાંથી લોકમેળામાં વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે.લોકમેળામાં વીજ કનેકશનો માટે અન્ડરગ્રાઉન્ડ કેબલ પાથરી દેવામાં આવ્યા છે અને મેળાની તમામ સ્ટ્રીટ લાઈટ જનરેટર પરથી ચલાવવામાં આવશે.

લોકમેળામાં સુરક્ષા અને જાહેર સલામતી માટે રાઉન્ડ ધ ક્લોક નિગરાનીની વ્યવસ્થા કરવામાં માટે કલેકટર દ્વારા કુલ ૧૦૮ જેટલા કર્મીઓની નિમણુંક કરવામાં આવી છે. તેમના દ્વારા દ્વારા ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક દેખરેખ રાખવામાં આવે છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

સૌરાષ્ટ્રમાંથી અંદાજે ૧૫ લાખથી વધુની જનમેદની મેળો માણવા માટે ઉમટી પડશે ત્યારે તેને લઈને રેસકોર્સ મેદાનમાં ફજત - ફાળકા સજ્જ થઈ ચૂક્યા છે અને મેળા દરમિયાન ક્રાઉડ કન્ટ્રોલ કરવા જરૂર પડે મેળાની એન્ટ્રી બંધ કરવામાં આવશે.

(૧૨માં પાનાનું ચાલુ)

### મહિલા હોકી

ટીમો સામે ડ્રો રમીને પોતાની તાકાત બતાવી હતી, જ્યારે દક્ષિણ આફ્રિકા સામે ૬-૧થી ભવ્ય જીત નોંધાવી હતી. અંતે જર્મનીને હરાવીને ટીમે શાનદાર રીતે પોતાની સફર પૂર્ણ કરી હતી.હોકી ઈન્ડિયાના અધ્યક્ષ પદ્મશ્રી ડો. દિલીપ તિર્કીએ ટીમને અભિનંદન આપતા જણાવ્યું કે, ૫૨ વર્ષ બાદ વર્લ્ડ કપમાં પાંચમું સ્થાન મેળવવું એ સમગ્ર ટીમની અથાક મહેનત, સ્થિતિસ્થાપકતા અને લડાકુ ભાવનાનું પરિણામ છે. આ ૫૦ લાખ રૂપિયાનું ઈનામ ખેલાડીઓને ભવિષ્યમાં વધુ ઊંચા લક્ષ્યાંકો હાંસલ કરવા અને દેશ માટે નવી સિદ્ધિઓ મેળવવા ચોક્કસપણે પ્રોત્સાહિત કરશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વરસાદની આશ...

રીતે કટિબદ્ધ છે.રાજ્યના ૩૦૧ ગામોના ૯૦,૦૦૦ જેટલા પશુધન સુધી ઘાસચારો પહોંચાડવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં સફળતાપૂર્વક ૧૬ લાખ કિલો ઘાસચારાનું વિતરણ પૂરું પાડીને પશુપાલકોને મોટી રાહત આપવામાં આવી છે.

રાજ્યમાં ઘાસચારાની કોઈ અછત નથી.સરકાર પાસે પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે.

રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના મારફતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નર્મદા આધારિત પાઈપલાઈન નેટવર્કથી જોડાયેલા તળાવો અને ડેમોમાં પાણી આપવાની કામગીરી પૂર્ણ ઝડપે શરૂ કરી દેવામાં આવી છે.

પીવાના પાણીની સાથે સાથે ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ઊભો પાક બચાવવા માટે આણંદ અને ખેડા જિલ્લાઓમાં કડાણા ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.રાજ્યના છેવાડાના વિસ્તારો અને ખેતરો સુધી પાણી પહોંચાડીને પાકને આર્થિક નુકસાનથી બચાવવા માટે પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.વરસાદ ખેંચતા અમરેલી, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં માં ૧૦ કલાક વીજળી આપવાનું શરૂ કરવામા આવ્યું છે.માત્ર ૭ જિલ્લાઓ પૂરતા મર્યાદિત નથી. રાજ્યના અન્ય કોઈ પણ જિલ્લામાં જો પાક માટે કે પાણી માટે વધુ વીજળીની જરૂરિયાત ઊભી થશે, તો ત્યાં પણ ૧૦ કલાક વીજળી આપવા માટે રાજ્ય સરકાર પૂરેપૂરી તૈયાર છે.

### તહેવારોની શ્રૃંખલા...

પરંપરા અનુસાર ચૂલા ઠંડા કરવામાં આવે છે. ગુરૂવારે શિતળા સાતમની ઉજવણી કરવામાં આવશે. જયારે શુક્રવારે કૃષ્ણ જન્મોત્સવ અર્થાત જન્માષ્ટમી મહોત્સવ ઉજવાશે. આમ આગામી સોમવારથી શુક્રવાર સુધી સળંગ પાંચ દિવસ વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવશે. આવતા શનિવારે મંદિરોમાં નંદ મહોત્સવ કે પારણા નોમની ઉજવણી થશે.

રક્ષાબંધનના તહેવારના બીજા દિવસે જ વિક એન્ડ શરૂ થઈ જવાના કારણે બજારમાં અત્યારથી તહેવારોની રંગત દેખાવા લાગી છે. જોકે આવતા સપ્તાહની જન્માષ્ટમીના તહેવારોની રંગત બરાબર ઘુટાશે શાળા-કોલેજો અને માર્કેટીંગ યાર્ડમાં રજા પડી જશે. તહેવાર સંદર્ભે બજારોમાં રોશની કરવામાં આવી રહી છે. સાતમ આઠમનાં પરંપરાગત લોકમેળાનો પણ આગામી મંગળ કે બુધવારથી મેળાઓ શરૂ થઈ જશે. રાજકોટના લોકમેળાનો બુધવારથી આરંભ થશે જે સળંગ પાંચ દિવસ સુધી ચાલશે. સાતમ આઠમના લોકમેળાએ સૌરાષ્ટ્રની પરંપરાની આગવી ઓળખ છે.

### જુવેનાઈલ ડાયાબિટીસ...

ઈન્જેક્શન લેવા પડે છે. વંચિત અને આર્થિક રીતે નબળા પરિવારો માટે આ સારવારનો ખર્ચ મોટો આર્થિક બોજ બની રહે છે.

અમિતભાઈ શાહના સંવેદનશીલ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં પણ ૦ થી ૧૮ વર્ષના ટાઈપ ૧ જુવેનાઈલ ડાયાબિટીસની સમસ્યા ધરાવતા બાળકોને કેન્દ્ર સરકારની આ દુરંદેશી પહેલ હેઠળ નિઃશુલ્ક ઈન્સ્યુલીનનો લાભ મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જે સંદર્ભે આ બાળકીઓ સહિત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આ પ્રકારની સમસ્યા ધરાવતા બાળકોને આજીવન નિઃશુલ્ક ઈન્સ્યુલીન મળી રહે તે માટે સ્ક્રીનિંગ -નિદાન -ઈન્સ્યુલિન/સારવાર - મોનિટરિંગ - ફોલોઅપની સંકલિત વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી છે.

અમિતભાઈ શાહે કહ્યું હતુ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની આ એક ઐતિહાસિક પહેલ છે, કારણ કે અનેક વિકસિત દેશો પણ આવી નિઃશુલ્ક ઈન્સ્યુલીનની વ્યવસ્થા અમલમાં મૂકી શકયા નથી. કોઈપણ ગરીબ કે મધ્યમવર્ગીય પરિવારના બાળકો માત્ર સારવારના ખર્ચને કારણે જીવનજરૂરી ઈન્સ્યુલીનથી વંચિત ન રહે. આ વિચાર સાથે ડાયાબિટીસગ્રસ્ત બાળકો માટે જરૂરી ઈન્સ્યુલીન ઉપલબ્ધ કરાવવાની આ પહેલ ભાજપાના 'સેવા, સંવેદના અને સુરક્ષા'ના સંકલ્પનું પ્રતિબિંબ છે.

આ પ્રસંગે અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ભાજપા સરકાર માટે જનસેવા માત્ર એક જવાબદારી નથી, પરંતુ સંવેદનશીલ શાસનનો મૂળમંત્ર છે. દીકરીનું સ્વાસ્થ્ય સુરક્ષિત હશે તો જ પરિવાર અને સમાજનું ભવિષ્ય સુરક્ષિત રહેશે. રક્ષાબંધનના પવિત્ર પર્વે દીકરીઓને નિઃશુલ્ક ઈન્સ્યુલીન આપવાની આ પહેલ 'દીકરીની રક્ષા અને દીકરીના સ્વાસ્થ્ય' પ્રત્યેની ભાજપાની પ્રતિબદ્ધતાનું પણ પ્રતીક છે.

શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલા સતત પ્રયાસોના પરિણામે આજે દેશના સામાન્ય નાગરિક સુધી આરોગ્ય સેવાઓ વધુ સુલભ બની રહી છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર કેન્દ્રની જનકલ્યાણલક્ષી યોજનાઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત છે. રક્ષાબંધનના પવિત્ર પર્વે દીકરીઓના સ્વાસ્થ્યની રક્ષા માટે લેવાયેલ આ સંકલ્પ ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં 'સેવા પરમો ધર્મ:'ની ભાવનાને વધુ પ્રબળ બનાવશે.

### રાજકોટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી...

જે ડભોઈ, બરોડા, આણંદ અને નડિયાદ થઈ રાત્રે ૧૨.૪૫ કલાકે રાજકોટ પહોચશે જેનું ભાડુ ૭૪૭ રૂપીયા રહેશે. આ ઉપરાંત આજથી રાજકોટ, દાહોદ, રાજકોટ, મોરબી, અને મોરબી-જામનગર વચ્ચે પણ એસી સીટર લકઝરી બસની સુવિધા શરૂ કરવામાં આવી છે.રાજકોટ-દાહોદનું ભાડુ રૂ. ૭૮૪, રાજકોટ-મોરબીનું ભાડુ રૂ.૧૩૦ અને મોરબી-જામનગરનું ભાડુ રૂ.૧૯૪ નિયત કરવામાં આવ્યું છે.


રાજકોટ ડિવીઝન દ્વારા હાલ અમદાવાદ, બરોડા, ભૂજ અને નાથદ્વારા રૂટ પર ૧૭ વોલ્વો સીટર, ભાવનગર, ભૂજ, દીવ, ઉના, સુરેન્દ્રનગર, અમરેલી, મોરબી, જામનગર, જૂનાગઢ, મુંદ્રા, મહુવા અને દ્વારકા રૂટ પર ૨૦ એસી સીટર જયારે જામનગર, જૂનાગઢ, મોરબી, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ જૂનાગઢ સોમનાથ રૂટ પર ૨૩ ઈલેકટ્રીક બસ દોડાવવામાં આવી રહી છે.

### ટ્રાન્સપોર્ટર ફારૂક મૌલાના...

કિસ્સાઓમાં લાંબા સમય આરોપી હોસ્પિટલમાં રહે છે, જાણે કે તેઓ હોટલમાં રહ્યા હોય... જો કોઈ ડૉક્ટર એવું પ્રમાણપત્ર જારી કરે છે જે અસ્પષ્ટ, ખોટું અથવા ગેરમાર્ગે દોરનારું હોય અને કોર્ટ દ્વારા આવા વર્તન સામે કોઈ કાર્યવાહી કરવામાં ન આવે, તો તેના સમાજ માટે પ્રતિકૂળ પરિણામો આવી શકે છે.સેશન્સ કોર્ટના આદેશને ડોક્ટરે હાઈકોર્યમાં પડકાર્યો હતો. તબીબના વકીલે દલીલ કરી હતી કે, જામીન અરજીની સુનાવણી કરતી કોર્ટ આવા નિર્દેશો આપી શકતી નથી અને જીએમસીને ડૉક્ટર સામે કાર્યવાહી કરવાનો આદેશ આપવો પણ તેના અધિકારક્ષેત્રમાં નથી.સુનાવણી પછી ન્યાયાધીશ એમ. આર. મેંગડેએ ડૉક્ટરની અરજી સ્વીકારી અને સેશન્સ કોર્ટના આદેશ પર સ્ટે મૂકી વધુ સુનાવણી ૬ જાન્યુઆરી, ૨૦૨૭ ના રોજ રાખી છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**સરવડઃ** ગામ સરવડ (તા.માળિયા મી. જી.મોરબી)નિવાસી ઘનશ્યામભાઈ ભાનુશંકર રાવલના સુપુત્ર યશકુમાર ઘનશ્યામભાઈ રાવલ (ઉંમર વર્ષ ૨૦) નું તારીખ ૨૮/૦૮/૨૦૨૬ શ્રાવણ સુદ પુનમ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ ૩૧ ને સોમવારના સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી પટેલ સમાજ વાડી સરવડ(જૂનું ગામ) ખાતે રાખેલ છે.

**રાજકોટ :** શાંતાબેન વિનોદરાય વસા (ઉ.વ.૯૭) તે સ્વ. રશ્મિભાઈ, સ્વ. હસુભાઈ અને કેતનભાઈ વિનોદરાય વસા (શ્રી મહાવીર ઈન્ડસ્ટ્રીઝ, લાતી પ્લોટ, રાજકોટ) તથા ક્રિનાબેન મુકેશભાઈ પારેખના માતા અને પ્રતિકભાઈ રશ્મીભાઈ વસાના દાદી તા. ૨૮ ના રોજ શુક્રવારે અવસાન પામેલ છે.

**રાજકોટ :** મુળ નિવાસી હાલ રાજકોટ, કોકીલાબેન નટવરલાલ પારેખ, (ઉ.વ.૮૬) તે સ્વ. ઈશ્વરલાલ, સ્વ. રમણીકલાલ, સ્વ. હિંમતલાલ, સ્વ. મનહરલાલ, સ્વ. કાંતિલાલના ભાઈ, સ્વ. નટવરલાલ જેઠાલાલ પારેખના પત્ની તથા ઈલેશ અને છાયાના માતા, મીતા અને હિમાંશુભાઈના સાસુ, ભૂમિ રાજ લોઢીયા, રાશી વર્ષીલ શાહના દાદી, નમ્રતાના નાની, સ્વ. કિશોરભાઈ અમૃતલાલ ગોસલિયાના બહેન તા. ૨૬ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું તા. ૩૦ ને રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે અને પ્રાર્થનાસભા સવારે ૧૧ થી ૧૨, જૈન ભુવન, ૨૧ ન્યુ જાગનાથ પ્લોટ ડો. યાજ્ઞિક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** પ્રવીણભાઈ જેઠાલાલ લાખાણી ઉ.વ. ૮૯ તેઓ સ્વ શશીભાઈ, સ્વ રાજુભાઈ તથા પ્રફુલભાઈ અને બહેન જ્યોતિબેન મહેતા તથા વિભાબેન શાહના ભાઈ અને સ્વ સુનિલાબેનના પતિ તેઓ બચુભાઈ શેઠના જમાઈ તથા મીરાબેન પરિમલભાઈ વાઘર, અલ્પાબેન મનોજભાઈ શાહ તથા ઈલેશભાઈ (સનસાઈન ઈન્ડસ્ટ્રીઝ) ના પિતા અને અમીબેનના પિતાતુલ્ય સસરા તેમજ ચીંતન અને યશવીના દાદા, કૌશલ, બિજલ અને શૈલીના નાનાનું અવસાન તા.૨૮/૮/૨૬ના અવસાન પામેલ છે. સદ્ ગતની પ્રાર્થનાસભા રાષ્ટ્રીયશાળા હોલ તા. ૩૧/૮/૨૬ સોમવારના રોજ સવારના ૧૦ થી ૧૨ રાખેલ છે.

**કુતીયાણા નિવાસી, હાલ :** રાજકોટ પ્રમોદભાઈ લક્ષ્મીચંદભાઈ શાહ (નિવૃત દેનાબેંક કર્મચારી) તે સ્વ. લક્ષ્મીચંદ ભોવનભાઈ શાહ -સ્વ. નર્મદાબેન લક્ષ્મીચંદભાઈ શાહનાં દિકરા, સ્વ.હંસાબેનનાં પતિ, તે સ્વ. હરિબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. ઈન્દુબેન, સરલાબેન, જયોત્સનાબેન તથા સ્વ.અનંતરાય તેમજ સ્વ. સંદિપભાઈ નાં ભાઈ, તે મનિષભાઈ (કે. રેડીમેઈડ ગારમેન્ટ), ધર્મેશભાઈ (કેમ્પેઈન એડ) તથા કાજલબેન અમિતકુમાર ગણાત્રા (કે.કે.વી. હોલ પરિવાર)નાં પિતા, તે સ્વ. મુળજીભાઈ શિવલાલભાઈ જસાણીનાં જમાઈ, તે નમ્રતાબેન મનીષભાઈ શાહ, ફાલ્ગુનીબેન ધર્મેશભાઈ શાહ, અમિતભાઈ ચંદ્રકાંતભાઈ ગણાત્રાનાં સસરા, આત્મન, કુશલ, ડો. હેત્વીનાં દાદા તેમજ ડો. આયુષી કૈવલ્ય શાહ તથા વૃંદાનાં નાનાનું આજે તા. ૨૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા સોમવારે, તા. ૩૧ના રોજ સાંજે ૪ થી ૬, નિલકંઠવર્ણી હોલ, BAPS સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સથવારો ફાઉન્ડેશન ૧૦ હજાર પરિવારના આંગણે તહેવારો આનંદ પાથરશે

## માત્ર રૂ.૧૦માં ૧ લીટર તેલ, ચણાનો લોટ, ખાંડ, મેંદાનો લોટ, ચોખાના પૈવા અને મકાઈના પૈવા અપાશે

### કાલે ગુંદાવાડી ખાતે સવારે ૭ થી ૧૦ કલાક દરમિયાન કરાશે વિતરણ

**અબતક,રાજકોટ**

સથવારો ફાઉન્ડેશન દ્વારા માતૃ સ્વ. વિમળાબેન પ્રતાપભાઈ રાજદેવની આજીવન પ્રેરણાથી તેમજ પ્રમુખ કોર્પોરેટર તથા શિશુ કલ્યાણ, ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેન કેતન પટેલના માર્ગદર્શનમાં અનેકવિધ સેવાકીય પ્રવૃતીઓ છેલ્લા ૩૪ વર્ષથી સતત કરવામાં આવે છે. કોરોના સમયગાળા દરમ્યાન રાજકોટની મુખ્ય લગભગ તમામ સંસ્થાઓને સથવારો ફાઉન્ડેશન તન, મન, ધન થી ઉપયોગી બન્યું હતું હજારો દર્દીનારાયણ દરીદ્રનારાયણને રોકડ સહાય, અનાજ સહાય, ભોજન સહાય, મેડીકલ સહાય સંસ્થા દ્વારા કરવામાં આવી હતી, જીવદયા-ગૌસેવાની પણ અનેકવિધ પ્રવૃતિઓ સથવારો ફાઉન્ડેશન દ્વારા આ કાળમાં કરવામાં આવી છે. સથવારો ફાઉન્ડેશન દ્વારા સતત ૩૬માં વર્ષે જુન્માષ્ટમીના પવિત્ર પર્વને-ભગવાન કૃષ્ણના જન્મોત્સવને ધામધુમથી, હર્ષભેર વધાવી શકે તેવા ઉમદા અને પવિત્ર આશયથી જીવન જરૂરીયાતની ખાદ્ય વસ્તુઓનું હજારો પરિવારોને ટોકન દરે વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમના ઉદઘાટક મહંત દેવપ્રસાદ સ્વામી, સ્વામીનારાયણ ગુરુકુલ રાજકોટ. તેમજ આ સેવા યજ્ઞમાં અમારા આમંત્રણ ને માન આપી ઉપસ્થિત રહેનાર દરેક મહાનુભવો તેમજ દરેક દાતાઓ અમારા અતિથી વિશેષ તથા મુખ્ય મહેમાન રહેશે. સથવારો ફાઉન્ડેશન દ્વારા માતૃ શ્રી સ્વ. વિમળાબેન પ્રતાપભાઈ રાજદેવની આજીવન પ્રેરણાથી ભવ્ય સેવાકીય પ્રવૃતિમાં

ફક્ત રૂા. ૧૦ માં ૬ વસ્તુ જેમાં તેલ ૧ લીટ્સ, ચણાનો લોટ ૫૦૦ ગ્રામ, ખાંડુ ૫૦૦ ગ્રામ, મેંદાનો લોટ ૫૦૦ ગ્રામ, ચોખાના પૌવા ૫૦૦ ગ્રામ. મકાઈના પૌવા ૫૦૦ ગ્રામ આપવામાં આવશે. આવતીકાલે તા. ૩૦ને રવિવાર સવારે ૭-૦૦ થી ૧૦-૦૦ કલાકે, ૩ ગુંદાવાડી, મથુરભાઈ રાજદેવ ચોક ખાતે આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ થી આપેલ કાર્ડ તથા રેશનીંગ કુપન લાવવું ફરજીયાત છે. એક વ્યક્તિ એક થી વધારે કાર્ડ સાથે લાવશે તે માન્ય રાખવામાં આવશે નહિ, ૧૮ વર્ષથી ઉપરની ઉમંરના વ્યકિતને જ વસ્તુ આપવામાં આવશે. સમગ્ર આયોજન અંગે સથવારો ફાઉન્ડેશ ના પ્રમુખ અને ફાયર સમિતિના ચેરમેન કેતનભાઈ પટેલના માર્ગદર્શન માં ઉમેશ ભુત, પરેશ વોરા, સુધીર ઠુંમર, રવિ ડાંગર, પ્રશાંત રાયચુરા, મનીષ ઝવેરી, જીતુ કાકડીયા, વિશાલ ગજેરા રશ્મીન કાકડીયા, મેહુલ જોબનપુત્રા, વિપુલ માખેલા, શૈલેષ હાપલીયા, પરાક્રમસિંહ જાડેજા, જીનલ રૈયાણી, સુરેશ ચૌહાણ,




પ્રદિપ અનડકટ, બકુલ મકવાણા, હિતેષ કોબરીયા, પ્રદિપ અનડકટ, કૌશલ ધામી, સ્મીત હુંમર, સંજય જોબનપુત્રા, હિરેન ગણાત્રા, સંજય વઘાસીયા તથા કાર્યકર્તાઓની ટીમ જહેમત ઉઠાવી રહી છે. સમગ્ર આયોજન અંગે ગુંદાવાડી વેપારી મિત્ર મંડળનો હર હંમેશનો સહયોગ મળતો રહ્યો છે.

# ભાવનગરમાં સોમવારે ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરેટી ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રાહક જાગૃતિ પરિસંવાદનું આયોજન

**અબતક રાજકોટ**

ભારતીય દૂરસંચાર નિયામક પ્રાધિકરણ તથા જાગૃતિ ગ્રાહક સુરક્ષા મહિલા મંડળ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ભાવનગર ખાતે ટેલિફોન અને દૂરસંચાર ગ્રાહકોની જાગૃતિ અર્થે એક ખાસ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદ સોમવારના રોજ સવારે ૧૨:૦૦ કલાકે વિદ્યાધીશ વિદ્યાસંકુલ, પ્રમુખસ્વામી નગર, કળિયાબીડ, ભાવનગર ખાતે યોજાશે.



આ પરિસંવાદમાં સાયબર ગુના સંબંધિત વિષય નિષ્ણાત પોલીસ વિભાગના ચેતનભાઈ ભારસોપીયા ઉપસ્થિત રહી ગ્રાહકોને સુરક્ષા અંગે માર્ગદર્શન આપશે. કાર્યક્રમના ઉદઘાટક તરીકે જાણીતા શિક્ષણશાસ્ત્રી અને ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિઓના પ્રણેતા ધીરુભાઈ ધંધુકિયા હાજર રહેશે. આ ઉપરાંત મુખ્ય અતિથિ તરીકે વિદ્યાધીશ વિદ્યાસંકુલના ટ્રસ્ટી જી. એમ. સુતરીયા, માજી સાંસદ માવાણી દંપતિ રમાબેન માવાણી અને રામજીભાઈ માવાણી, ગ્રાહક તકરાર નિવારણ મંચના સદસ્યા કુમારી પ્રતિક્ષાબેન જોષી તેમજ ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ બોસમીયા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.આ પરિસંવાદમાં ભારત સંચાર નિગમ લિમિટેડ, વોડાફોન-આઈડિયા, એરટેલ અને જીઓ જેવી વિવિધ દૂરસંચાર સેવા પ્રદાતા કંપનીઓના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે. ઉપસ્થિત શ્રોતાઓને દૂરસંચાર સેવાઓને લગતી કોઈપણ સમસ્યા કે પ્રશ્નો હોય તો તેનું સ્થળ પર જ માર્ગદર્શન આપવામાં આવશે. આ પરિસંવાદમાં તમામ ટેલિફોન ધારકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે અને તેમાં પ્રવેશ તદ્દન વિનામૂલ્યે રાખવામાં આવ્યો છે. સમગ્ર આયોજનની વ્યવસ્થા જાગૃતિ ગ્રાહક સુરક્ષા મહિલા મંડળના પ્રમુખ ડો. દીપાબેન કોરાટ દ્વારા સંભાળવામાં આવી રહી છે.

# લોહાણા મહા પરિષદની લીગલ કમિટીના વાઈસ ચેરપર્સન તરીકે સંજય પંડિતની નિમણૂક

**રાજકોટ**

લોહાણા મહા પરિષદના લીગલ કમિટીના વાઈસ ચેરપર્સન તરીકે રાજકોટના એડવોકેટ સંજય હેમંતભાઈ પંડિતની નિમણૂક કરવામાં આવી છે.લોહાણા મહા પરિષદ, સૌરાષ્ટ્ર ઝોન દ્વારા ૨૦૨૬-૩૧ માટે તેમને સોંપવામાં આવેલી આ જવાબદારીને સમાજમાં કાનૂની જાગૃતિ વધારવા, કાયદાકીય માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવા તથા સમાજના હિત સાથે જોડાયેલા કાનૂની પ્રશ્નોમાં યોગ્ય સહાય અને માર્ગદર્શન પૂરું પાડવા માટે મહત્વપૂર્ણ જવાબદારી તરીકે જોવામાં આવી રહી છે.આ નિમણૂક બદલ એડવોકેટ સંજય પંડિતે લોહાણા મહા પરિષદ તથા સૌરાષ્ટ્ર



ઝોનના પ્રમુખ રામકુમાર બરછા સહિત સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ જવાબદારી મારા માટે માત્ર સન્માન નથી, પરંતુ સમાજની સેવા કરવાની એક નવી જવાબદારી છે.

મળેલા વિશ્વાસને જાળવી રાખીને કાનૂની જાગૃતિ અને સમાજસેવાના ક્ષેત્રે શક્ય તેટલું સક્રિય યોગદાન આપવાનો મારો પ્રયત્ન રહેશે.એડવોકેટ સંજય પંડિત રાજકોટ ખાતે પંડિત એસોસિએટસ લો ફર્મ ચલાવી રહ્યા છે અને કાયદા અંગે સામાન્ય લોકોમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી 'કાયદા ની વાતો' માધ્યમ દ્વારા પણ કાનૂની માહિતી રજૂ કરી રહ્યા છે.

આ નિમણૂકનો પદગ્રહણ સમારોહ તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કુવાડવા રોડ ઉપર હોટલ ફર્ન ખાતે યોજાનાર છે. સમાજના આગેવાનો, સભ્યો અને યુવાનોના સહકાર તથા માર્ગદર્શન સાથે નવી જવાબદારીને નિષ્ઠા, પારદર્શિતા અને સમર્પણપૂર્વક નિભાવવાનો તેમનો સંકલ્પ છે.

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા સોમવારે 'કાઠીયાવાડી રંગત' લોકડાયરો યોજાશે

## હેમુ ગઢવી હોલ ખાતે કાઠીયાવાડની સંસ્કૃતિ, લોકગીતો અને હાસ્યનો અનોખો સંગમ દર્શકોને મંત્રમુગ્ધ કરશે

**અબતક રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી અંતર્ગત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રાજકોટની જનતા માટે કાઠીયાવાડની સમૃદ્ધ લોકસંસ્કૃતિ, પરંપરા અને સાહિત્યને ઉજાગર કરતો અનોખો લોક ડાયરો 'કાઠીયાવાડી રંગત' સોમવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે હેમુ ગઢવી હોલ, ખાતે યોજાશે

જન્માષ્ટમી મહોત્સવ સમિતિના ધર્માધ્યક્ષ.ભકિત પ્રકાશદાસ મહારાજના આશીર્વાદ સાથે માર્ગદર્શક સમિતિના સભ્યો માવજીભાઈ ડોડિયાં, નરેન્દ્રભાઈ દવે, ભૂપતભાઈ ગોવાણી, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, શાંતુભાઈ રૂપારેલીયા, પ્રતાપભાઈ કોટક, વનરાજભાઈ ગરૈયા, નિકેશભાઈ કથિરીયા અને અશોકભાઈ મકવાણાની પ્રેરણાથી આ કાર્યક્રમ જાહેર કરાયો છે. સમિતિના અધ્યક્ષ રાજદીપસિંહ જાડેજા (રાજાભાઈ વાવડી), ધર્મયાત્રા અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાળા (ગધેથડ), કાર્યકારી અધ્યક્ષ તીર્થરાજસિંહ ગોહિલ તથા ઈનચાર્જ પરેશભાઈ રૂપારેલીયા દ્વારા રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં જોડાવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કાઠીયાવાડી રંગત' એ માત્ર મનોરંજક શો નથી પરંતુ સંયુક્ત પરિવારની ભાવના, વડીલોનું સન્માન, લોકગીતો અને સંબંધોની મીઠાશ રજૂ કરતો સંગમ છે. આ કાર્યક્રમ આરડી ઈવેન્ટ્સ તથા પરેશભાઈ પોપટના સંચાલન હેઠળ યોજાશે અને તેનું ડિઝાઈનિંગ પ્રીત ગોસ્વામી દ્વારા કરાયું છે. આ મંચ પરથી જાણીતા કલાકારો પ્રીત ગોસ્વામી, મયુર બુદ્ધદેવ, જયેશ દવે અને માનસી પટેલ પોતાની પ્રસ્તુતિ દ્વારા હાસ્ય અને સંગીતની રમઝટ બોલાવશે. સમિતિના ઈનચાર્જ પરેશભાઈ રૂપારેલીયાએ વહેલા તે પહેલાના ધોરણે બેઠક વ્યવસ્થા હોવાથી દર્શકોને સમયસર પહોંચી જવા અનુરોધ કર્યો છે.

આ ઉપરાંત જન્માષ્ટમીની




ભવ્ય શોભાયાત્રા માટે ફ્લોટ અને લતા સુશોભનની નોંધણી નાગર-બોર્ડિંગ કાર્યાલય ખાતે પૂરજોશમાં ચાલી રહી છે. વિહિપ રાજકોટ મહાનગર અધ્યક્ષ વનરાજભાઈ ગરૈયા, વિભાગ મંત્રી પરેશભાઈ રૂપારેલીયા, વિભાગ સહ મંત્રી દીપકભાઈ ગમઢા તેમજ જિલ્લા મંત્રી વિનય કારીયાએ શહેરના તમામ મંડળો, હિન્દુ સંગઠનો અને સામાજિક આગેવાનોને સુશોભન નોંધણીમાં તેમજ આ લોક ડાયરામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આહ્વાન કર્યું છે.

# બાલાજી દાદાનો 'ડ્રાયફ્રુટ અન્નકૂટ'

**અબતક, રાજકોટ**

રાજકોટવાસીઓના દુઃખ દૂર કરતા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે શનિવારના રોજ ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો છે. આજે સવારે દિવ્ય શણગારની સાથે જ દાદાને આજે 'ડ્રાયફુટ અન્નકૂટ' પણ ધરાવવામાં આવ્યો છે. સવારથી સાંજ સુધી ભાવિક ભક્તો દાદાના આ મનોરમ્ય ડ્રાયફુટ અન્નકૂટના દર્શનનો દિવ્ય લાભ લઈ શકશે.

ત્યારબાદ, સાંજના સમયે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય નાદથી ગુંજી ઉઠશે. સાંજે ૦૫:૩૦ કલાકે ઢોલ-નગારાના સથવારે અને ભારે ઉત્સાહ સાથે વાજતે-ગાજતે દાદાના મંદિરના શિખર પર પવિત્ર ધ્વજા આરોહણ કરવામાં આવશે. આ સમગ્ર મહોત્સવ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદથી અને બાલાજી સેવા સમિતિ' ના વિશેષ અને મુખ્ય સહયોગથી યોજાઈ રહ્યો છે.

ધ્વજારોહણની મંગલ વિધિ બાદ સાંજે ૭:૧૫ કલાકે ભવ્ય સંધ્યા આરતી ઉતારવામાં આવશે, જેમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાઈને દાદાની દિવ્ય ચેતનાનો અનુભવ કરશે. ઉપરાંત આ પવિત્ર અને ભકિતમય વાતાવરણમાં અભિવૃદ્ધિ કરવા માટે, આજે રાત્રે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી શ્રી બાલાજી હનુમાનજી મંદિરે ભવ્ય 'સુંદરકાંડના



પાઠ' નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સંગીતમય શૈલીમાં ગવાતા આ પાઠથી સમગ્ર મંદિર પરિસર રામનામ અને બાલાજી દાદાની ભક્તિના રંગે રંગાઈ જશે.

મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા સમસ્ત રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય ધ્વજા આરોહણ, ડ્રાયફ્રુટ અન્નકૂટ દર્શન અને સંધ્યા આરતીનો દિવ્ય લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આરએસએસના શતાબ્દી વર્ષે ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતેથી ડો. મોહન ભાગવત આપશે વૈશ્વિક સંદેશ

## ભારતીય સમય મુજબ આજે રાત્રે ૧૧:૩૦ કલાકે કરશે પ્રવચનઃ ન્યૂયોર્કના પ્રસિદ્ધ ઈસ્કોન મંદિરની પણ લીધી મુલાકાત

**અબતક રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષના પાવન અને ઐતિહાસિક અવસર નિમિત્તે સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવત હાલ અમેરિકાના ખાસ પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન આજે ભારતીય સમય અનુસાર રાત્રે ૧૧:૩૦ વાગ્યે અમેરિકાના ન્યૂયોર્ક શહેર સ્થિત વિશ્વવિખ્યાત મેડિસન સ્કવેર ગાર્ડન ખાતે ભવ્ય 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી મંચોમાંથી એક એવા મેડિસન સ્કવેર ગાર્ડન પરથી સરસંઘચાલક ડો. મોહન ભાગવત ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય



સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષના ઐતિહાસિક શતાબ્દી પ્રવાસ, સનાતન જીવનદર્શન અને ''વસુધૈવ કુટુંબકમ્'' અર્થાત સમગ્ર વિશ્વ એક પરિવાર છે તેવા વૈશ્વિક માનવ-એકતાના સંદેશ અંગે પોતાના ખાસ વિચારો રજૂ કરશે. ભારતમાંથી ઉદ્ભવેલા આ ઉત્કૃષ્ટ વિચારો આજે આંતરરાષ્ટ્રીય મંચ પરથી કેવી રીતે ગુંજશે, તેને લઈને દેશ-વિદેશમાં વસતા ભારતીય સમુદાય અને વૈશ્વિક ક્ષેત્રે ભારે આતુરતા અને ઉત્સુકતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ ઐતિહાસિક કાર્યક્રમનું ડિજિટલ માધ્યમો અને યુટ્યુબ મારફતે લાઈવ પ્રસારણ પણ કરવામાં આવશે, જેથી સમગ્ર દુનિયાના લોકો આ વિચાર-સંવાદના સાક્ષી બની શકે. આ પ્રસારણના માધ્યમથી ભારતના સાંસ્કૃતિક ચિંતન અને વૈશ્વિક શાંતિના સંદેશને કરોડો લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, પોતાના ન્યૂયોર્ક રોકાણ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતે ન્યૂયોર્ક ખાતે આવેલા પ્રસિદ્ધ ઈસ્કોન મંદિરની પણ ભાવપૂર્વક મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે દર્શન-પૂજન કરીને સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. ભારતીય વિચાર, વૈશ્વિક માનવ-કલ્યાણ અને સંસ્કૃતિના વિશ્વવ્યાપી પ્રસારની દ્રષ્ટિએ સરસંઘચાલકનો આ અમેરિકા પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ગણાવવામાં આવી રહ્યો છે.

# કોટડાસાંગાણીના અરડોઈ ગામે લાઈટ બિલના પૈસા માંગતા પિતા-પુત્ર પર હુમલો

## જમીન ભાગીયે વાવનાર શખ્સે ગાળાગાળી કરી લાફા ઝીંકી ઢીંકાપાટુનો માર માર્યોઃ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણીના અરડોઈ ગામે ખેડૂત અને તેમના પુત્રને ગામમાં જ રહેતા શખસે લાફા ઝીંકી ઢીકાપાટુનો મારમારી ધમકી આપી હતી. ખેડૂતે આરોપીને અગાઉ જમીન વાવવા માટે આપી હોય તે સમયના લાઈટના બિલના પૈસાની બાકી હોય જેની માંગણી કરતા હુમલો કર્યો હતો.

રાજકોટમાં સેલિબ્રેશન પાર્ટી પ્લોટની બાજુમાં મારૂતિ રેસીડેન્સીમાં રહેતા ભીખુભાઈ ગાંડુભાઈ વિરડીયા (ઉ.વ. ૬૦) નામના ખેડૂતે કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કોટડા સાંગાણીના અરડોઈ ગામે રહેતા બાવા પોપટભાઈ વિરડીયાનું નામ આપ્યું છે.ભીખુભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારના તે તથા તેમનો પુત્ર મહાદેવ કાર લઈ તેમના મૂળ વતન જવા માટે નીકળ્યા હતા અને સવારના આશરે ૦૯:૪૫ વાગ્યે અરડોઈ ગામ નવા પ્લોટ વિસ્તાર ખાતે આવેલા તેમના મકાન સામે પહોંચતા ત્યાં સામે ગાંધી બાપાના ઓટલા પાસે બાવા વિરડીયા બેઠો હતો અને તેણે ફરિયાદી સામે હાથ ઊંચો કરી ચાળો કરતા ફરિયાદી તથા તેમના પુત્ર તેમની પાસે ગયા હતા.

ફરિયાદીએ અગાઉ બાબાભાઈને એક વર્ષ પૂર્વે જમીન વાવવા માટે આપી હતી અને તે સમયનું ખેતીની જમીનનું લાઈટ બિલ ૨૦૦૦ ભરવાનું બાકી હોય જેથી ફરિયાદીએ બાવાભાઈને બાકીનું લાઈટ બિલ ભરવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાય ગયો હતો અને કહેવા લાગ્યો હતો કે, હું બિલના પૈસા આપવાનો નથી તારાથી થાય તે કરી લે તેમ કહી ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી ફરિયાદીએ તેને ગાળો દેવાની ના કહેતા ઝપાઝપી કરી ત્રણ થપ્પડો મારી દીધી હતી અને ફરિયાદીને નીચે પાડી દીધા હતા બાદમાં ઢીકાપાટુનો મારમાર્યો હતો જેથી ફરિયાદીનો પુત્ર મહાદેવ વચ્ચે પડતા તેને પગમાં લાત મારી હતી. દરમિયાન અહીં ગામના અન્ય લોકો એકત્ર થઈ જતા આરોપી અહીંથી ચાલ્યો ગયો હતો. જતા પૂર્વે ધમકી આપી હતી કે, ઉભો રહેજે હમણાં પૂરો કરી દઉં હુમલામાં ભીખુભાઈને ઈજા પહોંચી હોય જેથી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા બાદમાં તેમણે આ અંગે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે કોટડા સાંગાણી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પારકા ડખ્ખામાં સમજાવટ કરવા ગયેલા પ્રૌઢ પર પાઈપ વડે હુમલોઃ હાથ ભાંગી નાખ્યો

## જેતપુરના અમરનગરનો બનાવ : સંબંધીની દીકરીને તેડવાં બાબતે મારામારી નહિ કરવાનું કહેતા જ ચાર શખ્સો તૂટી પડ્યા, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના અમરનગરમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ પારકા ડખ્ખામાં સમજાવટ કરવા જતાં ચાર શખ્સોની ટોળકીએ માર માર્યો હતો. સંબંધીની દીકરીને તેડવાં બાબતે મારામારી કરતા શખ્સોને સમજાવવા જતાં ચાર શખ્સો પ્રૌઢ પર પાઈપ વડે તૂટી પડ્યા હતા અને હાથ ભાંગી નાખ્યો હતો. જે મામલે પ્રૌઢની ફરિયાદ પરથી જેતપુર તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો. જેતપુરના અમરનગરમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ ભુપતભાઈ બાલુભાઈ ચારોલીયાએ આરોપી તરીકે મુનો લલ્લુભાઈ વાઘેલા, રાજુ લાલુભાઈ વાઘેલા(બંને રહે. અમરનગર, જેતપુર) અને અવનીશ કિશોરભાઈ પરમારતેમજ જયસુખ કિશોરભાઈ પરમાર (બંને રહે. ધારી, અમરેલી)નું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યે હું મારા કામ માટે દેવળકી જતો હતો. ત્યારે અમારા સંબંધી મનુની દીકરી કાજલ જેના લગ્ન મનુના બહેનના દીકરા અવિનાશ સાથે થયેલા હોય અને કાજલને તેડવા બાબતે રોડ ઉપર ચર્ચા કરતા હતા. બાદ હું ચારેક વાગ્યા દેવળકીથી પરત ફરતા મારા સંબંધી મુન્નો લાલુ, રાજુ લાલુ તથા તેના ભાણા અવનીશ, જયસુખ, વિપુલ અને અતુલ અંદરો અંદર બોલાચાલી કરતા હતા અને ફાઈબરના પાઈપથી મારામારી કરતા હતા. જેથી હું મારું મોટરસાયકલ લઈને ત્યાં ગયેલ અને તેમની વચ્ચે પડી સમજાવવા જતા મુન્નો લાલુ વાઘેલાએ મને ડાબા હાથમાં એક ઘા મારી દિધેલ હતો. રાજુ વાઘેલાએ મારા ડાબે હાથે કોણીથી ઉપરના ભાગે એક ફાઈબરના પાઈપનો ઘા મારી દીધેલ હતો. અવનીશ કિશોર પરમાર તથા જયસુખ કિશોર પરમારે મારા જમણા પગમાં ગોઠણ નીચે ફાઈબરના પાઈપના ઘા મારેલ હતા. બાદ હું વધુ મારથી બચવા દોડીને ગામમા ચાલ્યો ગયેલો હતો અને મારા દીકરા અરવિંદને ફોન કરીને બોલાવેલ હતો. જેથી પુત્રએ દોડી આવી મને ૧૦૮ એમ્બયુલેન્સ મારફતે સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ પ્રૌઢને વધુ સારવાર અર્થે જૂનાગઢ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. જયા તબીબે પ્રૌઢના ડાબા હાથમાં ફેક્ચર થયાનું જાહેર કર્યુ હતું. જેથી પ્રૌઢએ ચારેય શખ્સો સામે જેતપુર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# પી. એન્ડ ટી. વી. શેઠ હાઈસ્કૂલમાં ૨૨૧થી વધુ વિદ્યાર્થીઓએ બનાવી માનવ પ્રતિકૃતિરૂપ અદ્ભુત રાખડી

**અબતક રાજકોટ**

પી. એન્ડ ટી. વી. શેઠ હાઈસ્કૂલ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે ૨૨૧થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા માનવ પ્રતિકૃતિરૂપ અદ્ભુત રાખડીની રચના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ એકસાથે જોડાઈને રાખડીનું વિશાળ માનવચિત્ર તૈયાર કરી રક્ષાબંધનના પવિત્ર પર્વને અનોખી રીતે ઉજવ્યું હતું. આ વિશિષ્ટ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં ભાઈ-બહેનના પવિત્ર સંબંધ પ્રત્યે લાગણી, પ્રેમ, એકતા અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું સંવર્ધન કરવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ભાગીદારીએ સમગ્ર કાર્યક્રમને આકર્ષણનું કેન્દ્ર બનાવ્યો હતો. શાળાના આ અનોખા પ્રયાસથી ''એકતા, સંસ્કાર અને સ્નેહ''નો સંદેશ સમાજ સુધી પહોંચ્યો હતો અને ઉપસ્થિત સૌ કોઈએ આ માનવ પ્રતિકૃતિરૂપ રાખડીની રચનાને બિરદાવી હતી. શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા સમગ્ર આયોજન ટીમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



### વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઓઈલ ડીલ

# અમેરિકાએ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલ ઓઈલ ભંડાર પર નિયંત્રણ મેળવ્યું

## વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ સાથે કરાર : અમેરિકામાં હવે પેટ્રોલના ભાવ ઉપરનું દબાણ ઘટશે

**અબતક, નવી દિલ્હી**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે અમેરિકાએ વેનેઝુએલા સાથે એક ઐતિહાસિક ઓઈલ ડીલ કરી છે. આ કરાર હેઠળ અમેરિકાને દક્ષિણ અમેરિકન દેશ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલ ઓઈલ ભંડાર પર સીધું નિયંત્રણ મળશે. સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી આપતા ટ્રમ્પે તેને ‘‘વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઓઈલ ડીલ‘‘ ગણાવી હતી. આ કરાર અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો, ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથ અને વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ વચ્ચેની લાંબી વાટાઘાટો બાદ નક્કી કરવામાં આવ્યો છે.

આ ઐતિહાસિક ઓઈલ ડીલની જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે લગભગ ૯ મહિના પહેલા અમેરિકન સૈન્યએ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર વેનેઝુએલાના તત્કાલિન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડવા માટે એક ખાસ ઓપરેશન પાર પાડ્યું હતું. માદુરોને અમેરિકામાં લાવવામાં આવ્યા છે અને તેમની પર નાર્કો-ટેરરિઝમ અને ડ્રગ હેરફેરના ગંભીર ફેડરલ આરોપો હેઠળ કેસ ચાલી રહ્યો છે. જાન્યુઆરીમાં માદુરોને સત્તા પરથી હટાવ્યા બાદ તરત જ ટ્રમ્પે અમેરિકન ઓઈલ કંપનીઓને વેનેઝુએલામાં પાછી લાવવા અંગેની દિશામાં કામગીરી શરૂ કરી દીધી હતી.

અમેરિકા માટે આ કરાર અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે કારણ કે હાલમાં ટ્રમ્પ પ્રશાસન સ્થાનિક સ્તરે મોંઘા પેટ્રોલના ભાવને કારણે ભારે દબાણનો સામનો કરી રહ્યું છે. ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધને ૬ મહિના વીતી ગયા હોવા છતાં તેનો કોઈ અંત દેખાતો નથી, જેના કારણે ઉર્જા પુરવઠા અંગે ચિંતાઓ વધી છે. ઉર્જા સંકટને પહોંચી વળવા માટે અમેરિકા તેના વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારનો ઉપયોગ કરી રહ્યું છે. ઓગસ્ટની શરૂઆતમાં આ ભંડાર ૩૦૦ મિલિયન બેરલથી નીચે આવી ગયો હતો, જે વર્ષ ૨૦૨૬ ની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં ૧૦૦ મિલિયન બેરલનો જંગી ઘટાડો દર્શાવે છે. વેનેઝુએલા વિશ્વના સૌથી મોટા ઓઈલ ભંડાર ધરાવતા દેશોમાંનો એક છે. યુએસ એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન મુજબ, વેનેઝુએલા પાસે અંદાજિત ૩૦૩ અબજ બેરલ ક્રૂડ ઓઈલનો ભંડાર છે, જે વૈશ્વિક ઓઈલ ભંડારના લગભગ ૧૭% જેટલો થાય છે. વેનેઝુએલાનું મોટાભાગનું



ઓઈલ પહેલેથી જ મેપ થયેલું છે, જેથી નવી કંપનીઓને ભંડાર શોધવાની કોઈ મથામણ કરવાની રહેતી નથી. જોકે, વર્ષોથી ખરાબ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે દેશ આ ભંડારને ઉત્પાદનમાં ફેરવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે અને અત્યારે વિશ્વના કુલ ઓઈલ ઉત્પાદનમાં તેનો હિસ્સો માત્ર ૧% જેટલો જ છે.

### માદુરોનું પતન થતા જ ઓઈલ માટે વેનેઝુએલાના દરવાજા ખુલ્યા

નિકોલસ માદુરોના શાસન દરમિયાન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝની નીતિઓને કારણે અમેરિકન ઓઈલ કંપનીઓ માટે વેનેઝુએલાના દરવાજા લગભગ બંધ થઈ ગયા હતા. વિદેશી અને અમેરિકન સંપત્તિઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. જોકે, અમેરિકન મિલિટરી ઓપરેશન બાદ માદુરોની ધરપકડ અને ત્યાં થયેલા સત્તા પરિવર્તનને કારણે અમેરિકાએ પોતાની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે ફરીથી વેનેઝુએલામાં પગપેસારો કરવાની શાનદાર તક ઝડપી લીધી છે. અમેરિકાની આ આક્રમક કૂટનીતિના કારણે હવે તેમના દેશની ઓઈલ કંપનીઓ ફરીથી વૈશ્વિક સ્તરે પોતાનો દબદબો જાળવી શકશે.

### યુદ્ધ વચ્ચે પણ ઉર્જા સંકટ નિવારવા અમેરિકાની વ્યૂહરચના

સતત વધી રહેલા પેટ્રોલના ભાવ અને મધ્ય પૂર્વમાં ઈરાન સાથેના લાંબા યુદ્ધને કારણે અમેરિકાનું એનર્જી રિઝર્વ ઝડપથી ઘટી રહ્યું હતું. વર્ષ ૨૦૨૬ માં રિઝર્વ ૩૦૦ મિલિયન બેરલની અંદર પહોંચી જતાં ટ્રમ્પ સરકાર માટે નવી ઉર્જા નીતિ શોધવી અનિવાર્ય બની ગઈ હતી અને ચૂંટણીના વર્ષમાં આ મુદ્દો ભારે પડી શકે તેમ હતો. વેનેઝુએલાના ૩૦૩ અબજ બેરલના વિશાળ ભંડારમાંથી ૬૫ અબજ બેરલનો સીધો એક્સેસ મેળવીને અમેરિકાએ પોતાના ભવિષ્યના ઉર્જા સંકટનો એક લાંબા ગાળાનો અને અત્યંત પ્રભાવશાળી ઉકેલ શોધી કાઢ્યો છે.

### પાણી માટે કરગરતું પાકિસ્તાન

# સિંધુ જળ સંધિ મુદ્દે પાકના આંતરરાષ્ટ્રીય મંચ પર હવાતિયાં

## ‘લોહી અને પાણી એકસાથે ન વહી શકે’: આતંકવાદ સામે કડક પગલાં વિના સંધિ પુનઃસ્થાપિત નહીં થાય તેવા વલણ પર ભારત અડગ  ૨૫ કરોડ લોકોની આજીવિકા સંકટમાં હોવાની દુહાઈ દઈ ઈશાક ડારે વૈશ્વિક સમર્થન માંગ્યું

**અબતક, નવી દિલ્હી**

ભારતે વર્ષ ૧૯૬૦ની સિંધુ જળ સંધિ (સ્થગિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધા બાદ ભારે આર્થિક સંકટ અને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલવાયા પડી ગયેલા પાકિસ્તાને હવે વૈશ્વિક સમુદાય સમક્ષ ગુહાર લગાવવાનું શરૂ કર્યું છે. અમેરિકા ખાતેના પાકિસ્તાની દૂતાવાસ દ્વારા આયોજિત એક વર્ચ્યુઅલ સેમિનારને સંબોધતા પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે આ સંધિની મોકૂફી સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની માંગણી કરી હતી.

ઈશાક ડારે જણાવ્યું હતું કે સિંધુ નદી તંત્ર ૨૫ કરોડ પાકિસ્તાનીઓ માટે જીવનરેખા સમાન છે અને દેશની કૃષિ, ખાદ્ય સુરક્ષા, ઉર્જા અને આર્થિક વ્યવસ્થા સંપૂર્ણપણે તેના પાણી પર નિર્ભર છે. દેશની કથળેલી સ્થિતિનો દોષ ક્લાઈમેટ ચેન્જ અને પાણીની અછત પર ઢોળતા તેમણે ચેતવણીભર્યા સૂરમાં કહ્યું કે પાકિસ્તાનને પાણીથી વંચિત રાખવાના પ્રયાસો પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા માટે જોખમી સાબિત થશે. સાથે જ તેમણે જળ સંસાધનોને હથિયાર ન બનાવવાની અપીલ કરી હતી.

બીજી તરફ, નવી દિલ્હીએ પોતાના વલણમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૬ નાગરિકોનો ભોગ લેનારા પાકિસ્તાન-પ્રાયોજિત આતંકવાદી હુમલા બાદ ભારતે આ સંધિ સ્થગિત કરી હતી. ભારતે પુનરોચ્ચાર કર્યો છે કે ‘‘લોહી અને પાણી એકસાથે ન વહી શકે‘‘. જ્યાં સુધી પાકિસ્તાન પોતાની ધરતી પરથી ચાલતા સીમાપારના આતંકવાદી માળખાને કાયમી ધોરણે ખતમ નહીં કરે ત્યાં સુધી સિંધુ જળ સંધિ મોકૂફ જ રહેશે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે રાજ્ય-પ્રાયોજિત આતંકવાદ ચાલુ રહે ત્યાં સુધી સંસાધનોની વહેંચણી શક્ય નથી અને ભારત કોઈ પણ આંતરરાષ્ટ્રીય દબાણ સામે ઝૂકશે નહીં.

# હવે ઓછા ટાવરથી પણ મળશે વધુ સારૂ 5G નેટવર્ક

## આ ફેરફાર સાથે ભારત હવે યુરોપિયન યુનિયન, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોર સહિતના ૧૩૭ દેશોની વૈશ્વિક લાઈન સાથે જોડાઈ ગયું છે



**અબતક, રાજકોટ**

ભારત સરકારે ટેલિકોમ સેક્ટરમાં એક મોટો અને દૂરગામી નિર્ણય લેતા મોબાઈલ નેટવર્ક માટેના ઈલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડ રેડિયેશન નોમ્ર્સને વૈશ્વિક ધોરણો મુજબ હળવા કર્યા છે. આ નવા નિયમો હેઠળ 5G બેઝ સ્ટેશન માટે પાવર ડેન્સિટીની મર્યાદા પ્રતિ ચોરસ મીટર ૫ વોટથી વધારીને ૧૦ વોટ કરવામાં આવી છે.

આ પગલાથી ટેલિકોમ ઓપરેટરોને ઓછા ટાવર સાથે વધુ વિસ્તારોમાં મજબૂત કવરેજ આપવાની છૂટ મળશે, જે વધતા જતા પ્રૠ ડેટા ટ્રાફિક વચ્ચે ગ્રાહકોને ઉત્તમ સર્વિસ ક્વોલિટી પૂરી પાડવા માટે અત્યંત જરૂરી હતું. અગાઉના કડક નિયમોના કારણે 5G ના વિસ્તરણમાં ભારે મુશ્કેલીઓ આવી રહી હતી, જે હવે દૂર થવાની પૂરી સંભાવના છે.

આ ફેરફાર સાથે ભારત હવે યુરોપિયન યુનિયન, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોર સહિતના આશરે ૧૩૭ દેશોની વૈશ્વિક લાઈન સાથે જોડાઈ ગયું છે. આ નવા નિયમો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને સલાહ આપતી આંતરરાષ્ટ્રીય સંસ્થા આઈસીએનઆઈઆરપીના માર્ગદર્શિકા પર આધારિત છે. આ સંશોધિત રેડિયેશન નિયમો આગામી મહિનાથી સત્તાવાર રીતે અમલમાં આવશે.ભારત સરકારનો આ નિર્ણય દેશના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને ટેલિકોમ સેક્ટરને આર્થિક રીતે સક્ષમ બનાવવાની દિશામાં એક માઈલસ્ટોન સાબિત થશે. તેનાથી માત્ર નેટવર્કની કાર્યક્ષમતા વધશે નહીં, પરંતુ ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરવામાં પણ મોટો વેગ મળશે.

# પુણેમાં દવા બનાવતી સિપ્લા કંપનીના યુનિટનું લાઈસન્સ રદ

## દવાના સંગ્રહ, પેકેજિંગ અને રિકોલ પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિઓ જોવા મળતા ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા હાથ ધરાઈ કડક કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા પુણેમાં આવેલી સિપ્લા ફાર્મા એન્ડ લાઈફ સાયન્સિસ લિમિટેડના કેરી એન્ડ ફોરવર્ડિંગ યુનિટનું ડ્રગ સેલ લાઈસન્સ રદ કરવામાં આવ્યું છે. આ કાર્યવાહી દવાના સંગ્રહ, પેકેજિંગ અને રિકોલ પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિઓ જોવા મળતા કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ લાઈસન્સ રદ કરવાનો આદેશ ૨૭ ઓગસ્ટથી પુણે જિલ્લાના વાડકી ખાતે આવેલા કંપનીના પ્રાથમિક વેરહાઉસ પર લાગુ કરવામાં આવ્યો છે.

આ અગાઉ જૂન મહિનામાં એફડીએ અધિકારીઓએ કરેલી પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ’રિએક્ટિન પ્લસ’ નામની શેડ્યૂલ એચ પ્રિસ્ક્રિપ્શન દવાના પેકેજિંગ પર બિનઅધિકૃત રીતે તેને ’એનાલજેસિક અને એન્ટિપાયરેટિક’ તરીકે દર્શાવવામાં આવી હતી. આ તારણોને આધારે, એફડીએએ ૧૧.૧૯ લાખ રૂપિયાની કિંમતનો સ્ટોક જપ્ત કર્યો હતો. અધિકારીઓએ નોંધ્યું હતું કે આવા પ્રમોશનલ દાવાઓ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦ અને ડ્રગ્સ રૂલ્સ ૧૯૪૫ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.

તપાસ બાદ નિયામક દ્વારા કંપનીને બજારમાંથી મિસબ્રાન્ડેડ દવાઓ પાછી ખેંચવાનો (રિકોલ) આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ એફડીએ ના જણાવ્યા અનુસાર કંપની આ આદેશોનું સંપૂર્ણ પાલન કરવામાં નિષ્ફળ રહી હતી. ત્યારબાદ યુનિટની ડિસ્ટ્રિબ્યુશન અને સેલ્સ સિસ્ટમની વધુ તપાસમાં અન્ય અનેક અનિયમિતતાઓ બહાર આવી હતી. જેમાં કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ટોક અને વાસ્તવિક ખરીદ-વેચાણના રેકોર્ડ વચ્ચે વિસંગતતાઓ, દવાઓને સીધી જમીન પર રાખવી, અપૂરતા પેલેટ અને રેક સેટઅપ, તેમજ એક્સપાયર થયેલી દવાઓના નિકાલ માટેની ખામીયુક્ત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

આ તમામ ખામીઓ અને રિકોલના આદેશોનું યોગ્ય રીતે પાલન ન થતાં એફડીએ દ્વારા લાઈસન્સ ધારકને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. આ મામલે એફડીએ કમિશનર તુકારામ મૂંધે એ સ્પષ્ટ કર્યું હતું કે જાહેર સ્વાસ્થ્ય અને દવાની સુરક્ષા, ખાસ કરીને શેડ્યૂલ એચ દવાઓના સંગ્રહ, વેચાણ, જાહેરાત અને વિતરણ અંગે વિભાગ ’ઝીરો-ટોલરન્સ’ ની નીતિ ધરાવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે દવાઓના ઉત્પાદન અને વિતરણમાં સંકળાયેલી કોઈપણ સંસ્થા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ, સિપ્લા ફાર્મા એન્ડ લાઈફ સાયન્સિસએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે. કંપનીએ જણાવ્યું છે કે તેણે પુણે એફડીએના આદેશ સામે વાંધો ઉઠાવ્યો છે અને હાલમાં આ મામલો ન્યાયાધીન (સબ જ્યુડીસ) હોવાથી વધુ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. જોકે, સિપ્લાએ સ્પષ્ટતા કરી છે કે નિયમનકારી આદેશમાં તેમની પ્રોડક્ટ્સની સલામતી, ગુણવત્તા અથવા અસરકારકતા અંગે કોઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી નથી અને તેનાથી દર્દીઓની સલામતીને કોઈ ખતરો નથી.

# સીએનજીના ભાવમાં રૂ.૩.૮૯નો વધારો આયાતી ગેસ મોંઘો થતા ભાવ સળગ્યાં

## હોર્મુઝની સામુદ્રધુનીમાં અડચણ અને શિયાળા પહેલાં યુરોપ દ્વારા મોટા પાયે સંગ્રહથી વૈશ્વિક બજારમાં અછત સર્જાઈ

**અબતક, રાજકોટ**

ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ દ્વારા દિલ્હી-એનસીઆરમાં આયાતી લિક્વિફાઈડ નેચરલ ગેસના વધતા ખર્ચને પગલે સીએન્જીના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા ૩.૮૯ નો વધારો કરવામાં આવ્યો છે. આ નવા વધારેલા દરો આજથી જ અમલી બની ગયા છે, જેના કારણે હવે રાજધાની દિલ્હીમાં સીએનજીનો નવો ભાવ વધીને પ્રતિ કિલો રૂપિયા ૮૬.૯૮ થઈ ગયો છે. ચાલુ વર્ષ દરમિયાન સીએનજીના ભાવમાં કરાયેલો આ પાંચમો મોટો વધારો છે. આ અગાઉ મે મહિનામાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને લીધે વૈશ્વિક સ્તરે ઊર્જાના ભાવ વધતાં કંપનીએ માત્ર ૧૦ દિવસના ગાળામાં ચાર તબક્કામાં કુલ રૂપિયા ૬ નો ભાવવધારો ઝીંક્યો હતો.

આ તાજેતરના વધારા બાદ નોઈડા અને ગાઝિયાબાદમાં સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂપિયા ૯૫.૫૯, મેરઠમાં રૂપિયા ૯૫.૪૭ અને ગુરુગ્રામમાં રૂપિયા ૯૨.૦૧ ના સ્તરે પહોંચી ગયો છે. અલગ-અલગ રાજ્યોમાં વેલ્યુ એડેડ ટેક્સનું માળખું ભિન્ન હોવાને કારણે શહેરો અનુસાર કિંમતોમાં આ તફાવત જોવા મળી રહ્યો છે. દિલ્હી-એનસીઆરમાં મોટાભાગની ઓટોરિક્ષા, ટેક્સીઓ અને માલવાહક વાહનો આ પર્યાવરણપૂરક બળતણ પર ચાલતા હોવાથી આ નિર્ણયની સીધી અસર પેસેન્જર ભાડા અને માલસામાનની હેરફેરના દરો પર પડી છે. જેના કારણે સામાન્ય અને દૈનિક મુસાફરો માટે પરિવહન વધુ મોંઘું બનવાની શક્યતા ઊભી થઈ છે.

ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ હોર્મુઝની સામુદ્રધુનીમાં પશ્ચિમ એશિયાના તણાવ વધવાથી દરિયાઈ કાર્ગોની હેરફેર પર પડેલી ગંભીર અસર છે, જેના લીધે જુલાઈ મહિનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે એલએનજીની કિંમતો બમણી થઈ ગઈ છે. એશિયા-જેકેએમ એલએન્જીનો બેન્ચમાર્ક આ વર્ષના ફેબ્રુઆરીમાં પ્રતિ એમએમબીટીયુ લગભગ ૧૧ ડોલર હતો જે ઓગસ્ટમાં વધીને ૨૩.૪ ડોલર પર પહોંચી ગયો છે, જ્યારે યુરોપિયન ટીટીએફ ગેસ બેન્ચમાર્ક પણ ૧૧.૩ ડોલરથી વધીને ૨૩.૩ ડોલર થઈ ગયો છે. આ ઉપરાંત, આગામી શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને યુરોપિયન દેશો દ્વારા મોટા પાયે એલએનજીનો સંગ્રહ કરવાનું શરૂ કરાતા વૈશ્વિક બજારમાં અછત સર્જાઈ છે, જેણે કિંમતોમાં મોટો ઉછાળો આણ્યો છે.

### ડોલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત થયો

વૈશ્વિક નાણાકીય રોકાણના પ્રવાહ અને સરકારી બેંકો દ્વારા વિદેશી ચલણના વેચાણને કારણે ભારતીય નાણાંની સ્થિતિ મજબૂત બની છે અને રૂપિયો ૧૭ પૈસા વધીને બંધ રહ્યો હતો. આ કારોબારી દિવસે ડોલર સામે રૂપિયો ૯૫.૩૭ ના મથાળે બંધ રહ્યો હતો, જે તેના અગાઉના ૯૫.૫૪ ના બંધ ભાવ કરતાં વધુ મજબૂત છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત પ્રતિ પીપ ૮૮ ડોલર રહેતા ચલણને વધારાનો ટેકો મળ્યો હતો. સોમવારે ચલણનો વેપાર ૯૫.૨૫ થી ૯૫.૭૫ની સપાટી વચ્ચે રહેવાની શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# સાતમ-આઠમ નિમિતે જાહેર કરાયેલા ફરસાણના ભાવ બાંધણા સામે કોંગ્રેસનો ઉગ્ર વિરોધ: કલેકટરને રજુઆત

## બજાર ભાવ કરતાં તંત્રના રાહત દર ઊંચા! ફરસાણના ભાવ બાંધણા મુદ્દે કોંગ્રેસની પુનઃ સમીક્ષાની માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સાતમ-આઠમના તહેવાર નિમિત્તે તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા ફરસાણ અને મીઠાઈના ભાવ બાંધણા સામે વિરોધ દર્શાવવામાં આવ્યો છે. આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા અને અશોકસિંહ વાઘેલા દ્વારા રાજકોટ જિલ્લા કલેક્ટરને સાતમ-આઠમના તહેવારો દરમિયાન મીઠાઈ અને ફરસાણના નક્કી કરાયેલા ભાવ બાંધણા અંગે રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે સરકારી તંત્રના અણઘડ નિર્ણયના કારણે મોંઘવારીથી પીડાતી પ્રજાને રાહત મળવાના બદલે વેપારીઓને વધુ ફાયદો થઈ રહ્યો છે.સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં



મામૂલી તફાવત હોવા છતાં બંને તેલમાં તળાતા ગાંઠિયાના ભાવમાં મોટો તફાવત રાખવામાં આવ્યો છે. બજારમાં સામાન્ય રીતે ગાંઠિયા રૂ. ૩૫૦, ૪૦૦, ૫૫૦ કે ૬૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે, જ્યારે તંત્ર દ્વારા જાહેર કરાયેલા રાહત દરના ભાવ રૂ. ૭૪૦/- અને રૂ. ૪૪૦/- રાખવામાં આવ્યા છે, જે પ્રવર્તમાન બજાર ભાવ કરતા પણ ઊંચા છે. ૧ કિલોગ્રામ તેલમાં કેટલા કિલોગ્રામ ફરસાણ તૈયાર થાય છે તેની કોઈ યોગ્ય ગણતરી પુરવઠા વિભાગ કે મામલતદાર તંત્ર દ્વારા કરવામાં આવી નથી. તહેવારોના દિવસોમાં વેપારીઓના દૈનિક ટર્નઓવરને ધ્યાનમાં રાખીને ગ્રાહક અને વેપારી બંનેને ફાયદો થાય તે રીતે ભાવ નિયંત્રિત કરવાની જરૂર હતી.પુરવઠા વિભાગ અને તંત્રે વાસ્તવિક બજાર સર્વે કર્યા વિના ઉતાવળે નિર્ણય લઈને પ્રજાના વ્યાપક જનહિતને નજરઅંદાજ કર્યું છે.કોંગ્રેસ આગેવાનો દ્વારા માંગ કરવામાં આવી છે કે આ બાબતે તાત્કાલિક યોગ્ય અને વ્યાજબી ભાવ બાંધણું પુનઃ જાહેર કરવામાં આવે જેથી તહેવારોના સમયે પ્રજાને સાચી રાહત મળી શકે. આ રજૂઆતમાં ગાયત્રીબા વાઘેલા સહિત અશોકસિંહ વાઘેલા, અતુલભાઈ રાજાણી, દિલીપભાઈ આસવાણી, ગૌરવભાઈ પુજારા, જગુભા જાડેજા અને સી.પી. મકવાણા સહિતના કોંગ્રેસ અગ્રણીઓ જોડાયા હતા.

# રા.લો. સંઘની ૫ જૂથની બેઠકો પર હરીફ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ: ૮ સપ્ટેમ્બરે મતદાન

**અબતક, રાજકોટ**

રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘની આગામી ચૂંટણીને લઈને સહકારી ક્ષેત્રમાં ગરમાવો આવી ગયો છે. ચૂંટણી અધિકારી દ્વારા બિનહરીફ થયેલી બેઠકો બાદ હવે જે બેઠકો પર ચૂંટણી યોજાવાની છે તેના ૫ જૂથ અને તેની સામે મેદાને ઉતરેલા ૧૦ હરીફ ઉમેદવારોની સત્તાવાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.ચૂંટણીમાં કુલ ૫ જૂથો (બેઠકો) પર જંગ ખેલાશે, જેમાં દરેક જૂથમાંથી ૨-૨ ઉમેદવારો ચૂંટણી મેદાને છે.ચૂંટણી લડતા ઉમેદવારો જૂથ ૧માં નિલેશભાઈ ભીખાભાઈ ગોંડલીયા (મુ. ભોજપારા, તા. જી. રાજકોટ)સામે અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણી (કૃષ્ણછાયા રોડ, આકાશ રોડ, અલ્કા સોસાયટી શેરી નં. ૨, રાજકોટ), જૂથ ૩માં વિજયભાઈ ચનાભાઈ સભાયા (૫-જૈસ્મીન, ગાર્ડન સિટી ફ્લેટ નં. ૯૦૨, સાધુ વાસવાણી માર્ગ, યુનિ. રોડ, રાજકોટ)ની સામે પૃથ્વીસિંહ હંમંતસિંહ જાડેજા (મુ. ઘંટેશ્વર, તા. જી. રાજકોટ), જૂથ ૫માં હરેશભાઈ રામજીભાઈ પીપળીયા (મુ. ખંઢિરી, તા. જી. રાજકોટ)ની સામે બાબુભાઈ ભવનજીભાઈ નસીત (મુ. બોડાગીડ, તા. જી. રાજકોટ), જૂથ ૬માં અનિરુદ્ધસિંહ બહાદુરસિંહ જાડેજા (૧-૩ રાધાકૃષ્ણ સંકુલ, શ્રેયસ શાળા માર્ગ, ટાગોર રોડ, રાજકોટ) નીતિનભાઈ રણછોડભાઈ રેવાણી (સંત કબીર આશ્રમ, તા. જી. રાજકોટ), જૂથ ૧૦માં મહેશભાઈ પ્રાગજીભાઈ આસોદરીયા (રેમ્બો રેસ્ટોરન્ટ બ્લોક નં. ૧૫, ગંજીવાડા મેઈન રોડ, શાપર માર્ગ પાછળ, રાજકોટની સામે પિન્ટુભાઈ રઘુભાઈ રોકડ (સંત કબીર રોડ, તા. જી. રાજકોટ) વચ્ચે ૮ સપ્ટેમ્બરે ચૂંટણીનો જંગ જામશે.રાજકોટ અને લોધીકા તાલુકાના સહકારી વર્તુળોમાં આ ૫ બેઠકો પરના પરિણામોને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

# મુખ્યમંત્રી દ્વારા મહિલા ધારાસભ્યોને વધારાની ગ્રાંન્ટ ફાળવવાના નિર્ણયને આવકારતા: ડો.દર્શિતા શાહ

**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી દ્વારા મહિલા સશક્તિકરણ ને હંમેશા પ્રાધાન્ય આપવામાં આવે છે. ગુજરાતમાં પણ મહિલાઓને વિશેષ સન્માન મળે છે. તેવાજ એક ભાગ રૂપે ગુજરાત રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રવિત્ર રક્ષાબંધન પર્વના અવસરે મહિલા ધારાસભ્યો ને તેમના મત વિસ્તારો માટે ૨ કરોડ રૂપિયાની વિશેષ ગ્રાંન્ટ ફાળવવામાં આવેલ છે.



ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા આ નિર્ણયને આવકારી આદરણીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નો ખુબ ખુબ આભાર માનેલ છે મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારોમાં રસ્તા સહિતના વિકાસ લક્ષી કામો માટે ૨ કરોડની વધુ ગ્રાંન્ટ ફાળવવામાં આવેલ છે. જેને કારણે સ્થાનિક કક્ષાએ વધુ વિકાસ લક્ષી કામો થઈ શકશે અને રાજ્યમાં સંતુલિત અને સર્વાંગી વિકાસની દિશામાં વધુ એક મજબુત કદમ સાબિત થશે. તેવું વધુમાં જણાવી ધારાસભ્ય ડો.દર્શિતા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને ખુબ ખુબ હદય પૂર્વક આભાર માનેલ છે.

# જૈનાચાર્ય જીનચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ૮૬માં જન્મદિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

## મુનિરાજ અજીતચંદ્રવિજયજીને આચાર્ય પદવી એનાયત ગુરૂભકતોનું એક હજારથી સંઘપૂજન: લાભાર્થીનું બહુમાન કરાયું



**અબતક, રાજકોટ**

બાવળા નજીક આવેલા સાવત્થીતીર્થના પ્રેરક વચન સીધ્ધ જૈનાચાર્ય પૂ. જીનચંદ્રસૂરિજી મ.સા.ના ૮૫મા જન્મદિવસની સાવત્થીતીર્થના પટાંગણમાં શાનદાર અને અવિસ્મરણીય ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે ઠેકઠેકાણેથી વિશાળ સંખ્યામાં ગૂરૂભકતો ઉપસ્થિત રહ્યા હતા.અવની પર અવતરણના આ પ્રસંગે પૂ. જૈનાચાર્યની ઉમર મુજબ અને તેઓનાં પ્રીય પક્ષી ૮૫ પોપટને સાવત્થીતીર્થમાં ખુલ્લા આકાશમાં વિહરવા માટે મુકત કરી જીવદયાનું સુંદર કાર્ય કરવામાં આવેલ. ગુરૂદેવના ૮૫માં જન્મદિવસ નિમિતે અમદાવાદના પ્રખ્યાત હીન્દ જીયા બેન્ડની સૂરાવલી સાથે ગુરૂદેવને સલામી આપી સમગ્ર કાર્યક્રમને આનંદમય બનાવવામાં આવલે.જન્મદિવસના અવસરે ઉપસ્થિત આશરે પાંચ હજારથી વધુ ગુરૂભકતોને રૂ.દશની નવી નોટનું બંડલ (એક હજાર)થી સંઘપૂજન કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪૯ વર્ષથી ઉજવવામાં આવતા ગુરૂદેવના જન્મોત્સવે અત્યાર સુધીમાં સોનાની ગીની-પ્લેટીનીયમની ગીની-ચાંદીની ગીની લગડી જેવી કિંમતી વસ્તુઓથી સંઘ પૂજન કરવામાં આવે છે.જૈન સમાજમાં સંઘપૂજનનો અવસ્મરણીય રેકોર્ડ છે. સાવત્થી તીર્થના સર્જક જૈનાચાર્ય જીનચંદ્રસૂરિજી મ.સા.ના કૃપાપાત્ર અને આજ્ઞાકિત શિષ્ય-શિલ્પ કલામાં નિપૂણ એવા મુનિરાજ અજીતચંદ્રવિજયજી મ.સા.ને આગામી ટુંક સમયમાં આચાર્યપદની પદવી એનાયત કરવામાં આવશે અને ત્યારેપાંચ દિવસનો અભૂતપૂર્વ અને અવીસ્મરણીય પંચાનિહકા મહોત્સવ યાદગાર રહી જાય તે રીતે ઉજવવાનું આયોજન ચાલી રહ્યું હોવાની જાહેરાત કરવાની સાથે જ ગુરૂભકતો આનંદથી ઝુમી ઉઠ્યા હતા. અને બાલમુનિને ખંભે બેસાડીને ગરબા લીધા હતા.

આચાર્યપદની પદવી સમારંભ વખતે દેશ વિદેશમાંથી અસંખ્ય ગુરૂભકતોને નિમંત્રણ મોકલીને સાવત્થીતીર્થના પટાંગણમાં જ પંચાનિહકા મહોત્સવના સુંદર આયોજન સાથે પદવી એનાયત કરવામાં આવશે. હાલમાં પણ સાવત્થીતીર્થનો મોટાભાગનો તમામ વહિવટ વ્યવસ્થા અને ગુરૂદેવની ભકિત બાલમુનિ અજીતચંદ્રવિજયજી સુપેરે સાંભાળી રહ્યા છે.જાણીતા ગાયક કલાકાર નરેન્દ્રભાઈ વાણી પોતાની સમુધર વાણી અને સંગીતના સથવારે ઉજવવામા આવેલ જન્મદિવસના અવસરે ગુરૂદેવના કૃપાપાત્ર અને શિલ્પ કલામાં નિપૂણ શિષ્ય મુનિરાજ અજીતચંદ્રવિજયજી મ.સા.ને આગામી ટુંક સમયમાં આચાર્યની પદવી એનાયત કરીને નવાજવામા આવશે તેવી જૈનાચાર્ય પૂ. જીનચંદ્રસૂરિજી મ.સા.એ જાહેરાત કરતાની સાથે ઉપસ્થિત તમામ ગુરૂભકતોએ તાલીઓનાં ગડગડાટ સાથે અત્યંત હર્ષોલ્લાસ વધાવી લીધેલ.જન્મોત્સવના આ સુંદર અવસરે મુનિ અજીતચંદ્રસિંહજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ મુનિ. તીર્થભદ્રજી મ. ઉપરાંત સંઘના ટ્રસ્ટી નરેશભાઈ, પારસભાઈ, ટીકુભાઈ, હેમલભાઈ, નરેન્દ્રભાઈ ઉપરાંત કાર્યકરો નિરવભાઈ, મણીયારભાઈ વગેરે જન્મોત્સવને સુંદર રીતે ઉજવવા માટે તડતોડ મહેનત કરી હતી.


# વોર્ડ નં.૧૮માં "વન ડે વન વોર્ડ" ઝુંબેશમાં મચ્છરોના પોરા મળતા ૭૫ આસામીઓને નોટીસ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "વન-ડે-વન-વોર્ડ" કાર્યક્રમ અંતર્ગત તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ વોર્ડ નં.૧૮ વાહક નિયંત્રણની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જેમાં વોર્ડ નં.૧૮ માં ૧૫,૩૯૫ ઘરની મુલાકાત લઈ ૬૮,૭૮૮ પાત્રો ચકાસવામાં આવેલ છે. જેમાંથી ૬૦૦ ઘરમાં પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવેલ છે. ૧૦૦ બિનરહેણાંક એકમોની તપાસ કરવામાં આવી હતી. મચ્છર ઉત્પતિ સબબ ૭૫ આસામીઓને નોટીસ આપવામાં આવેલ છે. ફિવર સર્વે દરમ્યાન ૪૦ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવેલ. આ ઝુંબેશમાં વોર્ડ નં.૧૮ના કોર્પોરેટર સંજયસિંહ રાણા, કોર્પોરેટર સંજયભાઈ સાગઠીયા અને સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહેલ હતા તથા 'વન - ડે - થ્રી - વોર્ડ' ઝુંબેશને સફળ બનાવવા લોકોને મચ્છર ઉત્પતિ અટકાયતી ઝુંબેશમાં સહકાર આપવા અપીલ કરવામાં આવેલ છે.

# રક્ષાબંધન પર્વે દિવંગત વિજયભાઈ રૂપાણીની તસવીરને ચારૂબેન અને જ્યોત્સનાબેન રાખડી બાંધી થયા ભાવુક



રક્ષાબંધનના પવિત્ર પર્વે દિવંગત વિજયભાઈ રૂપાણીની બહેનો ચારૂબેન અને જ્યોત્સનાબેને તેમના ફોટોગ્રાફને રાખડી બાંધી ભાઈની સ્મૃતિને યાદ કરી હતી. ભાઈ-બહેનના અતૂટ સ્નેહના પર્વે દિવંગત ભાઈને યાદ કરતાં બહેનો ભાવુક બની હતી.વિજયભાઈ રૂપાણી સાથે વિતાવેલી યાદોને વાગોળી બહેનોએ તેમના ફોટોગ્રાફને રાખડી બાંધી હતી. રક્ષાબંધનના દિવસે ભાઈના હાથ પર રાખડી બાંધવાની પરંપરા નિભાવતાં ફોટોગ્રાફને રાખડી બાંધી ભાઈ પ્રત્યેનો સ્નેહ અને લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે પરિવારજનો પણ ભાવુક બન્યા હતા.

# શ્રેયાંશ સ્કુલ શબ્દસાળા કાર્યક્રમમાં ભજનમાં સૂફી સંત કબીર વાણી સુંદર કૃતિ રજૂ કરી




**અબતક,રાજકોટ**

શિક્ષણ સાથે સંસ્કાર અને ગુજરાતી સાહિત્ય-સંગીત પ્રત્યેનો પ્રેમ વિકસે તેવા હેતુથી શ્રેયાંશ સ્કૂલ, બજરંગવાડી-૧, જામનગર રોડ, રાજકોટ ખાતે 'શબ્દ શાળા-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ સાથે સંસ્કાર... શબ્દથી સંગીત સુધી...ના સંદેશ સાથે યોજાનાર આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા સંગીતપ્રેમીઓ માટે અનોખી સાંસ્કૃતિક અને સંગીતમય અનુભૂતિનું આયોજન કરવામાં આવ્યું છે. 'શબ્દ શાળા-૨૦૨૬' કાર્યક્રમના ભાગરૂપે શ્રેયાંશ સ્કૂલ ખાતે 'ઈન્ફોર્મલ ભજન બેઠક'નું આયોજન કરવામાં આવ્યું હતું.આ ભજન બેઈકમાં 'સૂફી સંત કબીર વાણી' ને સંગીતમય સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી. જાણીતા ભજન કલાકાર અરુણ ગોયલજી દ્વારા કબીર વાણી અને ભજનોની સુંદર રજૂઆત કરવામાં આવી, જેના દ્વારા ઉપસ્થિત સૌને આધ્યાત્મિકતા, સંગીત અને શબ્દોની અનોખી અનુભૂતિ થઈ.કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ, સંતવાણી, ભજન પરંપરા અને લોકસંગીત સાથે જોડવાનો છે. શિક્ષણ માત્ર પુસ્તકો પૂરતું સીમિત ન રહે પરંતુ સંસ્કાર, સંસ્કૃતિ, સાહિત્ય અને કળા સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને વેગ મળે તે માટે શ્રેયાંશ સ્કૂલ દ્વારા આવા વિવિધ સર્જનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.આ પ્રસંગે શાળાના સંચાલકો, આચાર્ય , શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ સંગીત અને ભજનપ્રેમી નાગરિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.શ્રેયાંશ સ્કૂલ પરિવાર દ્વારા શિક્ષણની સાથે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોને ઉજાગર કરતા આવા કાર્યક્રમોનું સતત આયોજન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમ માટેની જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ આચાર્ય હેપીનભાઈ દવે અને વંશીતાબેન હિરાણી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

# વડાપ્રધાનનાં કાલે 'મન કી બાત' કાર્યક્રમ



**અબતક,રાજકોટ**

શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનો લોકપ્રિય કાર્યક્રમ ''મન કી બાત'' દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. આ માસનો 'મન કી બાત' નો કાર્યક્રમ આવતીકાલ તા. ૩૦-૦૮-૨૦૨૬ ને રવીવારે સવારે ૧૧.૦૦ કલાકે યોજવામાં આવશે. ત્યારે માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશવાસીઓ સાથે જોડાશે. આ કાર્યક્રમ મારફત માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓ સાથે સંપર્કમાં રહે છે અને દેશવાસીઓ પાસેથી આવેલ વિવિધ સુચનો અંગે ચર્ચા-પરિસંવાદ કરવામાં આવે છે આ કાર્યક્રમનું ડી.ડી. ચેનલ ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. તેમજ રાજકોટ મહાનગરના તમામ વોર્ડમાં રાજકોટ શહેરના હોદ્દેદારો જોડાઈને કાર્યક્રમને નિહાળશે. તો આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ જાહેર અનુરોધ કર્યો છે.

# ગોંડલના પ્રૌઢને ત્રણ લાખ વ્યાજે આપી વ્યાજખોરે મકાન-વાહન પડાવી લીધું

## ૫૭ વર્ષીય પ્રૌઢને ધંધા માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં વ્યાજના વિષચક્રમાં ફસાયા : માસિક ૫% વ્યાજે નાણાં આપી વ્યાજખોરે રૂ.૧૬ લાખથી વધુની રકમ વસુલી

**અબતક, રાજકોટ**

ગોંડલમાં રહેતા પ્રૌઢને ત્રણ લાખ રૂપિયા વ્યાજે આપી વ્યાજખોરે રૂ.૧૬ થી ૧૭ લાખ વ્યાજ પેટે વસુલ્યા હતા. વધુમાં પ્રૌઢનું મકાન અને ટેમ્પો ગાડી પણ પડાવી લીધી હતી. જેથી પ્રૌઢે અંતે કંટાળી વ્યાજખોરના ત્રાસ અંગે ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગોંડલના સાંઢિયા પુલ નજીક વૃંદાવન-૩ માં રહેતા ૫૭ વર્ષીય પ્રૌઢ અરવિદપરી રેવાપરી ગોસ્વામીએ વ્યાજખોર તારોકે સુભાષ ગીગાભાઈ ચાવડા (રહે. સિદ્ધાર્થનગર, ગોંડલ)નું નામ આપી જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ માં હું જામવાડી પાસે ગાઠીયાની રેકડી ચલાવતો હતો. વર્ષ ૨૦૨૧ ની શરૂઆતમાં મારે ધંધા માટે પૈસાની જરૂર પડતા મે સુભાષભાઈ ગીગાભાઈ ચાવડા પાસેથી પ્રથમ રૂ.૧ લાખ માસીક ૫ % ના વ્યાજ દરે લીધેલ હતા. સુભાષ ચાવડાએ વ્યાજ પેટે રૂ.૧૬ હજાર અગાઉ કાપી લીધેલ હતા. હું રોજના રૂ.૧૦૦૦ નો હપ્તો ભરતો હતો. બાદ મરે વધુ પૈસાની જરૂર પડતા મે કટકે કટકે કુલ રૂ. ૩ લાખ વ્યાજે લીધેલ હતા. જેનો રોજનો રૂ.૩ હજારનો હપ્તો મુળીમા જમા કરાવતો હતો. જેની મને સુભાસભાઈએ ડાયરી આપેલ હતી. જે ડાયરીમા સુભાષભાઈ પોતાના હાથે રૂપીયા જમા કરાવ્યા અંગે તારીખ તથા રકમ લખતા અને મારી ગાઠીયાની રેકડીએ આવી હપ્તો લઈ જતા હતા. બાદ રોજના ત્રણ હજારના હપ્તામા હું પહોંચી નહી શકતા બાદ દર મહીને ૧૫ હજાર વ્યાજ આપતો હતો. જે સુભાષ ચાવડા રોકડા લઈ જતો હતો, જેની ડાયરીમા નોંધ કરતા ન હતા. બાદ વ્યાજ ભરવામા હું પહોંચી નહી શકતા વર્ષ ૨૦૨૧ મા મારૂ વૃંદાવન પાર્ક-૩ નુ મકાન જે મારી પત્નીના નામે હોય તે મકાન સુભાષભાઈએ તેના નામે કરી દેવા માટે મને દબાણ શરૂ કર્યું હતું. પરંતુ મે મકાન તેમના નામે કરવાની ના પાડતા મને રૂબરૂમા આવી મારૂ એકસીડન્ટ કરાવી પતાવી દેવાની ધમકીઓ આપતા હતા. જેથી મને બીક લાગતા મે આ વાત મારી પત્નીને કરેલ હતી. મકાન સુભાષભાઈને દસ્તાવેજ કરી આપવા સમજાવતા મારી પત્ની માની જતા સુભાષભાઈએ તેના બદલામાં યાર્ડ પાછળ બે મકાન આપવાનુ કહી મકાનનો દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધેલ હતો અને મને યાર્ડ પાછળ બે મકાન આપવાનો વાયદો કરેલ હતો પણ તે મકાનો પણ મને આપેલ નહી. વ્યાજખોરે મકાન ખાલી કરાવવા મારી ઉપર લેન્ડગ્રેબીંગની અરજી પણ કરેલ હતી અને અત્યાર સુધી મારી પાસેથી રૂ.૧૬ થી ૧૭ લાખ વ્યાજ પેટે લીધેલ છે. મને વ્યાજે રૂપીયા આપેલ તેના હપ્તા ડાયરીમા લખતા હતા, તે ડાયરી પણ મને આપેલ હતી. તેમજ મારી પાસેથી સેન્ટ્રલ બેંક ઓફ ઈંડીયાનો કોરો ચેક પણ પડાવી લીધેલ હતો. તેમજ એક ટેમ્પો મારી પાસે હતો, જે મારા દીકરા કરણના નામનો હતો તે પણ સુભાષભાઈએ પોતાના સબંધી સંજયભાઈ નાથાભાઈ ડવના નામે કરાવી લીધેલ હતો. જેથી પ્રૌઢે અંતે કંટાળી વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ આપતાં ગોંડલ બી ડિવિઝન પોલીસે મની લેન્ડ એકટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

**ગોંડલ બી ડિવિઝન પોલીસે સુભાષ ચાવડા વિરૂદ્ધ મની લેન્ડિંગ એકટની કલમો હેઠળ ગુનો નોંધ્યો**

# શિવાગ્રુપ દ્વારા લોકગાયક પ્રદીપદાન ગઢવીને ઝવેરચંદ મેઘાણી એવોર્ડ અર્પણ

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા સમારોહમાં લોકસાહિત્ય અને લોકગીતોની રમઝટ સાથે મેઘાણીજીના જીવન-કવનને યાદ કરાયું



**અબતક રાજકોટ**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે બગસરામાં શિવાગ્રુપ દ્વારા ગુજરાતના ખ્યાતનામ લોકગાયક પ્રદીપદાન ગઢવીને ઝવેરચંદ મેઘાણી એવોર્ડ અર્પણ કરવાનો સમારોહ યોજાયો હતો. અરવિંદભાઈ મણિયાર ભવન ખાતે રવિનભાઈ ડોડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં સાહિત્યપ્રેમીઓ, સામાજિક આગેવાનો તથા રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમારોહ દરમિયાન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની અમર રચનાઓ અને લોકગીતોની કલાકારો દ્વારા મનમોહક રજૂઆત કરવામાં આવી હતી. મેઘાણીજીના લોકસાહિત્યની વિવિધ રચનાઓની રજૂઆતથી સમગ્ર વાતાવરણ લોકસંસ્કૃતિના રંગે રંગાયું હતું. ઉપસ્થિત સાહિત્યરસિકોએ લોકગીતોની રમઝટ માણી હતી. આ પ્રસંગે ઝવેરચંદ મેઘાણીજીના જીવન અને સાહિત્યસર્જનને યાદ કરી તેમની ગુજરાતી લોકસાહિત્ય ક્ષેત્રે રહેલી અમૂલ્ય પ્રદાનને બિરદાવવામાં આવ્યું હતું. મેઘાણીજીની લોકસંસ્કૃતિને જીવંત રાખવામાં લોકગાયકો અને કલાકારોની ભૂમિકા અંગે પણ ઉપસ્થિત મહાનુભાવોએ અભિપ્રાય વ્યકત કર્યા હતા.

સમારોહમાં ગુજરાતના જાણીતા લોકગાયક પ્રદીપદાન ગઢવીને તેમની લોકસંગીત ક્ષેત્રેની કામગીરી બદલ ઝવેરચંદ મેઘાણી એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. એવોર્ડ પ્રાપ્ત થતાં પ્રદીપદાન ગઢવીનું ઉપસ્થિત મહાનુભાવોએ અભિનંદન કરી સન્માન કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું આયોજન શિવાગ્રુપના પ્રમુખ નિતેષ ડોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યરસિકો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો જોડાયા હતા.

# નિધિ સ્કૂલ દ્વારા અમદાવાદ મહાપાલિકાના કોર્પોરેટરનું સન્માન



**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આજ રોજ અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડ નં.૬ નવા વાડજ વોર્ડના કોર્પોરેટર તેમજ અમદાવાદ મહાનગરપાલિકા હોસ્પિટલ કમિટીના વાઈસ ચેરમેન નિધિબેન જયદીપકુમાર વાઘેલાનું સન્માન નિધિ સ્કૂલના ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા તેમજ પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, હેમાલી મકવાણા દ્વારા કરવામાં આવેલ હતું, અમદાવાદ મહાનગરપાલિકાના નિધિબેન વાઘેલા નિધિ સ્કૂલ પરિવાર સાથે પારિવારિક સંબંધ ધરાવતા હોય, આજ રોજ નિધિ સ્કૂલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા ત્યારે તેમનું સન્માન પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

## સ્પોર્ટ્સ અબતક



આજે રાષ્ટ્રીય રમત દિવસ

# ૧૯૨૮થી ૧૯૩૬ સુધી ઓલિમ્પિક્સમાં ભારતનો સુવર્ણ યુગ સર્જનાર હોકીના જાદુગર મેજર ધ્યાનચંદ

## ઓલિમ્પિકમાં સતત ૩ ગોલ્ડ અને ૪૦૦થી વધુ ગોલ કરનાર મેજર ધ્યાનચંદ, જેમની યાદમાં આજે રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે

**અબતક, રાજકોટ**

દેશ દર વર્ષે ૨૯ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરે છે. આ દિવસ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે દેશના નામાંકિત લોકોને પુરસ્કાર આપવામાં આવે છે. મેજર ધ્યાનચંદ, જેમની યાદમાં આજે રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.મેજર ધ્યાનચંદને હોકીના જાદુગર કહેવામાં આવે છે. તેનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૯૦૫ ના રોજ ઉત્તર પ્રદેશના અલ્હાબાદ જિલ્લામાં એક રાજપૂત પરિવારમાં થયો હતો. તેમને હોકીના મહાન ખેલાડી તરીકે યાદ કરવામાં આવે છે. તેને હોકીનો જાદુગર કહેવા પાછળનું કારણ મેદાનમાં તેનું પ્રદર્શન છે. તેણે ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ વર્ષોમાં ત્રણ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યા હતા.આ ખેલાડીની સફળતાની વાર્તા અહીં સમાપ્ત થતી નથી. ધ્યાનચંદે પોતાની કારકિર્દીમાં ૪૦૦ થી વધુ ગોલ કર્યા હતા. ભારત સરકારે ૧૯૫૬ માં ધ્યાનચંદને દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા હતા. તેથી તેનો જન્મદિવસ એટલે કે ૨૯ ઓગસ્ટ ભારતમાં રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

૧૯૨૮ માં પ્રથમ વખત ઓલિમ્પિક રમવા ગયેલા ધ્યાનચંદે આ સમગ્ર ટુર્નામેન્ટમાં પોતાની હોકીનો એવો જાદુ બતાવ્યો હતો કે, મેદાન પર તેને જોયા બાદ જ વિરોધી ટીમો ડરવા લાગી હતી.

### ૧૯૩૬ બર્લિન ઓલિમ્પિક્સ: હિટલરની હાજરી વચ્ચે મેજર ધ્યાનચંદે જર્મનીને ધૂળ ચાટતું કર્યું હતું

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારા ધ્યાનચંદ માટે આ ઓલિમ્પિક સૌથી યાદગાર બની રહ્યું હતું. ધ્યાનચંદની કેપ્ટનશીપ હેઠળ બર્લિન પહોંચેલી ભારતીય ટીમ પાસેથી ફરી એકવાર ગોલ્ડ મેડલની અપેક્ષા રાખવામાં આવી હતી. ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં પણ અપેક્ષાઓ પર ખરી ઉતરી અને વિરોધી ટીમોને હરાવીને ફાઇનલમાં પહોંચી. ફાઇનલમાં ભારતને જર્મની તરફથી જર્મન ચાન્સેલર એડોલ્ફ હિટલરની ટીમનો સામનો કરવાનો હતો.આ મેચ જોવા માટે ખુદ હિટલર પણ પહોંચી ગયો હતો. પરંતુ હિટલરની હાજરી અથવા ગેરહાજરી ભારતીય ટીમ અથવા ધ્યાનચંદના પ્રદર્શનને અસર કરતી ન હતી. જોકે આ મેચ પહેલા ભારતીય ટીમ ટેન્શનમાં હતી કારણ કે, અગાઉની મેચમાં ભારતીય ટીમને જર્મની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ મેદાનમાં ઉતર્યા પછી, તે તણાવ જાતે જ ગયો.જર્મનીએ મેચના પહેલા હાફમાં ભારતને એક પણ ગોલ કરવા દીધો ન હતો. આ પછી, બીજા હાફમાં, ભારતીય ટીમે એક પછી એક ગોલ કરવાનું શરૂ કર્યું. જર્મનીએ બીજા હાફમાં પણ એક ગોલ ફટકાર્યો હતો, જે આ ઓલિમ્પિકમાં ભારત સામે એક માત્ર ગોલ હતો. હિટલર મેચ પૂરી થતા પહેલા સ્ટેડિયમ છોડી ગયો કારણ કે તે પોતાની ટીમને હારતો જોવા માંગતો ન હતો. એટલું જ નહીં, આ મેચ દરમિયાન હિટલરે મેજર ધ્યાનચંદની હોકી સ્ટિક પણ તપાસવા માટે કહ્યું હતું.

### આજે દિલ્હીમાં મહાન હોકી જાદુગર ધ્યાનચંદને અપાશે શ્રદ્ધાંજલિ

આજે દેશભરમાં ઉત્સાહભેર 'રાષ્ટ્રીય રમતગમત દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતીય હોકીના મહાન જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. દેશમાં રમતગમત પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને યુવા પેઢીને રમતો તરફ પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ વિશેષ રીતે ઉજવવામાં આવે છે.

૧૯૨૮ માં નેધરલેન્ડમાં રમાયેલી ઓલિમ્પિકમાં ધ્યાનચંદે ૫ મેચમાં ૧૪ ગોલ કર્યા અને ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો. આ જીત બાદ હજારો લોકોએ બોમ્બે હાર્બરમાં ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.ધ્યાનચંદને ૧૯૨૮ ના કરિશ્માનું પુનરાવર્તન કરવામાં કોઈ સમસ્યા નહોતી. ભારતે લોસ એન્જલસમાં ૧૯૩૨ ઓલિમ્પિકમાં જાપાન સામે ૧૧-૧ થી પ્રથમ મેચ જીતી હતી. એટલું જ નહીં, આ ટુર્નામેન્ટની ફાઇનલમાં ભારતે યુએસએને ૨૪-૧ થી હરાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો, જે બાદમાં વ... ૨૦૦૩ માં તૂટી ગયો હતો. આ ઓલિમ્પિકમાં ભારત ફરી એકવાર ગોલ્ડ મેડલ વિજેતા બન્યું.મેજર ધ્યાનચંદે તેમની છેલ્લી મેચ વર્ષ ૧૯૪૮ માં રમી હતી અને તેમના સમગ્ર કાર્યકાળમાં ૪૦૦ થી વધુ ગોલ કર્યા હતા. જે એક રેકોર્ડ છે.

# ઈમામ-ઉલ-હક વારંવાર ખોટી ઈજાનું બહાનું બનાવે છે: મોહમ્મદ વસીમ



## લોર્ડ્સ ટેસ્ટમાંથી બહાર થયેલા ઈમામ-ઉલ-હકની 'કાલ્ફ ઈન્જરી' શંકાના ઘેરા

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન ક્રિકેટ ટીમ હંમેશાં તેના વિવાદો માટે જાણીતી રહી છે, પરંતુ લોર્ડ્સ ખાતે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી બીજી ટેસ્ટ મેચ દરમિયાન ઓપનર ઈમામ-ઉલ-હકની ઈજાએ એક નવો વિવાદ ઉભો કર્યો છે. મેચના પ્રથમ દિવસે ફિલ્ડિંગ કરતી વખતે ઈમામને ડાબા પગની કાલ્ફ મસલમાં સ્ટ્રેઈન થયો હતો, જેના કારણે તેમણે સાંજના સત્રમાં મેદાન છોડવું પડ્યું હતું. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ના સ્કેન અહેવાલ મુજબ આ લો-ગ્રેડ કાલ્ફ સ્ટ્રેઈન છે અને તેઓ તબીબી દેખરેખ હેઠળ હોવાથી મેચમાંથી બહાર થઈ ગયા છે.જોકે, પીસીબીની આ સત્તાવાર પુષ્ટિ છતાં ભૂતપૂર્વ ચીફ સિલેક્ટર મોહમ્મદ વસીમનાં એક વિસ્ફોટક નિવેદને આ સમગ્ર મામલાને ગંભીર વળાંક આપ્યો છે. વસીમે ઈમામ પર વારંવાર ખોટી ઈજાઓ ઊભી કરવાનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે.મોહમ્મદ વસીમે ૨૦૨૨ની મુલતાન ટેસ્ટનો સંદર્ભ આપતાં જણાવ્યું કે તે સમયે ટીમના ફિઝિયોએ તેમને અગાઉથી ચેતવણી આપી હતી કે ઈમામ ટૂંક સમયમાં ખોટી ઈજાનું બહાનું બનાવશે અને બાદમાં તેણે બિલકુલ એવું જ કર્યું હતું.ઈમામ-ઉલ-હક ભૂતકાળમાં પણ પોતાના સિલેક્શન અને સગાવાદના મુદ્દે ટાર્ગેટ થતા રહ્યા છે. પીસીબી ભલે તેને મેડિકલ ઈશ્યુ ગણાવતું હોય,

પરંતુ પૂર્વ ચીફ સિલેક્ટરના આવા ગંભીર દાવાએ પાકિસ્તાની ટીમ મેનેજમેન્ટની પારદર્શિતા અને ચાલુ ટેસ્ટ સિરીઝમાં ખેલાડીઓની પ્રતિબદ્ધતા સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે.

### લોર્ડ્સ ટેસ્ટમાં પાકિસ્તાનનો ધબડકો, ૧૧૦ રનમાં ટીમ ઓલઆઉટ

લોર્ડ્સ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડને આઉટ કર્યા પછી,પાકિસ્તાનની બેટિંગ ટીમ પત્તાના ઢગલા જેવી પડી ભાંગી હતી. આખી ટીમ માત્ર ૩૭.૨ ઓવરમાં ૧૧૦ રનમાં સમેટાઈ ગઈ હતી. ટીમ માટે અઝાન અવૈસે સૌથી વધુ રન બનાવ્યા હતા,જેમણે ૪૬ રન બનાવ્યા હતા, જ્યારે સઈદ શકીલે ૧૬ રનનું યોગદાન આપ્યું હતું. આ બે સિવાય, અન્ય કોઈ બેટ્સમેન ૧૦ રન સુધી પહોંચી શક્યો ન હતો. ઈજાને કારણે ઈમામ-ઉલ-હક બેટિંગ કરી શક્યો ન હતો. બાકીના આઠ પાકિસ્તાની બેટ્સમેનોએ ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું.શાન મસૂદે ૧, અબ્દુલ્લા શફીકે ૫, કેપ્ટન બાબર આઝમે ૮ અને વિકેટકીપર મોહમ્મદ રિઝવાને ફક્ત ૭ રન બનાવ્યા. ત્યારબાદ,અલી ઉસ્માન અને ખુર્રમ શહઝાદ ૧-૧, મોહમ્મદ અબ્બાસ ૨ અને મોહમ્મદ અલી ૩ રન બનાવીને આઉટ થયા.

# ટી-૨૦માં મોટો ઉલટફેર: નામિબિયાએ આફ્રિકાને ધૂળ ચાટતું કર્યું!

## નામિબિયાએ પ્રથમ બેટિંગ કરતા ૧૬૩ રન બનાવ્યા, જવાબમાં આફ્રિકા નવ વિકેટે ૧૪૫ રન જ બનાવી શકી: બ્રેવિસની ૭૫ રનની ઈનિંગ એળે ગઈ

**અબતક, રાજકોટ**

વિન્ડહોકના નામિબિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ટી-૨૦ ત્રિ-દેશીય શ્રેણીની પ્રથમ મેચમાં યજમાન નામિબિયાએ અદ્ભુત રમત બતાવીને ક્રિકેટ જગતમાં ઉથલપાથલ મચાવી છે. આંતરરાષ્ટ્રીય ટી-૨૦ રેન્કિંગમાં ૧૭મા ક્રમે રહેલી નામિબિયાની ટીમે દક્ષિણ આફ્રિકાને ૧૮ રનથી પરાજય આપીને શ્રેણીની શાનદાર શરૂઆત કરી છે. દક્ષિણ આફ્રિકાના યુવા વિસ્ફોટક બેટ્સમેન ડીવાલ્ડ બ્રેવિસે ૫૦ બોલમાં ૭૫ રનની શાનદાર



ઈનિંગ રમી હતી, પરંતુ ટીમના અન્ય બેટ્સમેનોનો સાથ ન મળતા તેની આ મહેનત વ્યર્થ ગઈ હતી.ટોસ જીતીને સાઉથ આફ્રિકાએ પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી નામિબિયાની ટીમે આક્રમક શરૂઆત કરી હતી. ઓપનર જાન ફ્રાઈલિન્ક અને લોરેન સ્ટીનકેમ્પે દક્ષિણ આફ્રિકાના બોલરો પર પ્રહાર કરતા પ્રથમ વિકેટ માટે ૮૪ રનની મજબૂત ભાગીદારી નોંધાવી હતી. ફ્રાઈલિન્કે માત્ર ૩૮ બોલમાં ૬ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૬૦ રન ફટકાર્યા હતા, જ્યારે સ્ટીનકેમ્પે ૨૯ બોલમાં ૪૧ રનનું ઉપયોગી યોગદાન આપ્યું હતું. મધ્ય ઓવરોમાં સાઉથ આફ્રિકાના સ્પિનર્સે વાપસી કરી હતી, જેમાં પ્રેનેલન સબ્રાયને ૩૨ રનમાં ૩ અને કપ્તાન બજોર્ન ફોર્ટ્યુઈને ૧૭ રનમાં ૨ વિકેટ ઝડપીને નામિબિયાની રનગતિ પર રોક લગાવી હતી. નામિબિયાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૩ રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો.૧૬૪ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. ઓપનર્સ લ્હુઆન-ડ્રે પ્રેટોરિયસ (૯), જોર્ડન હર્મન (૭) અને ટોની દે ઝોર્ઝી સસ્તામાં આઉટ થઈ જતાં માત્ર ૩૯ રનમાં ૩ વિકેટ પડી ગઈ હતી. મુશ્કેલ પરિસ્થિતિમાં ડીવાલ્ડ બ્રેવિસે ક્રિઝ પર આવીને મેદાનની ચારેય તરફ આક્રમક શોટ્સ ફટકાર્યા હતા. તેમણે ૫૦ બોલમાં ૪ ચોગ્ગા અને ૫ છગ્ગા સાથે ૭૫ રન બનાવીને ટીમની જીતની આશા જીવંત રાખી હતી. તેમને ડ્યુઆન જેન્સન (૨૫* રન, ૧૭ બોલ) નો સારો સાથ મળ્યો હતો.જોકે, મેચની ૧૮મી ઓવરમાં રુબેન ટ્રમ્પેલમેને બ્રેવિસની મહત્ત્વપૂર્ણ વિકેટ ઝડપીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. બ્રેવિસના આઉટ થતાં જ આફ્રિકાની લડત ભાંગી પડી હતી. નામિબિયા તરફથી રૂબેન ટ્રમ્પેલમેને ૨૪ રનમાં ૩ અને જેજે સ્મિટે ૩૧ રનમાં ૩ વિકેટ લઈને સાઉથ આફ્રિકાને ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૫ રન પર રોકી દીધું હતું.

### નામિબિયાનો આફ્રિકા સામે સતત બીજો વિજય

નામિબિયાનો સાઉથ આફ્રિકા સામે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતત બીજો વિજય છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ તેમણે વિન્ડહોકના મેદાન પર જ સાઉથ આફ્રિકાને હરાવ્યું હતું. જોકે, દક્ષિણ આફ્રિકાએ આ મેચમાં પોતાના મુખ્ય ખેલાડીઓને આરામ આપીને પ્રયોગાત્મક ટીમ ઉતારી હતી, જે તેમને ભારે પડી હતી. નામિબિયા, સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાઈ રહેલી આ ત્રિ-દેશીય શ્રેણીની આગામી મેચમાં દક્ષિણ આફ્રિકાનો સામનો ઝિમ્બાબ્વે સામે થશે.

# મહિલા હોકી વર્લ્ડકપમાં ભારતના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ હોકી ઈન્ડિયા રૂ.૫૦ લાખનું પુરસ્કાર આપશે

**અબતક, રાજકોટ**

એફઆઈએચ હોકી વુમન્સ વર્લ્ડ કપમાં ભારતીય મહિલા હોકી ટીમે ઐતિહાસિક પાંચમું સ્થાન હાંસલ કરીને દેશનું નામ રોશન કર્યું છે. આ શ્રેષ્ઠ પ્રદર્શન બદલ હોકી ઈન્ડિયાએ ટીમ માટે રૂ. ૫૦ લાખના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે.કેપ્ટન સલીમા તેતેની આગેવાનીમાં ભારતીય ટીમે નેધરલેન્ડ્સના આમ્સ્ટેલવીન



ખાતે રમાયેલી મેચમાં વિશ્વ ક્રમાંક-૫ ધરાવતી જર્મનીને ૩-૧થી પરાજય આપીને પાંચમું સ્થાન મેળવ્યું હતું. વર્ષ ૧૯૭૪ના પ્રથમ વર્લ્ડ કપમાં ભારતે ચોથું સ્થાન મેળવ્યું હતું, ત્યારબાદ છેલ્લા ૫૨ વર્ષમાં વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.મુખ્ય કોચ સ્જોર્ડ મેરીનેના માર્ગદર્શન હેઠળ ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અદ્ભુત રમત બતાવી હતી. ભારતે આખી ટૂર્નામેન્ટમાં માત્ર એક જ મેચ ગુમાવી હતી. ટીમે ચીન, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત

(અનું.આઠમાં પાને)

# નીરજ ચોપરાએ ડાયમંડ લીગની ફાઈનલમાં મારી એન્ટ્રી

**અબતક, રાજકોટ**

બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરા ડાયમંડ લીગ ફાઈનલ માટે ક્વોલિફાય થયા છે.નીરજ સિઝનની પાંચ મેચોમાંથી ફક્ત બેમાં ભાગ લીધો હતો,છતાં તે છ ખેલાડીઓની ફાઈનલમાં સ્થાન મેળવી શક્યો.ઝુરિચ ડાયમંડ લીગ ચૂકી ગયા હોવા છતાં,તેના ૧૨ પોઈન્ટ્સે તેને ક્વોલિફિકેશનમાં છઠ્ઠા સ્થાને રાખ્યો.ડાયમંડ લીગ ફાઈનલ ૪ અને ૫ સપ્ટેમ્બરના રોજ બ્રસેલ્સમાં યોજાશે.ટાઈટલ મેચ નીરજ માટે એશિયન ગેમ્સ પહેલા પોતાને ચકાસવાની એક મહત્વપૂર્ણ તક હશે.દરેક ડાયમંડ લીગ મીટિંગમાં, પુરુષોની ભાલા ફેંક ઈવેન્ટમાં ટોચના આઠ ખેલાડીઓને પોઈન્ટ આપવામાં આવે છે. વિજેતાને આઠ પોઈન્ટ મળે છે, જ્યારે આઠમા સ્થાને રહેલા ફિનિશરને એક પોઈન્ટ મળે છે. ક્વોલિફિકેશન શ્રેણી



પૂર્ણ થયા પછી, સૌથી વધુ પોઈન્ટ ધરાવતા છ એથ્લેટ ફાઈનલ માટે ક્વોલિફાય થાય છે.નીરજ ચોપરા આ સિઝનમાં બે મીટિંગમાં ભાગ લીધો હતો. તે દોહા ડાયમંડ લીગમાં ૮૫.૬૯ મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે ચોથા સ્થાને રહ્યો હતો. લૌઝેનમાં તેનું પ્રદર્શન વધુ સારું હતું, જ્યાં નીરજ ૮૮.૦૫ મીટરના સિઝન-શ્રેષ્ઠ થ્રો સાથે બીજા સ્થાને રહ્યો હતો.ઝુરિચમાં, રોમેશ પાથિરાજે તેના બીજા પ્રયાસમાં ૮૮.૨૩ મીટર, ત્રીજા પ્રયાસમાં ૮૯.૯૦ મીટર અને અંતિમ પ્રયાસમાં ૯૨.૦૭ મીટર ફેંક્યો. આ પ્રભાવશાળી પ્રદર્શન સાથે, તે ૩૯ પોઈન્ટ સાથે ક્વોલિફિકેશન ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યો. એન્ડરસન પીટર્સ ૮૬.૯૩ મીટરના સિઝન-શ્રેષ્ઠ થ્રો સાથે ઝુરિચમાં બીજા સ્થાને રહ્યો, જ્યારે પોલેન્ડનો ડેવિડ વેગનર ૮૫.૧૬ મીટર સાથે ત્રીજા સ્થાને રહ્યો.

# પ્રજ્ઞાનાનંદનો ગોલ્ડન સમર: નોર્વે ચેસ બાદ ગ્રાન્ડ ચેસ ટૂરમાં પણ ઐતિહાસિક વિજય

## અશક્યને શક્ય બનાવ્યું: નોર્વે ચેસ અને જીસીટી બંને ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા પ્રજ્ઞાનાનંદ

**અબતક, રાજકોટ**

ભારતીય ચેસના ઈતિહાસમાં વર્ષ ૨૦૨૬નો આ ઉનાળો એક સુવર્ણ પ્રકરણ તરીકે નોંધાઈ ગયો છે. આ ઉનાળા સુધી ભારતીય ચેસના ઈતિહાસમાં નોર્વે ચેસનું ટાઈટલ કોઈ ભારતીય ખેલાડી જીતી શક્યું નહોતું અને ગ્રાન્ડ ચેસ ટૂરની ફાઈનલમાં પણ કોઈ ભારતીયનું નામ નોંધાયું નહોતું. પરંતુ ચેન્નઈના શાંત સ્વભાવના ૧૯ વર્ષીય યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે અશક્ય લાગતા શિખરો સર કરીને ભારતીય રમતગમતના ઈતિહાસમાં નવો રસ્તો કંડાર્યો છે.વિશ્વના ૧૨મા ક્રમાંકિત પ્રજ્ઞાનાનંદે અમેરિકાના સેન્ટ લુઈસ ખાતે યોજાયેલી ગ્રાન્ડ ચેસ ટૂર ફાઈનલમાં અદ્ભુત રમતનું પ્રદર્શન કર્યું હતું. ફાઈનલ મુકાબલામાં તેમણે અમેરિકન સુપરસ્ટાર અને વિશ્વના દિગ્ગજ ખેલાડી ફેબિયાનો કારુઆના સામે ૧૫-૧૩થી રોમાંચક વિજય મેળવીને ચેસ ટૂરનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આ ભવ્ય જીત સાથે તેમણે ૨ લાખ ડોલર (આશરે ૧.૯૧ કરોડ રૂપિયા)ની મસમોટી ઈનામી રકમ પણ હાસલ કરી હતી. ૧૧ વર્ષના ઈતિહાસમાં આ ટાઈટલ જીતનારા તેઓ માત્ર સાતમા ખેલાડી અને પ્રથમ ભારતીય બન્યા છે.ટૂર્નામેન્ટની શરૂઆતમાં કારુઆના સામે ક્લાસિકલ ગેમ્સમાં પ્રજ્ઞાનાનંદ ૩-૯થી પાછળ હતા અને ૬ પોઈન્ટનો મોટો તફાવત હતો. પરંતુ તેમણે અદ્ભુત કમબેક કરીને રેપિડ સેક્શનની બંને ગેમ્સ જીતી સ્કોર સરભર કર્યો હતો. ત્યારબાદ બ્લિટ્ઝ સેક્શનમાં ૪-૪ની બરાબરી જાળવી રાખીને આખરે ૧૫-૧૩થી ફાઈનલ સર કરી હતી. આ પહેલાં સેમિફાઈનલમાં તેમણે જર્મનીના વિન્સેન્ટ કીમરને આસાનીથી પરાજય આપ્યો હતો.ગ્રાન્ડ ચેસ ટૂર પહેલાં આ જ સીઝનમાં પ્રજ્ઞાનાનંદે નોર્વેના ઓસ્લો ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત નોર્વે ચેસ ટૂર્નામેન્ટમાં ઈતિહાસ રચ્યો હતો. આ એક એવી સિદ્ધિ છે જે ભારતના મહાન ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદ પણ હાસલ કરી શક્યા નહોતા. ટૂર્નામેન્ટના છઠ્ઠા રાઉન્ડ સુધી પ્રજ્ઞાનાનંદ લીડરબોર્ડમાં સૌથી નીચેના સ્થાને હતા, પરંતુ ત્યાંથી તેમણે રમતનો પાસો પલટી નાખ્યો હતો.ત્યારબાદ તેમણે સતત ચાર ક્લાસિકલ મેચોમાં અલિરેઝા ફિરોઝજા, વિશ્વ નંબર-૧ મેગ્નસ કાર્લસન, વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ અને વિન્સેન્ટ કીમરને હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. ખાસ કરીને વિશ્વના નંબર-૧ ખેલાડી મેગ્નસ કાર્લસનને ક્લાસિકલ ફોર્મેટમાં બે વાર હરાવવાની સિદ્ધિએ સમગ્ર ચેસ જગતને સ્તબ્ધ કરી દીધું હતું.

### ભારતીય ચેસનો સુવર્ણ યુગ

પાંચ વારના વિશ્વ ચેમ્પિયન વિશ્વનાથન આનંદના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા પ્રજ્ઞાનાનંદ આજે ભારતના લાખો યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. એક જ ઉનાળામાં નોર્વે ચેસ અને ગ્રાન્ડ ચેસ ટૂર જેવા બે સૌથી કઠિન અને પ્રતિષ્ઠિત ટાઈટલ જીતીને તેમણે સાબિત કરી દીધું છે કે ભારતીય ચેસ હવે વિશ્વ સ્તરે પ્રભુત્વ ધરાવે છે.આ ભવ્ય વિજય સાથે પ્રજ્ઞાનાનંદે આગામી વર્ષની ગ્રાન્ડ ચેસ ટૂરમાં પોતાની સીધી એન્ટ્રી પણ નિશ્ચિત કરી લીધી છે. ૨૬૦૦થી વધુ એલો રેટિંગ ધરાવતા ભારતના યુવા ખેલાડીઓ નિર્ભયતાથી વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સામે રમી રહ્યા છે, અને પ્રજ્ઞાનાનંદની આ સફળતા ભારતીય ચેસના આ સુવર્ણ યુગનું સૌથી ઝળહળતું પ્રકરણ છે.



# અકસ્માતના સાત કેસમાં મૃતકોના પરિવાર અને ઈજાગ્રસ્તોને ૮૫ લાખનું વળતર મંજૂર

## છ માસના ટૂંકા ગાળામાં ન્યાયઃ ૩ મૃતકોના વારસોને ૭૦ લાખ અને ૪ ઈજાગ્રસ્તોને ૧૫ લાખનું વળતર

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં દાખલ થયેલા અકસ્માતના અલગ અલગ સાત બનાવમાં લોક અદાલત દ્વારા જંગી વળતર મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં ચાર અકસ્માતમાં ઈજા પામનારને અને ત્રણ મૃતકોના પરિવારને છ માસના ટૂંકા ગાળામાં રૂપિયા ૮૫ હજારનું વળતર મંજૂર કરવામાં આવ્યું છે.

વધુ વિગત મુજબ અલગ-અલગ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર અને ઈજા ગ્રસ્તો દ્વારા અકસ્માત વળતર મેળવવા માટે રાજકોટની ટ્રીબિનલમાં ક્લેમ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલી અદાલતમાં ફરિયાદી અને વીમા કંપનીના વકીલો સાથે સાત કેસમાં સમાધાન સમાધાન થતા મૃતકોના વારસો ને તેમજ અકસ્માતમાં ઘવાયેલા લોકોને રૂપિયા ૧૫ લાખનું વળતર મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં મૃતક માલદેભાઈ ભાયાભાઈ ભૂતિયા સંજયભાઈ ભુરાભાઈ જાદવ અને વિશાલ લાખાભાઈ મકવાણા ના પરિવારને ૭૦ લાખ અને અકસ્માતમાં ઈજા પામનાર સબીર નવઘણ જગાભાઈ ઝાપડા રઘુભાઈ પોપટભાઈ ઝાપડા ગોરધનભાઈ નરસિંહભાઈ ઝાપડિયા અને સામંતભાઈ જીવનભાઈ ભરવાડ સહિત ઘવાયેલાઓને રૂપિયા ૧૫ લાખનો ક્લેમ કેસ મંજૂર કરાવી ટૂંકા ગાળામાં ન્યાય અપાવ્યો છે. અકસ્માત વળતર ક્લેમ કેસમાં મૃતકોના વારસો તેમજ ઈજાગ્રસ્તો વતી એડવોકેટ તરીકે માનવ ચાવડીયા અને કલ્પેશ વાઘેલા રોકાયા હતા.

# વિશાખા ક્રેડિટ કો-ઓપ સોસાયટીના ચેક રિટર્ન કેસમાં મહિલા ડિફોલ્ટરને એક વર્ષની જેલ

## વિશ્વાસની કડી તૂટીઃ એડવોકેટ અનિરૂદ્ધ નથવાણીની દલીલ માન્ય, ચેક વ્યવહાર એ સભાસદ અને સંસ્થા વચ્ચે વિશ્વાસનું પ્રતીક હોવાનું કોર્ટે નોંધ્યું



**અબતક, રાજકોટ**

વિશાખા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાંથી લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે મહિલા ડિફોલ્ટરને એક વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવવા હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં રહેતા ગંગાબેન જગદીશભાઈ સોઢાએ વિશાખા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાંથી સભાસદ તરીકે લોન લીધી હતી. જે લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ બાકીદારને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા મંડળીના મેનેજર વિશાલભાઈ વાઘેલા દ્વારા અદાલતમાં નેગોશિએબલ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરાઈ હતી.કેસની સુનાવણી ચાલવા પર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સોસાયટીના એડવોકેટ અનિરુદ્ધ નથવાણી દ્વારા કાયદાકીય રજૂઆત કરાઈ હતી કે સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ તેના સભાસદોમાં બચતની ભાવના શરાફી વ્યાજના દરે ધિરાણ મળે તેવો છે. ચેક વ્યવહાર સભાસદો અને સંસ્થા વચ્ચે વિશ્વાસની કડી સમાન છે. ફરિયાદ નિઃશંકપણે સાબિત કરેલ છે.તે રજૂઆતોમાં તથ્યતા જણાતા જજ જે એ પટેલ દ્વારા આરોપી ગંગાબેન સોઢા ને એક વર્ષની જેલની સજા જો એક માસમાં રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સજાનો હુકમ કરાયો છે.

ફરિયાદી વતી એડવોકેટ અનિરુદ્ધ નથવાણી, દિવ્યેશ ફડીયા, દર્શિત સોલંકી, દર્શિત પાટડીયા અને ધાર્મિલ પોપટ રોકાયા હતા.

# કચ્છ જિલ્લામાં ચાર સ્થળોએ જુગાર રમતા ૩૨ શકુની ઝડપાયા

## અંજારના મેઘપર કુંભરડી, વર્ષામેડી અને ગાંધીધામમાં પોલીસે દરોડા પાડી રૂા. ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ જિલ્લામાં ચાર સ્થળોએ પોલીસે જુગારના દરોડા પાડી ૩૨ શખ્સોની ધરપકડ કરી છે. જેમાં અંજારના મેઘપર કુંભારડી, વર્ષામેડી અને ગાંધીધામ શહેરના કૈલાશ નગરની ઝુપડપટ્ટી તેમજ ગુરૂકુળ વિસ્તારમાં પોલીસે દરોડા પાડી જુગારના પટ્ટમાંથી રોકડા ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



ગાંધીધામમાં જુગારની પ્રવૃત્તિ સામે એ ડિવીઝન પોલીસે ગળપાદર જિલ્લા જેલ પાછળ કૈલાશનગર ઝૂંપડપટ્ટી નજીક ખુલ્લી જગ્યામાંથી છ આરોપીઓ રમેશભાઈ દેવાભાઈ પરમાર , સુરેશભાઈ નરશીભાઈ કોલી , મનોજભાઈ મશરાજી ભીલ , ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ ઠાકોર, રાજુભાઈ મંગળાજી માજીરાણા અને જયદીપ રમેશભાઈ પરસોડા ઝડપાયા હતા. તેમની પાસેથી રૂા.૧૧,૨૧૦ રોકડા અને ગંજીપાના ૫૨ નંગ કબજે કરવામાં આવ્યા હતા.

બીજી કાર્યવાહી ગુરુકુળ વિસ્તારના વોર્ડ નં. ૧૦-બી/સી નજીક પંકજભાઈ દેવાભાઈ બારોટ , ભરતકુમાર મનસુખભાઈ સોલંડી, રાજુ પ્રહલાદભાઈ તુરી (બારોટ), હરેશ નટવરલાલ સોલંકી, હિતેષ શંકરભાઈ બારોટ, સંજય રમેશભાઈ તુરી , પ્રકાશ બચુભાઈ રાઠોડ, અજય પુંજાભાઈ રાઠોડ, પંકજ સાગરભાઈ સોલંકી, વલકેશ ઈશ્વરભાઈ સોલંકી,ગૌતમ મલાભાઈ બારોટ,ગિરીશ પુંજાભાઈ બારોટ અને રાહુલ દલસુખભાઈ બારોટને રોકડ રકમ ૩૩,૫૩૦ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

આ કામગીરી એ ડિવિઝન પીઆઈ એમ.જે રાઠોડ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

મેઘપર કુંભારડી ખાતે આવેલી મેઘમાયા સોસાયટીમાં જુગાર રમતા રાજેશ કાનજીભાઈ બુચીયા,અમૃતભાઈ વજાભાઈ બારોટ,અરવિંદભાઈ મણીલાલ સીજુ ,દિપક કનૈયાલાલ ભદરૂ,જુસબશા અલીશા શેખ,કાંતીલાલ શામજીભાઈ ઘુડાર,પ્રવીણભાઈ ખેતશીભાઈ ઠક્કર અને હમીરભાઈ આતુભાઈ ધેડાને ઝડપી રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૭૧,૬૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત વર્ષામેડી ગામની સાંઈ આશિષ સોસાયટીમાં જુગાર રમતા હિરેન શશીકાન્ત જોષી,ખેતા રામજી ભીલ,પૃથ્વીરાજસિંહ ઉર્ફે કાનો નોગુભા જાડેજા,અકરમ સિધીક જીયેજા અને જીત્તેશ રણમલ અખીયાણીને ઝડપી રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૩૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# સોમનાથ મહાદેવના અલૌકિક 'ચંદ્ર દર્શન શૃંગાર'



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ એ જ પાવન ભૂમિ છે જ્યાં પ્રજાપતિ દક્ષના શાપથી ક્ષય રોગગ્રસ્ત થયેલા ચંદ્રદેવને ભગવાન શિવજીએ કૃપાદ્રષ્ટિથી મુક્તિ આપી હતી અને પોતાના મસ્તક પર ધારણ કરી અમૃતવર્ષા દ્વારા તેમનું તેજ પુનઃ સ્થાપિત કર્યું હતું. શિવજીની આ કૃપાથી ચંદ્રદેવ પ્રતિમાસ કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થઈને પણ શુક્લ પક્ષમાં સોમનાથ મહાદેવની કૃપાથી ફરી પૂર્ણ તેજ પ્રાપ્ત કરે છે.

ભગવાન શિવજી પ્રત્યે ચંદ્રદેવની ભક્તિ અને કૃતજ્ઞતા દર્શાવતી પ્રતિકૃતિ શિવલિંગ પર કલાત્મક રીતે તૈયાર કરવામાં આવી હતી. આ શૃંગાર દર્શન દ્વારા ચંદ્રદેવની જેમ જ સમસ્ત ભક્તોના દુઃખ અને કષ્ટો દૂર થાય તેમજ સૌના જીવનમાં સુખ, શાંતિ અને શીતળતા પ્રસરે તેવી મંગલ કામના કરવામાં આવી હતી.

# કબીરવન શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર

## ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ અને ઉત્તમ કામગીરી બદલ રાજકોટ મહાનગરપાલિકાને વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ

**અબતક,રાજકોટ**

વોર્ડ નં. ૬, સંતકબીર રોડ ખાતે આવેલ કબીરવન શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને નિયત ૧૨ ગુણવત્તાસભર સેવાઓના માપદંડોમાં ૯૫.૨૬ ટકા ગુણ સાથે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ રાજકોટ શહેરમાં નાગરિકોને આપવામાં આવતી આરોગ્ય સેવાઓની ગુણવત્તા, કાર્યક્ષમતા અને દર્દીકેન્દ્રિત અભિગમના ઉન્નત સ્તરને પ્રદર્શિત કરે છે.કબીરવન શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ભારત સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલી નિષ્ણાત ટીમ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ વિવિધ સેવાઓ અને સુવિધાઓનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકન દરમિયાન આરોગ્ય કેન્દ્ર દ્વારા આપવામાં આવતી પ્રાથમિક આરોગ્ય ચકાસણી, માતૃત્વ સંબંધિત સેવાઓ, ગર્ભવતી મહિલાઓ માટે સક્રિય દેખરેખ અને સલાહ, બાળકોના સંપૂર્ણ વિકાસ માટેની આરોગ્ય સેવાઓ, ચેપી તથા બિનચેપી રોગોનું નિદાન અને સારવાર, ઈમરજન્સી આરોગ્ય સેવાઓ તેમજ શાળાના બાળકો માટે આરોગ્ય તપાસ અને સારવાર સહિતની સેવાઓની ગુણવત્તા ચકાસવામાં આવી હતી.

આ ઉપરાંત દર્દીકેન્દ્રિત સેવાઓની ઉપલબ્ધતા, જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા, સ્ટાફની કામગીરી, કર્મચારીઓનું જ્ઞાન અને સમજણ, વિવિધ આરોગ્ય સેવાઓ અંગેની જાણકારી તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે ગુણવત્તાસભર સેવા પૂરી પાડવા માટેના જરૂરી તમામ માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ કબીરવન શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. હેમાંગ રાવલ તેમજ કેન્દ્રના તમામ કર્મનિષ્ઠ અને સમર્પિત કર્મચારીઓની કાર્યક્ષમતા, સંકલિત કામગીરી અને અથાગ મહેનતનું પરિણામ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને વધુ ગુણવત્તાસભર અને અસરકારક આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સતત વિવિધ સ્તરે કામગીરી કરવામાં આવી રહી છે.

# રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટ ખાતે કર્મચારીઓને ક્લોરિન લીકેજમાં બચાવ અંગે કરાયા માહિતગાર

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની પાણી પુરવઠા વ્યવસ્થામાં સલામતી અને તકેદારીને વધુ સુદ્દઢ બનાવવા તેમજ આકસ્મિક ક્લોરીન લીકેજની પરિસ્થિતિને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય તે હેતુસર તાજેતરમાં વેસ્ટ ઝોન અંતર્ગતના રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટ ખાતે ક્લોરીન લીકેજ અટકાવવા અંગેનું વિશેષ ટ્રેનિંગ સેશન યોજવામાં આવ્યું હતું.

આ તાલીમ સેશનમાં વોટર મેનેજમેન્ટ યુનિટ તથા રામાપીર ચોક ફાયર સ્ટેશનના સ્ટાફને ક્લોરીન લીકેજની પરિસ્થિતિમાં જરૂરી સલામતીના પગલાં તથા લીકેજને નિયંત્રિત કરવાની વિવિધ પદ્ધતિઓ અંગે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. ક્લોરીન જેવી સંવેદનશીલ સામગ્રીના લીકેજ સમયે તાત્કાલિક અને સલામત રીતે કામગીરી કરી શકાય, કર્મચારીઓમાં જરૂરી તકેદારી અને કાર્યક્ષમતા વધે તેમજ કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તે હેતુથી આ પ્રકારની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દ્વારકાધીશ મંદિરની ધજા ચડાવવાની ડુપ્લીકેટ પહોંચ "ધાબડનારો" ઝડપાયો

## જ્ઞાતિ સંસ્થાના નામે કથિત ખોટી પહોંચ બનાવી તેમાં ખોટી સહી કરી સાચી તરીકે ઉપયોગ કરનાર શિવમ ઠાકરની ધરપકડ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ મંદિરના શિખરે ધ્વજાજી ચડાવવા માટે જ્ઞાતિ સંસ્થાના નામની કથિત બનાવટી પહોંચથી રૂ.૧.૦૨ લાખ મેળવ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે ટી.વી. સ્ટેશન વિસ્તારમાં રહેતા શિવમ દિપકભાઈ ઠાકરની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

બરડીયા ગામના ધવલભાઈ વિનોદભાઈ દેવપુરારીની ફરિયાદ મુજબ, આરોપીએ મહિલા સાહેદને દ્વારકાધીશ મંદિરના શિખરે ધ્વજાજી ચડાવવાના નામે વિશ્વાસમાં લીધાં હતાં. આરોપીએ સમસ્ત ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારકા સંસ્થાના નામની કથિત ખોટી અને બનાવટી પહોંચ બનાવી, તેમાં ખોટી સહી કરી સાચી તરીકે ઉપયોગ કર્યાનો આરોપ છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ધ્વજાજીની બે પહોંચ પેટે રૂ.૫૧,૦૦૦ લેખે કુલ રૂ.૧,૦૨,૦૦૦ મેળવી આર્થિક લાભ લીધો હતો. આ રીતે સાહેદ તથા જ્ઞાતિ સંસ્થા સાથે કથિત વિશ્વાસઘાત અને છેતરપિંડી આચર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

દ્વારકા પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૧૮, ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૬(૪), ૩૩૮ અને ૩૪૦ હેઠળ ગુનો નોંધ્યો છે. ૨૭ ઓગસ્ટે બપોરે ૩:૩૦ વાગ્યે ગુનો નોંધાયા બાદ પોલીસે એ જ રાત્રે ૯:૧૦ વાગ્યે આરોપીની અટક કરી હતી. પો.સબ.ઈન્સ. નરેન્દ્રસિંહ સુરુભા ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૯૫૪ | ૬૨૫ | ૧૨૯૨ |
| પપૈયા | ૧૧ | ૨૦૫ | ૪૧૪ |
| બટેટા | ૪૫૬૦ | ૮૨ | ૨૯૩ |
| ડુંગળી સુકી | ૧૬૧૪ | ૪૫૦ | ૮૭૧ |
| ટમેટા | ૨૬૫૧ | ૨૮૧ | ૪૯૦ |
| સુરણ | ૫ | ૮૩૧ | ૧૦૨૬ |
| કોથમરી | ૪૦૭ | ૯૫ | ૧૫૪ |
| મુળા | ૨૦ | ૨૨૯ | ૪૧૭ |
| રીંગણા | ૪૨૯ | ૨૫૪ | ૪૪૧ |
| કોબીજ | ૧૭૫ | ૨૩૧ | ૩૨૪ |
| ફ્લાવર | ૫૪ | ૨૦૭ | ૪૮૦ |
| ભીંડો | ૩૧૮ | ૬૨૬ | ૮૩૧ |
| ગુવાર | ૨૧૫ | ૮૧૪ | ૧૦૨૭ |
| ચોળાસીંગ | ૫૭ | ૪૪૧ | ૬૨૨ |
| વાલોળ | ૧૩ | ૭૨૭ | ૯૮૯ |
| ટીંડોળા | ૨૮ | ૪૧૧ | ૭૩૨ |
| દુધી | ૩૩૭ | ૨૪૧ | ૩૯૦ |
| કારેલા | ૧૩૩ | ૨૧૮ | ૩૯૨ |
| સરગવો | ૪૧ | ૬૧૭ | ૧૨૫૫ |
| તુરીયા | ૪૮ | ૨૪૧ | ૪૧૭ |
| પરવર | ૩૫ | ૮૦૫ | ૧૦૪૨ |
| કાકડી | ૪૨૬ | ૩૧૪ | ૫૨૧ |
| ગાજર | ૮૫ | ૩૦૫ | ૪૬૨ |
| વટાણા | ૫ | ૧૦૪૮ | ૨૪૧૪ |
| કંટોળા | ૧૦ | ૧૫૯૩ | ૨૦૬૨ |
| ગલકા | ૨૦૩ | ૧૫૪ | ૩૦૨ |
| બીટ | ૮ | ૩૧૧ | ૫૦૭ |
| મેથી | ૫૧ | ૩૭૫ | ૬૦૭ |
| વાલ | ૧૨ | ૮૨૧ | ૧૧૩૭ |
| ડુંગળી લીલી | ૯ | ૭૪૧ | ૯૭૨ |
| આદુ | ૩૨ | ૧૨૫૪ | ૨૯૩૩ |
| મરચા લીલા | ૧૩૫૧ | ૩૯૨ | ૬૪૧ |
| મગફળી લીલી | ૧૫૩ | ૬૧૧ | ૮૨૨ |
| મકાઈ લીલી | ૧૩૯ | ૨૪૧ | ૪૪૩ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૮૦ | ૧૬૪૮ | ૧૯૯૩ |
| ઘઉં લોકવન | ૧૪૦ | ૪૮૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૬૬૦ | ૫૦૫ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૧૧૦ | ૧૧૦૦ | ૧૩૦૬ |
| જુવાર લાલ | ૨ | ૧૧૪૦ | ૧૧૪૦ |
| જુવાર પીળી | ૫૦ | ૪૧૬ | ૫૬૦ |
| બાજરી | ૭૫ | ૩૬૦ | ૪૭૬ |
| તુવેર | ૨૪૦ | ૧૨૫૦ | ૧૬૫૦ |
| ચણા પીળા | ૩૦૦ | ૧૦૦૧ | ૧૨૪૪ |
| ચણા સફેદ | ૭૦૦ | ૧૨૩૧ | ૧૮૦૫ |
| અડદ | ૧૬ | ૮૦૦ | ૧૦૦૦ |
| મગ | ૯૪ | ૭૦૦ | ૧૫૧૧ |
| વાલ દેશી | ૪ | ૬૦૦ | ૭૮૦ |
| ચોળી | ૩૫ | ૧૦૫૦ | ૧૪૨૫ |
| વટાણા | ૨૪૦ | ૬૦૦ | ૮૮૧ |
| રાજમા | ૧૬ | ૧૭૭૫ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૧૦૦ | ૧૬૫૫ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૨૦૦ | ૧૩૩૦ | ૧૫૧૮ |
| મગફળી જીણી | ૧૦૦ | ૧૨૫૦ | ૧૫૦૫ |
| તલી | ૫૬૦ | ૨૦૫૦ | ૨૪૨૩ |
| એરંડા | ૪૬૦ | ૧૩૧૧ | ૧૪૫૭ |
| અજમો | ૨ | ૧૫૦૦ | ૨૯૦૦ |
| સોયાબીન | ૫૦ | ૧૧૪૦ | ૧૨૫૦ |
| સીંગફાડા | ૨૦૦ | ૧૩૫૦ | ૧૮૦૦ |
| કાળા તલ | ૫૬૦ | ૨૩૦૦ | ૩૫૬૫ |
| લસણ | ૭૦૦ | ૧૦૬૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૬ | ૨૭૩૦ | ૨૯૬૦ |
| ધાણી | ૨૦ | ૨૮૦૦ | ૩૦૩૦ |
| વરીયાળી | ૧૬ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૬૨૦ | ૩૫૬૦ | ૩૯૩૦ |
| રાય | ૫૦ | ૧૩૬૦ | ૧૭૯૦ |
| મેથી | ૫૦ | ૮૫૦ | ૧૭૬૦ |
| કલોંજી | ૬૦ | ૩૪૦૦ | ૩૬૦૯ |
| રાયડો | ૭૦ | ૧૨૬૦ | ૧૪૮૧ |
| રજકાનું બી | ૩૦ | ૭૦૦૦ | ૮૭૦૦ |
| ગુવારનું બી | ૨૫ | ૧૦૦૦ | ૧૨૦૦ |

# કાંગશિયાળીની કલ્પવન સોસાયટીમાંથી જુગારધામ ઝડપાયું

## પારડી અને પડધરીના ખોડાપીપર સહિત ત્રણ સ્થળોએ જુગાર રમતા ૨૨ ઝડપાયા : ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ત્રણ સ્થળોએ જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં લોધીકા તાલુકાના કાંગશિયાળી ગામની સીમમાં આવેલ કલ્પવન સોસાયટીમાંથી જુગારધામ ઝડપાયું છે. જ્યારે પારડી અને પડધરીના ખોડાપીપર ગામે જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. પોલીસે ૨૨ શખ્સોની ધરપકડ કરી ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. વધુ વિગત મુજબ સાતમ-આઠમ પૂર્વે જિલ્લામાં ઠેર ઠેર જુગારની બાજીઓ મંડાણી છે. તેને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસ વડા એસ.પી. વિજયસિંહ ગુર્જરે આપેલી સુચનાને પગલે શાપર-વેરાવળ પોલીસ મથકના પી.આઈ. આર.બી. રાણા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે કાંગશિયાળી ગામની સીમમાં આવેલ કલ્પવન સોસાયટીના એપ્લાન્ટીસ હાઈટ્સમાં રહેતા ભાર્ગવ રાજેશ ડેડકિયા જુગાર રમાડતા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ વી.જી. જેઠવા અને એએસઆઈ ડી.આર. સરવૈયા સહિતના સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા ભાર્ગવ ડેડકિયા, દિપક ગોપાલ મારડિયા, મયુર કાંતિ ઘોડાસરા, જયેશ ચંદુ કાલરિયા, નિકુંજ ચિમન ટાંક, ધવલ કાંતિ દેલવાડિયા, કિશન મનસુખ બુટાણી, ચિરાગ દિનેશ પરમાર અને ભાવિન વિનુ આંબલિયાળાની ધરપકડ કરી રોકડ અને મોબાઈલ મળી ૩૮,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે પાલડી-પડવલા રોડ ઉપર આવેલ વેલનાથ સોસાયટીમાં જુગાર રમતો રોહિત વાલજી રાઠોડ, સુજલ વજુ વેગડા, અનિલ પ્રેમજી ભાસ્કર, ભૌતિક નરસી પરમાર, રાજેશ દેવશી ભાસ્કર અને મિલન જીતેન્દ્ર બાબરિયાની ધરપકડ કરી રોકડ અને પાંચ મોબાઈલ મળી ૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



જ્યારે પડધરી તાલુકાના ખોડાપીપર ગામમાં જાહેરમાં જુગાર રમતા રાજેશ નાથા પીપળિયા, દિનેશ વરજાંગ રબારી, અનિલ અમરશી પીપળિયા, વિપુલ મોહન પટેલ, રવિ દિનેશ પટેલ, નરેન્દ્ર મગન સિંગાળા, નવનીત પ્રેમજી પીપળિયા અને પ્રવિણ ભીખા પટેલની ધરપકડ કરી રૂા. ૩૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# સાતમ-આઠમ પછી ૬ થી ૧૦ સપ્ટેમ્બર સાર્વત્રિક વરસાદની આશ: હવામાન શાસ્ત્રીઓની આગાહી

## ચોમાસાની સિસ્ટમમાં થોડો સુધારો: આગામી એક સપ્તાહ સુધી માત્ર સામાન્ય ઝાપટા વરસશે, રાજ્યમાં ૭૫.૨૮ ટકા વરસાદ

### ચોમાસામાં ઉનાળા જેવી ગરમી પારો ૩૫ ડિગ્રીએ આંબી ગયો

ચોમાસાની સિઝનમાં વાતાવરણમાં ઠંડક અનુભવાતી હોય છે પરંતુ આ વર્ષે સંતોષકારક વરસાદના અભાવે રાજ્યભરમાં ચોમાસામાં ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આગામી પાંચ દિવસ સુધી વાદળછાંયુ વાતાવરણ છવાયેલું રહેશે. જેના કારણે મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળશે. શુક્રવારે કંડલા એરપોર્ટ પરનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજકોટનું તાપમાન પણ ૩૪.૯ ડિગ્રી રહેવા પામ્યું હતું. અમદાવાદનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૩.૧ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૧.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૪.૭ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૯.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૨.૫ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૪.૧ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયું હતું.

**અબતક, રાજકોટ**

અનરાધાર મેઘ મહેરની વાટ જોઇ રહેલા સૌરાષ્ટ્ર - કચ્છના લોકો માટે થોડા સારા સમાચાર મળી રહ્યા છે. સાતમ - આઠમના તહેવાર પછી આવતા સપ્તાહના અંતે ૬ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સંભાવના જણાય રહી છે. હજી એક સપ્તાહ સુધી રાજ્યના છુટા છવાયા વિસ્તારોમાં હળવા ઝાપટા વરસતા રહેશે. નોંધપાત્ર વરસાદની કોઈ જ સંભાવના નથી. રાજ્યમાં આજ સુધીમાં ૭૫.૨૮ ટકા વરસાદ વરસી ગયો છે.



આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૧ તાલુકામાં હળવા ઝાપટા પડ્યા હતા. કપરાડા, ઉમરગામ, ડાંગ-આહવા, સુબીર, પારડી, વાપી, મહુવા, ધરમપુર, ખેરગામ, વલસાડ અને નાના પોંઢામાં ઝાપટા વરસ્યા હતા. હાલ લો-પ્રેશર સક્રિય છે પણ બહુ મજબૂત નથી. જેના કારણે રાજ્યમાં સાર્વત્રિક વરસાદની કોઈ જ શકયતા નથી. છુટા છવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડશે. ચોમાસાની સ્થિતિમાં થોડો સુધારો દેખાય રહ્યો છે. જેના કારણે આગામી એક સપ્તાહ બાદ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સંભાવના દેખાય રહી છે. સાતમ - આઠમના તહેવાર બાદ એટલે કે આગામી ૬ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની શકયતા હવામાન નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં ચાલુ સાલ ચોમાસાની સિઝનનો કુલ ૭૫.૨૮ ટકા વરસાદ આજ સુધીમાં વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં સૌથી ઓછો ૨૯.૨૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૬.૨૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૪.૯૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૬.૦૧ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૦૩.૪૯ ટકા વરસાદ વરસી ગયો છે.

રાજ્યના ૩ તાલુકામાં બે ઈંચ સુધી પણ વરસાદ પડ્યો નથી. ઓગસ્ટ માસમાં માત્ર ૯૬.૪૩ મીમી વરસાદ પડ્યો છે. ઓગસ્ટ મહંદઅંશે કોરો ધ્રાકોડ રહેવાના કારણે વાવણી નિષ્ફળ ગઈ છે. જળાશયોની હાલત પણ ચિંતાજનક છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૮૬.૩૫ ટકા ભરાય ગયો છે. ડેમની સપાટી ૪૪૧.૪ ફૂટે પહોંચી જવા પામી છે. અન્ય ૨૦૬ ડેમ પૈકી માત્ર ૨૮ ડેમ જ ઓવરફ્લો થયા છે. જ્યારે ૩૨ ડેમોમાં ૭૦થી લઈ ૧૦૦ ટકા સુધી પાણી છે. ૨૮ ડેમમાં ૫૦થી ૭૦ ટકા સુધી, ૪૫ ડેમમાં ૨૫થી ૫૦ ટકા સુધી અને ૭૩ જળાશયોમાં માત્ર ૨૫ ટકા જ પાણી છે. વાતાવરણ વાદળછાંયુ રહે છે પણ મેઘરાજા વરસતા નથી. ગુજરાત પરથી ચોમાસાના વાદળો ગાયબ થઈ ગયા છે.

વરસાદની ઘટની સ્થિતિમાં રાજ્ય સરકાર પશુપાલકો અને પશુધનની સુરક્ષા માટે સંપૂર્ણ

(અનુ. આઠમા પાને)

# બોળ ચોથ સાથે સોમવારથી સાતમ આઠમના તહેવારોની શ્રૃંખલાનો આરંભ

## સૌરાષ્ટ્રમાં હવે તહેવારોની રંગત દેખાવા લાગી: મંગળવારે નાગ પાંચમ, બૂધવારે રાંધણ છઠ્ઠ, ગુરૂવારે શિતળા સાતમ અને શુક્રવારે જન્માષ્ટમી




**અબતક, રાજકોટ**

ઉત્સવ પ્રેમી સૌરાષ્ટ્રની જનતાની બીજી દિવાળી એટલે સાતમ-આઠમનો તહેવાર આગામી સોમવારે બોળ ચોથ સાથે જન્માષ્ટમી પર્વ શ્રૃંખલાનો આરંભ થઈ જશે સૌરાષ્ટ્રમાં હાલ તહેવારોનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાક માર્કેટીંગ યાર્ડમાં આજથી જ રજા પડી ગઈ છે. જ્યારે કેટલાકમાં આગામી મંગળવારથી સાતમ આઠમના તહેવારની રજા પડશે. તહેવારોની રોનક પણ દેખાય રહી છે. ચોકે ચોકે શણગાર અને શાનદાર રોશની ઉભી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં દિવાળી, જન્માષ્ટમી અને ઉતરાયણ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. સાતમ આંમના પર્વની ત્રણથી ચાર દિવસ સુધી ઉજવણી કરવામાં આવતી હોય છે. ગઈકાલે શુક્રવારે રક્ષા બંધનની ઉજવણી કરવામાં આવી હતી. શનિ-રવિવાર હોવાના કારણે હવે લોકો તહેવારના મૂડમાં આવી ગયા છે. એક તીથીનો ક્ષય હોવાના કારણે આગામી સોમવારે બોળચોથની ઉજવણી કરવામાં આવશે બોળચોથ સાથે જ સાતમ આઠમના તહેવારોની શ્રૃંખલાનો આરંભ થઈ જશે. બોળચોથના દિવસે પરિણીત મહિલાઓ ગૌ માતાનું પૂજન કરતી હોય છે. બાજરાનો રોટલો અને બાફેલા મગનું શાક ખાઈને આખો દિવસ આરાધના કરવામાં આવે છે. મંગળવારે નાગ પાંચમની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે નાગ દેવતાની પુજા કરવામાં આવે છે. બુધવારે રાંધણ છઠ છે આ દિવસે મહિલાઓ દ્વારા આખો દિવસ વિવિધ પ્રકારના પકવાન બનાવવામાં આવે છે. ત્યારબાદ રાતે

(અનુ. આઠમા પાને)

# જુવેનાઈલ ડાયાબિટીસ ધરાવતા બાળકોને આજીવન નિ:શૂલ્ક ઈન્સ્યુલીન અપાશે

## નિ:શુલ્ક ઇન્સ્યુલીનની પહેલ 'દીકરીની રક્ષા અને દીકરીના સ્વાસ્થ્ય' પ્રત્યેની ભાજપાની પ્રતિબદ્ધતાનું પ્રતીક: ગૃહમંત્રી અમિત શાહ



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે રક્ષાબંધન પર્વની ઉજવણી ટાઈપ ૧ જુવેનાઈલ ડાયાબિટીગ્રસ્ત બાળકીઓ સાથે કરી હતી. રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બાળાઓએ શ્રી શાહને રક્ષાસૂત્ર બાંધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બાળકીઓ ટાઈપ ૧ ડાયાબિટીસગ્રસ્ત હોય તેમને જીવનભર ઈન્સ્યુલિનનાં ઈન્જેકશન લેવા જરૂરી બન્યા છે. આ પ્રકારની આરોગ્ય સમસ્યાઓના નિવારણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૩૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨.૦ હેઠળ બાળકોમાં ડાયાબિટીસ મેલિટસ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

આ પ્રકારની સમસ્યામાં આજીવન ઈન્સ્યુલિનના

(અનુ. આઠમા પાને)



# રાજકોટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે એસ.ટી. દોડાવશે એસી લકઝરી બસ

## ભાડુ ૭૪૭ રૂપીયા: રાત્રે ૯.૩૦ કલાકે રાજકોટથી એસી બસ ઉપડી સવારે ૬ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહોંચશે



**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા આજથી પાંચ નવી એસી સીટર લકઝરી બસ સેવાનો આરંભ કરવામાં આવશે. રાજકોટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એસટી નિગમ દ્વારા એસી સીટર લકઝરી બસ દોડાવશે રાજકોટ દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ આ નવી સેવાનો આરંભ કરાવ્યો હતો.

રાજકોટ બસ પોર્ટ પરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે રોજ રાત્રે ૯.૩૦ કલાકે એસટી નિગમ દ્વારા એસી સીટર લકઝરી બસ દોડાવવામાં આવશે જે રાજકોટથી ઉપડી વાયા નડિયાદ, આણંદ, બરોડા અને ડભોઈ હોલ્ડ કર્યા બાદ વહેલી સવારે ૬ કલાકે સ્ટેચ્યુઓફ યુનિટી ખાતે પહોચશે જયારે બપોરે ૪ કલાકે સ્ટેચ્યુઓફ યુનિટી ખાતેથી આ બસ રાજકોટ ખાતે ઉપડશે




(અનુ. આઠમા પાને)

# ટ્રાન્સપોર્ટર ફારૂક મૌલાનાને મેડિકલ સર્ટિફિકેટ આપનાર તબીબ સામેની કાર્યવાહી પર રોક

## હત્યા અને ખંડણીના ગુનામાં સંડોવાયેલા આરોપીને જામીન અપાવવા બોગસ સર્ટિફિકેટ આપ્યાનું માની સેશન્સ કોર્ટએ મેડિકલ કાઉન્સિલને તબીબ સામે પગલાં લેવા આદેશ આપ્યો'તો હાઈકોર્ટનો સ્ટે

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત મેડિકલ કાઉન્સિલ (જીએમસી)ને કેશોદના તબીબ સામે વ્યાવસાયિક ગેરવર્તણૂક બદલ કાર્યવાહી કરવાનો નિર્દેશ આપતા સેશન્સ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી છે. હત્યાના આરોપીને કામચલાઉ જામીન મેળવવા માટે ખોટા મેડિકલ સર્ટિફિકેટ જારી કરવાના આરોપસર જિલ્લા અદાલતે તબીબ સામે કાર્યવાહી કરવા આપેલા આદેશ પર ઉચ્ચ અદાલતે સ્ટે આપ્યો છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો મામલો કેશોદના કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રાજેશ સાંગાણી સાથે સંબંધિત છે, જેમણે ૩ જૂન અને ૧૯ જૂનના રોજ હત્યા અને ખંડણીના આરોપી વેરાવળના ટ્રાન્સપોર્ટર ફારુક મૌલાનાને ખોટા મેડિકલ સર્ટિફિકેટ જારી કર્યા હોવાનો આરોપ છે. મૌલાનાએ વેરાવળ સેશન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરી હતી, જ્યાં તેમણે ડૉ. સાંગાણી દ્વારા જારી કરાયેલા બે પ્રમાણપત્રો રજૂ કર્યા હતા. ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે, આરોપીની તપાસ કર્યા વિના જ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા હતા.

જામીન અરજીની સુનાવણી કરતી વખતે, એડી. સેશન્સ જજ જે જે પંડ્યાએ ડોક્ટરને નોટિસ જારી કરીને પ્રમાણપત્રોનો ખુલાસો કરવા આદેશ આપ્યો હતો. તબીબે કહ્યું હતું કે, પ્રમાણપત્રો દર્દીની સ્થિતિ અને સંબંધીઓ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે તેમના તબીબી અભિપ્રાયને પ્રતિબિંબિત કરે છે. જોકે, સેશન્સ કોર્ટે એવું માન્યું કે પ્રમાણપત્ર કેદીને જામીન આપવા માટે અપાયું હતું.

કે બાદ અદાલતે ૧૧ ઓગસ્ટના રોજ જીએમસીને ભારતીય તબીબી પરિષદ (વ્યાવસાયિક ગેરવર્તણૂક) શિષ્ટાચાર અને નૈતિકતા નિયમનો, ૨૦૨૨ હેઠળ ડૉક્ટર સામે યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે આદેશમાં કહ્યું હતું કે, ઘણી વાર એવું જોવા મળે છે કે પ્રભાવશાળી અને સાધનસંપન્ન વ્યક્તિઓ જે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ છે અને જેલમાં બંધ છે તેઓ ડૉક્ટરોની સહાય લઈને તેમની મુક્તિ સુરક્ષિત કરવા અથવા જેલમાંથી રાહત મેળવવાનો પ્રયાસ કરે છે.

તેમને તબીબી કારણોસર હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવે છે અને કેટલાક

(અનુ. આઠમા પાને)

